
ધર્મ વાહિની

# પ્રસ્તાવના

( મૂળ તેલુગુ - ના અંગ્રેજી ભાષાંતરનો ગુજરાતી તરજુમો )

પ્રશાંતિ નિલયમમાંથી પ્રકાશિત માસિક પત્રિકા "સનાતન સારથી" માટે ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ "ધર્મ વાહિની" માં લખેલા નિબંધની લેખમાળા આ નાનકડી પુસ્તિકામાં સમાયેલી છે. તે અહીં અંગ્રેજીમાં આપેલ છ, પરંતુ મૂળ તેલુગુ ભાષામાં તે વધુ સરળ અને વધુ મધુર છે એવું કહેવું જ પડે છે. ભારતીય સંસ્કૃતિના મૂળભૂત વિચારો અંગ્રેજી ભાષામાં દર્શાવવાં મુશ્કેલ છે. તે માટે ભાષાંતરકાર માટે ભાષા અજાણી છે, તેવી જ દશા છે ઘણા ખરા વાચકોની. ભાષા માટે સામાન્ય ચલણી ઘણાખરા શબ્દો માટે તેના સમાન સંતોષકારક પર્યાય તે ભાષાકોષમાં મળતાં નથી. બાબાની તેલુગુ સ્વચ્છતાની પવિત્ર ધાતુમાં સંક્ષિપ્ત સંમિશ્રણવાળો ઉપયોગ થયો હોય તો તે બદલ પાઠકો મને ક્ષમા કરશે જ.

આ પુસ્તક માટે આટલું તો કહેવું જ પડશે. આજના લાખો નરનારીઓના આચરણ માટે આ છે દિવ્ય દ્રષ્ટિગોચરનો પ્રમાણિત અવાજ જે આજના લાખો નરનારીઓના નૈતિક સાર અને આચરણને સુયોગ્ય માર્ગ બતાવે છે અને તેથી તેનો સંભાળપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક અભ્યાસ આવશ્યક છે. ભગવાને પોકારીને કહેલું છે કે જ્યારે નૈતિક માપદંડો નીચા પડી જાય છે અને મનુષ્ય તેનું ભવ્ય ધ્યેય ભૂલી જાય છે અને અવહેલનાં કરે છે – ત્યાં માનવરૂપે તે સ્વયં માનવમધ્યમાં આવીને પવિત્ર સીધા સુમાર્ગે માનવ સમાજને દોરી જાય છે. ભગવાન આવ્યા છે. જેઓને દોરવણી સ્વીકારવી છે તેને તે જરૂર દોરે છે – જે અવળે માર્ગે ચડી ગયા છે તેઓને પીછેહઠ કરી આવવા તે બોલાવી રહ્યા છે. બાબાનો પ્રેમ અને જ્ઞાન અપાર છે. તેની કૃપાને કોઈ અવરોધ નથી. તે સખ્તાઈથી કામ લેનારા સ્વામી નથી. આપણા કલ્યાણ અને સત્ય પ્રગતિ માટે તેમની કાળજી ગરકાવ કરી દે તેવી છે.

જે માતાજીનો પ્રેમ બાબાને લખાવી રહ્યો છે, પિતાજીનાં ગૌરવ જે પીઠ થાબડીને તેમાં આજ્ઞા આપી રહે છે, ગુરૂનો પ્રકાશ જે પ્રત્યેક કથનમાં પ્રભા પાથરે છે અને ભગવાનનો સર્વોત્તમ સત્યભાવ જે તમારી જાતને સેવાનું મહાન સાધન બનાવવા તમને વિશાળ થવા આમંત્રણ આપે છે- આ તમામ દિવ્ય તત્વ આ ગ્રંથમાં પ્રકાશીત થયાં છે.

૨૩ - ૧૧ - ૬૫

**એન .કસ્તુરી**
**એડીટર સનાતન સારથી**

# ધર્મ વાહિની

## ભગવાન શ્રી સત્ય સાઇબાબાનાં તેર પ્રવચનો

## પ્રકરણ ૧

મનુષ્યે પોતાની જાતને ધર્મમા સમર્પણ કરી દેવી જોઈએ અને સર્વદા ધર્મમાં પ્રવૃત્ત થઈ જીવન જીવવાથી તે પોતે શાંતિથી જીવી શકે અને જગત પણ શાંતિનો આનંદ માણી શકે. ધાર્મિક જીવન સિવાય બીજા કોઈપણ સાધનથી તેને સાચી શાંતિ મળશે નહિ. અગર ભગવાનની કૃપા તે પામશે નહિ. માનવજાતીના કલ્યાણનો પાયો ધર્મ છે. સર્વ કાળ માટે અચળ સત્ય તે છે. જ્યારે માનવજીવનને ધર્મ પરિવર્તન કરતો નથી ત્યારે જગત વેદનાગ્રસ્ત, ભયગ્રસ્ત થાય છે અને વિપ્લવના તોફાનોથી મસ્ત બને છે. જયારે ધર્મપ્રવાહ માનવ સંબધોને ઉજાસ આપવામાં નિષ્ફળ નિવડે છે, ત્યારે માનવજાત દુ:ખની રાત્રીમાં ઘેરાય છે.

ધર્મનું સાકાર સ્વરૂપ ભગવાન છે. ધર્મ દ્વારા તેની કૃપા પ્રાપ્ત થાય છે. તે સર્વદા ધર્મને પોષે છે, ધર્મને સ્થાપે છે. તે સ્વયં ધર્મ છે. વેદો શાસ્ત્રો પુરાણો અને ઇતિહાસો ધર્મનો મહિમા પોકારીને કહે છે. વિવિધ ધર્મગ્રંથોમાં મુમુક્ષઓને પરિચિત ભાષામાં ધર્મનાં વિસ્તૃત વર્ણનો હોય છે. ધર્મના સાકાર સ્વરૂપ ધર્મનારાયણનાં સર્વત્ર અને સર્વ કાળ અભિવંદન કરવાં એ પ્રત્યેક માનવનું કર્તવ્ય છે. ધાર્મિક ક્રિયાનાં ઝરણાં કદી સૂકાતાં નથી. જ્યારે તેનાં શીતળ જળ વહેતાં બંધ થાય ત્યારે વિપત્તિ અવશ્ય આવે છે જ. માનવજાત આ ભૂમિકાએ પહોંચી છે તેનું કારણ કેવળ ધર્મ છે. સરસ્વતી નદીની માફક ધર્મનાં જળ માનવજીવનનાં મૂળને પોષતાં જીવન ઝરણાંને છલકાવતાં વહેતાં જ રહે છે. માત્ર માનવો જ નહિ પરંતુ પક્ષીઓ અને પશુઓને પણ ધર્મનાં પાલન કરવાં પડે છે. જેથી તેઓ સુખ અને સુવિધામાં ટકી સુખમય જીવી શકે છે.

પરિણામે ધર્મનાં જળ સતત સંપૂર્ણપણે વહેતાં રાખવાં જરૂરી છે. જેથી વિશ્વને સુખાનુભવ મળે, વિશ્વની રંગભૂમિમાં આજે સત્યની અવહેલના થઈ રહી છે અને ધાર્મિક જીવનતત્વોમાં અશ્રદ્ધા થવા લાગી છે, તેથી સર્વનાશનાં તાંડવ થઈ રહ્યાં છે. માટે માનવે ધર્મનું સ્પષ્ટ હાર્દ સમજવું જોઈએ. પણ ધર્મ એટલે શું ? ધર્મનું સારતત્વ શું છે? માનવ - એક સામાન્ય માનવ ધર્મને વળગી રહે તો સુખરૂપ જીવન ગાળી શકે ખરો ? જીવનયાત્રામાં આવી શંકાઓ સ્વાભાવિક રીતે મનને મુંઝવે છે. તે શંકાનું સમાધાન જરૂરી છે અને અગત્યનું છે.

શબ્દ"ધર્મ" સાંભળતાં સામાન્ય મનુષ્ય સમજે છે કે ભિક્ષા આપવી યાત્રિકોને આશરો અને ભોજન આપવાં. પરંપરાગત ધંધો અને કારીગરીને વળગી રહેવું, કાયદા નિયમોનાં પાલન

કરવાનો સ્વભાવ, સત્યાસત્યનો વિવેક, આંતરિક સ્વભાવનું અને મનની ફીકરનું સંશોધન તેમજ મનના મારથોની સિદ્ધિ વગેરે ધર્મ છે, ખરૂને ? અલબત્ત ધર્મને નિષ્કલંક પ્રદેશ ઓળખી ન શકાય તેટલો મેલો અને ઝાંખો અતિશય દીર્ઘકાળથી થઈ રહ્યો છે. સુંદર હરિયાળી ક્ષેત્રભૂમિ અને કુંજો અનાદરના કારણે ઓળખાય નહિ એવાં વેરાન ઝાંખરાંયુક્ત જંગલ જેવા બની ગયાં છે. લોભી માનવોએ સુંદર વૃક્ષોને કાપી નાખ્યાં છે અને ધર્મનું સુંદર દેખાતું સ્વરૂપ પલટાવી દીધું છે. સમયના વહન સાથે નવીન પરિસ્થિતિમાં લોકો ટેવાઈ જાય છે - તેથી આ પરિવર્તન અને પતન દેખાતું નથી. આવી જ દશા થઈ છે ધર્મની.

વેદો, શાસ્ત્રો અને પુરાણોમાં પ્રતિપાદીત ધર્મની મર્યાદાને પ્રત્યેક મનુષ્યે જાણવી જરૂરી છે. મનુષ્યની અપૂર્ણ બુદ્ધિ નિરંકુશ ભાવના અને અશુદ્ધ તર્કને લઈને તેમાં ગેરસમજણ થઈ તેથી ખૂબ જ કમજોર બની ધર્મની કીર્તિ દુ:ખદાયી બની છે. જેવી રીતે વિમલ અકાશમાંથી વરસતા વરસાદનાં વિશુદ્ધ જળબિંદુઓ જ્યારે ભૂમિ પર પડે છે ત્યારે રંગાઇને મેલા બની જાય છે, તેવી રીતે પ્રાચીન ત્રષિઓના વિમળ સંદેશાઓ, તેમનાં ઝગમગતાં સુંદર કર્મો, તેમનાં કર્મોની પાછળ રહેલ પ્રકાશીત નિષ્કલંક આકાંક્ષાઓને આજે અધૂરા અસંસ્કારી નિરૂપણ કરનારાઓ અને વિદ્વાનોએ એવાં તો બદલાવી નાખ્યાં છે, કે તેની અસલ પ્રતિભાને કદરૂપી અને હાસ્યાસ્પદ ચીતરી દીધી છે.

બાળકો માટે લખાએલાં પુસ્તકોમાં જે ઉદાહરણો આપવામાં આવે છે તે મૂળ ગ્રંથના ખુલાસા માટે હોય છે. પરંતુ તેઓ કેવળ તે ઉદાહરણનાં ચિત્રો જોવામાં જ સમય ગાળે છે અને તે ચિત્રો શું કહેવા માગે છે, તેનો ઉદ્દેશ તેઓ ભૂલી જાય છે. તેવી રીતે પ્રમાદી, અસાવધાન અને અજ્ઞાની લોકો ધર્મક્રિયામાં ભૂલો કરતા હોય છે. આ ધર્મ ક્રિયાઓ તો તેમાં રહેલું મહાસત્ય - અર્પૂવ સત્ય બતાવવા માટેનાં સાધનો છે. જે સત્યનું સ્પષ્ટિરકણ કરવા તે છે તે સત્યની અવહેલના કરે છે. યાત્રિકો રસ્તે ચાલતાં રાહમાર્ગમાં આવેલા વિરામસ્થાનમાં થોડીવાર આરામ લે છે, પરંતુ તેઓના ટુંકાં રહેઠાણ દરમિયાનમાં તેઓને જે વિરામસ્થાનોએ આરામ આપેલો છે તેની ઈમારતને, તેઓ પોતાની નિષ્કાળજી અને દુરૂપયોગથી નુકશાન કરે છે; તે પ્રમાણે મંદ અને વિપરીત બુદ્ધિવાળાઓ વેદોની નીતિનો મૂળ ચહેરો જ પલટાવી નાખે છે - અને પોતાની હુન્નર વિદ્યાને વેદોક્ત વસ્તુ છે એવું મનાવી વિશ્વને છેતરે છે. ધર્મને જ્યારે આવા ઘણના ઘા પડ્યા, ઇશ્વરવિરોધીઓના હાથે જ્યારે ધર્મનું સ્વરૂપ કદરૂપું બની જાય છે, ત્યારે દેવો અને ભક્તોના પોકાર ભગવાન સાંભળે છે અને તત્કાળ સહાય કરે છે. ધર્મ અને કર્મના ક્ષેત્રોમાં સત્યનું સંસ્થાપન કરે છે અને આદર્શ તથા આચરણમાં સત્યસ્થાપી વિશ્વનો વિનાશ અટકાવે છે. આધુનિક આ અંધાપો કોણ નિવારી શકે ? મનુષ્યે સર્વનાશના માર્ગે લઈ જતા વિષયવાસનાના પ્રબળ પ્રવાહો, ક્રોધના આવેગો, તૃષ્ણા,

લોભ, ભ્રમ, અભિમાન અને તિરસ્કાર, આવા છ પ્રકારના પશુઓનો 'સંહાર' કરવાનો છે. તો જ ધર્મનું સ્થાપન થશે.

બુદ્ધ ધર્મને ભગવાન સ્વરૂપે અને વેદોને વિજ્ઞાન સ્વરૂપે બતાવ્યા છે. જેવી રીતે સોમક નામના અસુરોના સમયમાં વેદોની અવગણના હતી અને વેદનું અનુસરણ કરનારા એ વેદ “બોલી શક્તા નહિ” – માનવો ભયમાં આવું વર્તન કરે તે ચલાવી લેવાય - તેવી રીતે બુદ્ધના સમયમાં કોઇને “વેદ" શબ્દ ગમતો નહિ. તે છતાં બુદ્ધને વેદો પ્રત્યે પૂર્ણ આદરભાવ હતો. તે હંમેશાં ભગવાનથી ઓતપ્રોત રહેતા. બુદ્ધને લોકો નાસ્તિક ગણે છે. પણ જો બુધ્ધ નાસ્તિક કહેવાય તો પછી આસ્તિક કોને કહેવા ? બુદ્ધની સંપૂર્ણ જીંદગી એક ધર્મની ગાથા છે. કેટલાક લોકો શંકરાચાર્યને ધર્મ અને કર્મ માર્ગના વિરોધી તરીકે નિંદે છે. પરંતુ શંકરાચાર્ય તો ધર્મ અને કર્મના એટલા પુરતા જ વિરોધી છે કે જે ધર્મ અને કર્મ સકામ છે તે સારા નથી. વસ્તુતઃ તે "ધર્મ અને કર્મ" માર્ગના મહાન ઉપદેશક છે અને મૂળભૂત સત્યની સમજણથી પ્રેરિત પ્રયત્નો કરવાના પ્રખર પ્રચારક છે.

સત્યના પાયા પર રચાયેલા ધર્મ અને કર્મની શંકરાચાર્યની આસ્થા અને વેદતત્વ પર બુદ્ધની શ્રદ્ધા તો તેઓ જ સમજી શકે, જેઓ સ્વયં ઉન્નત દ્રષ્ટિવાળા છે. તે સિવાય તેની સમજણમાં બીજાઓ અવળે માર્ગે જવા સંભવ છે. મહાન ઊંચાઇએ ચડવા માટે તે ઊંચાઈ જેટલી જ ઊંચી સીડીની જરૂર પડે છે – ખરું ને ?

જે કોઈ અહંભાવ ત્યાગે છે, સ્વાર્થી ઈચ્છા પર વિજય મેળવે છે. પોતાની પાશવી વાસના અને આવેગોનો વિનાશ કરે છે અને પોતાના દેહને પોતે હોવાનું સ્વાભાવિક વલણ છોડી દે છે – તે ખરેખર ધર્મના માર્ગે રહેલો છે. તે જાણે છે કે ધર્મનું લક્ષ્ય મોજાના તરંગને સાગરમાં સમાવાનું છે. આત્માને પરમાત્મામાં લય કરવાનું છે.

તમારા દુન્યવી જીવનના તમામ વહેવારોમાં સારા સ્વભાવનાં વિધાનો અને સત્તાને આઘાત થાય તેવું વર્તન ન થાય તે માટે સાવધાન રહો. તમારા અંતરના અવાજની સૂચનાઓની અવગણના કદી કરશો નહિ. તમારા અંતરાત્માની યોગ્ય પ્રેરણાઓને આદર આપવા માટે તમારે સર્વદા તૈયાર રહેવાનું છે. તમે બીજા કોઈના માર્ગમાં આડા આવો છો કે કેમ તે માટે તમારાં પગલાં હંમેશાં તપાસતા રહો. આ બધી ચળકતી વિવિધતાની પાછળ રહેલું સત્ય શોધવા તમે સર્વદા સાવધાન રહો. મનુષ્યની આ સંપૂર્ણ ફરજ છે. તમારો ધર્મ છે. જ્ઞાનનો ધખતો અગ્નિ તમને ખાત્રી કરાવે છે કે આ બધું બ્રહ્મ છે, “સર્વં ખલ્વિદં બ્રહ્મં" એ અગ્નિમાં તમારી અહંતા, વાસના, જગતની આસક્તિના તમામ અવશેષો બળીને ખાખ થઈ જશે. બ્રહ્મ મિલનના અમૃત નશાથી મતવાલા થશો. ધર્મનું અને ધર્મ પ્રેરિત કર્મનું છે અંતિમ લક્ષ્ય.

"જ્ઞાનની વેદી પર અજ્ઞાન અને અહંકારનું બલિદાન આપી ધર્મને ત્યાં પધરાવો." આ છે વેદોનો સંદેશ. આત્માને પરમાત્મામાં લય કરવાની ભૂમિકા તૈયાર કરનાર, પ્રત્યેક નિઃસ્વાર્થ એક એક જે કાર્ય, જે સર્વવ્યાપક બ્રહ્મ પ્રત્યે દ્રષ્ટિને વિશાળ બનાવે છે, તે પ્રત્યેક કાર્યમાં એક ધર્મક્રિયા છે. આવું પ્રત્યેક કાર્ય એક નાનકડો ઝરો છે, પવિત્રતાની જે નદી બ્રહ્મજ્ઞાનસાગર તરફ પુર ઝડપે વહે તે નદીમાં ભરતી લાવે છે. તમારાં વિવિધ કાર્યો અને વહેવારો વિશ્વવ્યાપી પરમાત્માની આરાધનની પવિત્ર ક્રિયાઓ છે. સમર્પણ અને શરણાગતિની ભાવનાથી જે કંઈ કર્યું હશે, તે બ્રહ્મનું જ અંગ છે, જે આત્મસાક્ષાત્કાર સુધી પહોંચાડે છે. ભારતીય જીવનનું કૌશલ્ય પ્રત્યેક પળ અને પ્રત્યેક શબ્દને, પ્રત્યેક વિચાર અને પ્રત્યેક ક્રિયાને પવિત્ર કરનાર છે. આત્મસાક્ષાત્કાર પ્રત્યે એક એક પગલું છે.

આપણે આપણા પ્રાચીન ધમકર્મોના લાક્ષણિક અર્થો સાથે સમજવા જરૂરી છે. આધ્યાત્મિક ક્ષેત્રોમાં એવા ઘણાં લાક્ષણિક શબ્દો છે જેમાં વિશિષ્ટ સંકેતો સમાયા હોય છે. આ સંકેતો સ્પષ્ટ રીતે સમજવા આવશ્યક છે. જેથી કરીને શાસ્ત્રોના ઉપદેશો આપણે સત્ય સ્વરૂપે ગ્રહણ કરી શકીએ. એક દ્રષ્ટાંત લઈને જોઈએ. પ્રાચીન કાળમાં લોકો યજ્ઞોત્સવ કરતા હતા. આ યજ્ઞોમાં તેઓ પશુબલિદાન કરતા હતા. પરંતુ પશુ અહીયાં એક પ્રતિક છે. એક મૂકપશુનું બલિદાન આપવું એવો એનો અર્થ નથી. પશુ તો ત્યાગમય જીવન જીવે છે જ અને બલિદાનના સ્તંભ પાસે માનવ વિના પોતાનું જીવન પૂરું કરે છે. આધ્યાત્મિક શબ્દકોષમાં, જે પશુનાં આંતરડાં ખેંચી કાઢી બલિદાન આપવાનું છે તે બીજું જ છે. આ પશુ છે દેહભાવ અને અહંભાવ અને જેનું બલિદાન દેવાનું છે તે આ પશુઓનું છે. ભગવાન પશુપતિ કહેવાય છે. ગોવિંદ કહેવાય છે. પશુપતિ એટલે જીવોના સ્વામી, પશુનો અર્થ છે જીવ. ગોવિંદનો અર્થ પણ ગાયોના વાલી અથવા જીવોનો પાલક, ગો નો અર્થ છે જીવ - ગૌ - સેવા એ ભગવાન શ્રીકૃષ્ણની સાંકેતિક લીલા છે - જીવોનાં પાલનના ભગવાનના ધ્યેય સૂચક એ લીલા છે.

ઈશ્વરત્વના સિદ્ધાન્તની માફક શાસ્ત્રોમાં પણ અંદરનો ગહન અર્થ સમાયો હોય છે. બાહ્ય સ્વરૂપની આસક્તિ દૂર કરી — એ આસક્તિથી થતી ભ્રમણા નાશ કરી જીવનું સત્ય સ્વરૂપ સમજાવવું — અથવા તો જેને સાચું માની બેઠા છીએ તેનું ખોટાપણાનું ભાન કરાવવું — એજ છે પરમ ધ્યેય ધર્મનું — એથી તેનું સ્વરૂપ ખુલ્લું થાય છે.

યુવાન તેમજ વૃદ્ધોએ ધર્મના આવા અર્થો શીખવા જોઈએ. શિવમંદિરનો જ દાખલો આપણે લઈએ. શિવજીના લીંગની સામે જ નંદીજીની મૂર્તિ રાખવામાં આવે છે – નંદીજી એ બળદ છે. આપણને કહેવામાં આવે છે કે આ પવિત્ર બળદ શિવજીનું વાહન છે અને તેથી તેને સામે સ્થાન આપવામાં આવ્યું છે, પરંતુ વસ્તુતઃ એ બળદ - પશુ જીવનો પ્રતિનિધિ છે અને લીંગ એ શિવજીનું

પ્રતિક છે." બળદ અને લીંગ વચ્ચે એટલે કે જીવ અને શિવની વચ્ચેથી કોઈએ પસાર થવાય નહિં." એવું કહેવામાં આવે છે  કારણ તેઓ લય પામી એકત્વ પામવાના છે, " નંદીજીનાં બે શીંગડાંમાંથી શિવજીનું દર્શન કરવામાં આવે છે." આવી દર્શનપદ્ધતિ શા માટે છે તેવું પુછશું તો જવાબ મળશે કે "લીંગનાં દર્શન બીજી વિધિથી કરવા કરતાં આ વિધિથી કરવું વધારે પાવનકારી છે." પરંતુ તેનો ગૂઢ અર્થ એવો થાય છે કે; "તમારે જીવમાં શિવજીનાં દર્શન કરવાં જોઈએ. પશુ અને પશુપતિ બંને એક છે. નંદી અને ઈશ્વર મળીને નંદીશ્વર થાય છે. એક જ અસ્તિત્વને ઓળખવાના આ બે જ રસ્તાઓ છે. જ્યારે તે બંધનમાં છે ત્યારે તે નંદી છે. જ્યારે મૂક્ત છે ત્યારે ઈશ્વર છે. જ્યારે તે બંધન મૂક્ત થાય અને નંદીશ્વર પ્રાપ્ત થાય ત્યારે તેની પૂજા થાય અને એવી રીતે આદર પામે છે. જ્યારે પશુપતિને સંપૂર્ણ રીતે પશુનું સમર્પણ થાય અને તેનું અલગ અસ્તિત્વ છૂટી જાય છે- તેને જ યજ્ઞ કહેવાય છે. યજ્ઞનો આ સંકેત આજે ભુલાયો છે.

આજે આ લાક્ષણિક ક્રિયાઓ ઓળખી શકાય નહિ તેવું પરિવર્તન પામી છે. ગઈકાલનાં સિદ્ધાન્તો અને આજનાં આચરણોમાં મહાન અંતર પડી ગયું છે. દુન્યવી જીવનની નાનામાં નાની વસ્તુ ઉચ્ચતર અને આદર આધ્યાત્મિક સિદ્ધિની પ્રેરણાથી જ પ્રેરીત થવી જોઈએ. પછીજ સામાન્ય માનવોને એકએક પગલે આ લક્ષ્ય તરફ દોરી શકાય, તમારી પ્રત્યેક ક્રિયા પ્રયોજન અને ગતિની તમને જ્યાં સુધી પરખ નથી હોતી, છતાં પણ તમે તે કર્યે જ જાવ ત્યારે તે હાસ્યાસ્પદ ચૂસ્ત જુનવાણીનું જ વર્ણન બની જાય છે. એકવારે પ્રહલાદે પણ કહ્યું હતું કે, "અહંભાવનો વિનાશ કરવો કઠીન છે. મનુષ્ય તેના બદલે મૂક પશુનો સંહાર સહેલાઈથી કરે છે. પશુબલિ એ તો તમોગુણનું પ્રગટ સ્વરૂપ છે, એ તો બંધનનો માર્ગ અહંભાવના પશુનું બલિદાન એ છે. સાત્વિક યજ્ઞ ભગવાનને મળવા મૂક્તિનો આ માર્ગ છે.

આ પ્રમાણે પ્રાચીન કાળનો પરમાર્થ, અર્વાચીન પરમાર્થ પરિવર્તન પામ્યો છે. (પરમાર્થ એ છે પરમ ધ્યેય, પરમાર્થ થયો છે મૂર્ખધ્યેય). આ પ્રમાણે પ્રાચીન ધાર્મિક ક્રિયાઓ તમામ, જેમાં એકવાર મહાન અર્થ સમાયો હતો, તે ઓળખાય નહિં એવું જંગલી પરિવર્તન પામી છે. હવે  વૃક્ષને સમૂળગું ઉખેડીને નવું વૃક્ષારોપણ કરવું શક્ય નથી તેથી જે અસ્તિત્વમાં છે તે વૃક્ષને સુંદર રીતે કાતરી કરીને, સીધું ઉગે તેવું કેળવવાનું જ રહે છે. આપણું પરમ ધ્યેય સતત સ્મરણમાં રાખવું જરૂરી છે - તેને હલકામાં હલકા સાથે મેળવી કમજોર કરવાનું નથી.

---

# પ્રકરણ ૨

અમુક સમાજ અગર રાષ્ટ્ર પુરતો જ ધર્મને સંકુચિત કરી શકાય નહિ. સંપૂર્ણ જીવંત વિશ્વનાં ભાગ્ય સાથે તે નિકટ રીતે સંકળાયેલો છે. એ તો છે પ્રકાશની એક એ જ્યોત જે કદી ઓલવાય તેમ નથી. તે તેના કલ્યાણકારી પ્રભાવ માટે અપૂર્વ નિર્મળ છે. શ્રીકૃષ્ણે અર્જુનને ગીતા શીખવી. પરંતુ તે ખરેખર સમસ્ત માનવ જાત માટે જ ઉપદેશવાનો તેનો ઉદ્દેશ હતો. અર્જુન તો નિમિત્ત માત્ર હતો. તેજ ગીતા આજે આખી માનવ જાતને સુધારી રહી છે. તે અમુક જ જાતી - ધર્મ યા રાષ્ટ્ર માટેજ નથી. તે તો સર્વત્ર સર્વમાનવો માટે શ્વાસોશ્વાસ સમાન છે.

ધર્મ વિવિધ રૂપોથી ઓળખાય છે. કેટલીક વાર ધર્મસંહિતા બનાવનારના નામે ઓળખાય છે. જેવી રીતે મનુધર્મ કહેવાય છે. કેટલીકવાર તે ધર્મના અનુયાયીઓના નામે ઓળખાય છે. દાખલા તરીકે વર્ણધર્મ. કેટલીક વાર જીવનની જે અવસ્થા માટે હોય છે તે નામે ઓળખાય છે. દ્રષ્ટાંત તરીકે ગૃહસ્થધર્મ વિગેરે. પરંતુ આ મુખ્ય ધર્મ નથી પરંતુ મુખ્ય પર આધારિત વ્યવહારિક વિગતો છે. આત્મધર્મ - દિવ્યધર્મ સંબંધી હું તમને કહેવાનો છું જે વ્યવહારધર્મ યા તો આચારધર્મ છે. આ ધર્મ માનવના ચાલી રહેલા ભૌતિક વિશ્વ સંબધો સાથે સંકળાયેલી અસ્થિર વસ્તુઓ અને પ્રશ્નો અને શારિરીક જરૂરીયાતો સાથે સંબંધિત છે. આ નિયમોનું સાધન સ્વયં આપણું શરીર નિત્ય સ્થિર નથી. તો પછી તેના ધર્મો અચળ ક્યાંથી હોઈ શકે ? અને તેનું સ્વરૂપ સત્ય હોવાનું પ્રતિપાદન શી રીતે કરી શકાય ? સનાતન વસ્તુનાં વર્ણન ક્ષણભંગુરથી શી રીતે સમજાવી શકાય ? અસત્યમાં સ્વયં સત્ય જોઈ શકાતું નથી, અંધકારમાંથી પ્રકાશની પ્રાપ્તિ થતી નથી. અવિનાશી તત્વ અવિનાશી માંથી જ પ્રગટ થાય છે. સત્યમાંથી જ સત્યનો ઉદય થાય છે. તેથી સાંસારિક વ્યવહારનાં કર્મો સાથે સંકળાયેલ આપણા નિત્યજીવન વ્યવહારનાં જીવનધર્મના પદાર્થનિષ્ઠ નિયમો, ભલે તેના ક્ષેત્રમાં મહત્વના છે છતાં અંદરના મૂળ આત્માના ચૈતન્ય અને સંપૂર્ણ જ્ઞાન માટે સાવધાન રહી તે જીવનધર્મનું અનુસરણ કરવાનું હોય છે. તો જ આપણી અંદરની અને બહારની આકાંક્ષાઓનો સુમેળ થાય અને અનુકુળ વિકાસનો પરમાનંદ પ્રાપ્ત થાય. તમારા રોજના વ્યવહારોમાં જો તમે પ્રેમભરેલા વર્તનવાળા સનાતન ધર્મની સત્ય કિંમત આચરણમાં ઉતારી શકો, તો આત્મધર્મ પ્રત્યે- અંદરના સત્ય પ્રત્યે તમે તમારૂં કર્તવ્ય પણ કરી શક્શો. હંમેશાં તમે આત્મિક પાયા પર તમારી જીવનની ઇમારત ચણો - તોજ તમારો વિકાસ નિશ્ચિત છે.

આજે ભગવાનને પથ્થરમાં પુરી રાખવાના જ પ્રયાસ થઈ રહ્યા છે. આવા પ્રયાસો તમને સત્ય સુધી શી રીતે દોરી શકે ? સત્ય વાત તો પત્થરને પણ પ્રભુ સ્વરૂપે જોવાની છે. પહેલાં તો પરમાત્માના સ્વરૂપનું ચિંતન કરી તેને તમારા ચૈતન્યમાં જડી દેવાની જરૂર પછી એ જ સ્વરૂપને પથ્થરમાં નિહાળવાનું છે અને એ પ્રક્રિયામાં એ પથ્થર પ્રભુ સ્વરૂપે પલટાય અને પત્થર સ્વરૂપ

ભુલાય એ દશા પ્રાપ્ત થવાની. એ જ પ્રમાણે તમારી ચેતના પર તમારે મૂળ ધર્મ કોરી લેવાનો છે. એ ધર્મ એકજ અસ્તિત્વ છે- મૂળભૂત આત્મા છે. ત્યાર બાદ વિશ્વની વિવિધ વસ્તુઓ સાથે સંપૂર્ણ શ્રધ્ધા અને દર્શન સાથે તમારે વહેવારો કરવાના છે. એ વસ્તુઓનાં આકર્ષણો અને અથડામણો સામે પણ એ જ શ્રદ્ધા અને દર્શનસહ ટકવાનું છે. આવું કરવાથી જ આદર્શની પ્રાપ્તિ થશે. જો આ પ્રમાણે થાય તો ધર્મનો પ્રમાણભૂત અર્થ કમજોર થવાનો ભય રહેતો નથી. આત્મધર્મની પ્રભાનો નાશ થતો નથી.

એક પથ્થરની પ્રભુ સ્વરૂપે આરાધના કરો છો ત્યારે શું થાય છે ? અસીમ, સર્વવ્યાપક અંતસ્થ અસ્તિત્વ - સંપૂર્ણ શુદ્ધ અમૂક જડ વસ્તુમાં દેખાય છે. તેવી જ રીતે વિશ્વવ્યાપક, સમાન અને સ્વતંત્ર ધર્મ માત્ર એક જ ધર્મનિષ્ટ કૃત્યમાં પકડાઈ જાય છે – સમજી જવાય છે. આ વસ્તુ અશક્ય છે એવા વિચારથી કદી પશુ ઉંધા દોરવાશે નહિ. ઘણા મુશ્કેલ કાર્યો શું તમે નથી કરતાં? વસ્તુ કેવળ તમારી ચિંતા અને ભયને જ વધારે છે. ડાહ્યા માણસો તેના બદલે વધારે અગત્યનાં કાર્યો ઉપાડી લે છે જે માનસિક શાંતિદાતા છે.

બંધાવું એ નહિં પણ મૂક્ત થવું એ તમારો જન્મસિદ્ધ હક્ક છે. તમે ખરેખર મૂક્ત ત્યારે થઈ શકશો, જ્યારે તમે અનંત વિશ્વધર્મથી પ્રકાશિત માર્ગ ઉપર તમારાં પગલાં પાડશો. જો તમો તે પ્રકાશથી દૂર રહી અવળે માર્ગે ચાલશો તો બંધાશો - પકડાઈ જશો. કેટલાક લોકો સંદેહ કરશે કે જે ધર્મ વિચારો અને શબ્દો પર મર્યાદા મૂકે છે, જે નિયમન કરી સંયમ શીખવે છે, તે મનુષ્યને મૂક્ત શી રીતે કરે ? અમુક પ્રકારના બંધનને આપણે મૂક્તિ એવું નામ આપીએ છીએ. કૈવલ્ય મૂક્તિ તો ત્યારે જ મળે છે જ્યારે ભ્રાંતિનો અભાવ થાય છે- જ્યારે શરીર અને ઈન્દ્રિયોનાં ભાન વિસરાય છે – ભૌતિક દુનિયાની ગુલામી છુટે છે. આવી વિશુદ્ધ અર્થવાળી મુક્તિ મેળવનારાઓ ગણ્યાગાંઠ્યા જુજ હોય છે. પોતાના દેહને પોતાની જાત છે એવી ચેતનાયુક્ત ભાવનાથી કરેલાં કર્મોમાં બંધન સમાયું છે. એવી રીતે કામ કરનાર મનુષ્ય તે વખતે પોતાની ઇન્દ્રિયોનું રમકડું થયો હોય છે. આવા નસીબથી જેઓ બચી શકેલા હોય છે તેઓ જ મૂક્ત થાય છે. ધર્મ આ મૂક્તિ આદર્શ ભૂમિકાએ લઈ જાય છે. આ આદર્શ દશા સતત ધ્યાનમાં રાખી જો કોઈપણ મનુષ્ય તેનો જીવન વ્યવહાર ચલાવે છે, તો તે મૂક્ત થાય છે. મૂક્ત પુરુષ છે.

તમે સ્વયં તમારી જાતે ધર્મ માર્ગથી વિચલિત થાવ છો, તેથી જ બંધનમાં પડી બંધાવ છો - આ વાત સર્વદા સત્ય છે. તમને બીજા કોઈ બાંધી શક્તા નથી. તે તમે જાતે જ કરો છો. ઈશ્વરની સર્વવ્યાપકતામાં જો તમારી શ્રદ્ધા ઊંડી હશે, તો તે તમેજ છો તે સમજી શક્શો અને તમે કદી બંધનમાં પડશો નહિં. તે માટે સાવધાન રહેશો. શ્રદ્ધાની વૃદ્ધિ માટે તમારે આત્મધર્મને મજબુત પકડવો પડશે. આત્માનું અસ્તિત્વ એ તો ખડક છે, જ્ઞાન અખંડ છે – એજ નિશ્ચિત જ્ઞાન છે. આવા

પાયા વિનાનું જીવન હોય તો માનવ શંકા અને નિરાશા તથા ભ્રમણાનો ભોગ બને છે. આવા અશ્રદ્ધાળુ સાથે ધર્મકન્યા પરણવા તૈયાર નથી.

માટે સર્વ પ્રથમ મૂક્ત થવા પ્રયત્ન કરો. સફળ જીવન માટેની આ પ્રારંભિક ભૂમિકા છે. આત્મવિશ્વાસ તમારા વ્યકિતત્વનું સારતત્વ છે તેવી શ્રદ્ધા વધારો અને એ સારત્તત્વ સુધી પહોંચવા માટે આવશ્યક શિસ્ત શીખીને તેનો અમલ કરો. આ સદ્દગુણ પ્રાપ્ત કરીને તમો ધર્મના નિયમોનું પાલન કરી તમારા જીવનવ્યવહારમાં સંપૂર્ણ રત બનો. પછી તમે એક નૈતિક વ્યક્તિ બની જશો - એક ધર્મ પુરૂષ થશો. જેઓ ભૌતિક જગતને જ સર્વસ્વ ગણી, પોતે દેહ છે એવું માની, જીવન ગાળે છે - તેવાં જીવન વ્યર્થ છે આવા અર્થ વગરના જીવનમાં તેવા લોકો ઈશ્વરને પત્થર બનાવીને જીવે છે. પત્થરમાંથી પરમાત્માને બનાવવા એ વધુ પવિત્ર અને વધુ મધુર કાર્ય છે, તેવી જ રીતે તમારી પ્રત્યેક ક્રિયામાં આત્મધર્મનું દર્શન થાય તો તે ક્રિયા ઈશ્વરનું આરાધન બની જશે - તે ઉન્નતિ કરશે અને તેનું બંધનકારી લક્ષણ નાશ પામશે. અસલ સત્યધર્મ પ્રતિ અનાદર રાખીને જો જીવન કર્તવ્ય કરશો તો તે પરમાત્માને પથ્થર રૂપે માનવા જેટલું જ અપવિત્ર ગણાશે. સત્યધર્મથી આચારધર્મ અલગ માનશો અગર સત્યધર્મના અનુસરણ વગર આચારધર્મ પાળશો તો પરિણામ શૂન્ય આવશે. તે બંન્ને પરસ્પર સંકળાઈને ગુચવાયેલાં છે- અને તેવાં જ તેને ગણવાના છે. ઉપરી અમલદારને પોતાની નીચેના અમલદાર પાસેથી જેવું કામ જોઈએ તેવી જ રીતે નીચેના અમલદારને ઉપરી અમલદારની સહાય પણ જોઈએ છે. તો પછી કોણ બંધાયેલું છે અને કોણ મુક્ત છે ? સુખી થવા અને સગવડ પામવાની ઈચ્છાથી અને બંને બંધાય છે. આત્માનું મૂળ રહસ્ય જાણ્યા સિવાય બાહ્ય બંધન સ્થિતિ ચાલું જ રહેશે. એ રહસ્ય જાણશો પછી ઈંદ્રિયોની ગુલામીનો બોજો અને ભૌતિક જગતનો ભાર હલકો થઈ જશે. પરિણામે ભૌતિક જગત પ્રતિ વ્યવહારના નિયમો, તમારી અંદરની દિવ્યતાના વ્યવહારના નિયમોમાં સમાઈ જઈ લય પામશે અને ઈચ્છાઓ - આકાંક્ષાઓ સહકારથી સુમેળ કરશે.

વેદાન્ત - આધ્યાત્મિક શાસ્ત્રો અને ધર્મ – આ સર્વે માનવને ભગવાન રૂપે રહેવા અને વર્તવા આમંત્રણ આપે છે - બંધનમાં પડેલા માનવરૂપે નહિં - પછી બધી ક્રિયાઓ ધર્મકર્મ બની જશે – કામ્યકર્મ રહેશે નહિ, ફલેચ્છા વગરનાં કર્મો થશે. તમારી ક્રિયાઓની માત્ર પદ્ધતિ બદલવાથી બંધનની સાંકળો છૂટશે નહિં એ તો માત્ર દેહદ્રષ્ટિ બદલી દેવદ્રષ્ટિ કરવાથી જ છૂટશે. સર્જનમાંથી સર્જનહાર બને તો જ મૂક્તિ છે. પછી નૈતિક ગુણો પણ વધુ પ્રબળ બનશે. કેટલાક લોકો એવું માને છે કે ઉદ્યોગ કરવો એ બંધન છે અને કોઈ કામ કર્યા વગર ઘરમાં બેસી રહેવું એ મૂક્તિ છે. આ તો બુદ્ધિના અભાવનું ચિહ્ન છે. જ્યારે કોઈ નોકરીમાં હો ત્યારે ઉપરી અમલદારની આજ્ઞા માનવી જ રહે છે, પણ ઘરમાં બેસી રહેલાને સગાંઓની જરૂરીયાતો અને માગણીઓનાં બંધનમાંથી છૂટાય છે ખરૂ ? કદાચ કોઈ માત્ર મિત્રોની વચમાં બેઠો હોય તો પણ તેને મિત્રોની

વિચિત્ર ભાવનાઓને અનુરૂપ વર્તવું નથી પડતું ? છેવટે પોતાના દેહની રક્ષા અને સંભાળ અને પોતાની સવલતોની જરૂરીઆતોમાંથી કોઈ મૂક્ત રહે છે ખરો ? તો પછી બંધનના પીંજરામાંથી મુક્તિનો અનુભવ મનુષ્ય ક્યાંથી લઈ શકે ? જીવન આખું જેલખાનું છે. માત્ર સજા ભોગવવાની પધ્ધતિમાં અંતર છે. જ્યાં સુધી શરીરને આત્મા ગણવાનો વર્તાવ છે ત્યાં સુધી જીવન બંધન છે.

તેથી જ એકવાર શંકરાચાર્ય બોલ્યા છે કે દેહાભિમાન એ જ નર્ક છે. આવું દેહાભીમાન તે દૈવી વિરોધી અવસ્થાનું એક બીજું સ્વરૂપ છે, પૃથ્વીમાં પથરાયેલાં સમસ્ત કાંટા અને કાંકરાઓ કોણ દૂર કરી શકે ? એ તો પગરખાં પહેરીને ફર્યા સિવાય તેમાંથી બચવાનો બીજો કોઈ માર્ગ નથી. એવું જ છે વેદાન્તદર્શન અને વેદાંત અધ્યાત્મનું. સત્ય ઉપર દ્રષ્ટિ રાખીને તમારો આવશ્યક જે સ્વભાવ છે તે બ્રહ્મમાં પૂર્ણ શ્રદ્ધા રાખીને તમે તમારી જરૂરિયાતને પુરી કરી શક્શો અને તમારા આદર્શ સુખને અનુકૂળ થાય તેવુ બાહ્ય જગતનું તમે પરિવર્તન કરી શક્શો અને સત્યધર્મ પ્રાપ્ત કરી શક્શો. જે અહંકારને કચડી નાખી, વિશ્વાસથી દ્રઢતા પૂર્વક જાહેર કરે છે કે, "જે દેહ તમામ પ્રકારની ગુલામીનું ધામ છે, તે દેહનો હું ગુલામ નથી પરંતુ દેહ મારો ગુલામ છે. હું સર્વનો સ્વામી છું. સંયોજક છું - હું મૂક્તિની મૂર્તિ છું." આવું કહેનારો ખરેખર મૂક્ત થાય છે. નીતિના તમામ નિયમો અહંકારના વિનાશના માર્ગમાં સહાયક થવા જોઈએ. આ નિયમોએ અહંકારમાં વૃદ્ધિ કરવી જોઈએ નહિં અગર અહંભાવને જંગલીરૂપે વિકસિત કરવો જોઈએ નહિં આ છે મુક્તિનો માર્ગ. પુત્ર સાથે રહેનારો પિતા, જીંદગી દુ:ખમય સમજી પુત્રી સાથે પુત્રીને ઘેર રહેવા જાય તો તેણે છુટકારો મેળવ્યો મનાય નહિં. એ તો અહંભાવને ખોરાક આપવા જેવું છે. વિષયોનાં સુખની આવી શોધ ધર્મને ઉન્નત કરતી નથી.

ખરેખર ગૃહ એટલે શું ? પ્રભુના ચિંતનમાંથી મળતા આનંદનો સુખાનુભવ લેવા માટે ગૃહ બનાવ્યું છે, પ્રભુ માટે વિના અડચણ સ્મરણ કરવા સુંદર તક મળવા માટે ગૃહ રચના કરવામાં આવી છે. બીજું બધું ભલે ભુલાય પણ પ્રભુ સ્મરણ ચિંતન ન ચૂકાય. વ્યક્તિનો સાચો ધર્મ પરમાત્મામાં વિલીન થઈ તે લયનો આનંદ ચાખવા માટે છે - અંતે મુક્તિ મેળવવા માટે છે. આવી અવસ્થાએ પહોંચેલી વ્યક્તિ ચાહે તેવા ઘોર દારૂણ જેલખાનામાં પડે તો પણ તેને બંધન થતું નથી. તેનાથી ઉલટું જે માનવ દેહનો જ ગુલામ છે તે જ ઘાસનું એક તણખલું પણ મૃત્યુનું કારણ બને છે. આત્મિક સુખમાં તરબોળ થવું — અંતરદ્રષ્ટિ ઉઘડવી- પરમાત્મા સાથે પોતાના સ્વરૂપના તાદાત્મ્યમાં દ્રઢ વિશ્વાસ, સર્વ કાંઈ છે. તે બ્રહ્મનું સ્વરૂપ છે એવી સમજણ - આ ચારેય પ્રમાણિત ધર્મ છે. અમુક વ્યક્તિગત અસ્તિત્વના રૂપે આ ભૌતિક જગતમાં, હંમેશના ઉપયોગની સગવડતા માટે (છતાં આત્મિક સત્ય ધર્મથી સંપૂર્ણ ભરેલા) આ ચારેયનાં નામો આપ્યાં છે — સત્યમ્ શાંતમ્ પ્રેમ અને અહિંસા. આ નામો આપવાથી અમૂક વિશિષ્ટ વ્યક્તિઓ જેઓ પરમાત્માનાં સ્વરૂપો છે, તેઓ તેમના રોજીંદા જીવનમાં તેને અપનાવી શકે. ધર્મના અનુસરણની

અર્વાચીન પદ્ધતિ, પ્રાચીન પદ્ધતિ માફક આવા ઉચ્ચ સિદ્ધાંન્તોને આપણી પ્રત્યેક ક્રિયા અને પ્રત્યેક વિચારમાં ઉતારવાની છે. આજનાં સત્ય શાંત અહિંસા અને પ્રેમ એટલે આત્મામાં અંતરાયો રહિત તરબોળ અવસ્થા સમજવી - અંદરના સત્ય પ્રતિ ગોઠવાયેલી દ્રષ્ટિ, પોતાના સત્ય સ્વભાવનું ચિંતન, સર્વ કાંઈ બ્રહ્મ છે એવું જ્ઞાન, આ એક જ વસ્તુ છે. આ મુખ્ય અને મેળવેલાનો સહકાર કરી સમન્વય કરવો — પછી જ તે આત્મધર્મ પ્રતિ વળશે.

તમે કેવી ક્રિયાકર્મો કરો છો. ક્યાં નામ ધરાવો છો, ક્યું સ્વરૂપ રાખ્યું છે - તેની સાથે કોઈ સંબંધ નથી. ગમે તે ધાતુથી બનાવશું છતાં સાંકળ એ સાંકળ જ રહેશે. ચાહે સાંકળ સોનાની હશે કે લોખંડની એ બાંધવાની જ. તેવી જ રીતે કામ આ પ્રકારનું છે કે પેલા પ્રકારનું - પરંતુ જ્યાં સુધી તેનો પાયો આત્મધર્મનો છે – તેનાં મુળ આત્મતત્વનાં છે, ત્યાં સુધી તે નિર્વિવાદ ધર્મ બનશે. આવું કર્મ શાંતિનાં ફળ આપશે. જયારે અહં ભાવનો ભય અને લોભના તરંગો આપણને આગળ ધપાવે છે. ચાહે આપણે ઘરના એકાંતમાં હોઈએ, ચાહે જંગલની એકલતામાં હોઈએ ચાહે તેવા સ્થાનમાં હોઈએ, ત્યારે દુ:ખનું નિવારણ અસંભવ બને છે. ગૂંચળું વળીને પડી રહેલો સર્પ, સર્પ મટી જતો નથી, તેવી દશામાં પણ તે સાપ જ છે. રોજના વ્યવહારમાં આત્મસત્યના મૂળભૂત સિદ્ધાન્તોથી જ્યારે આપણી ક્રિયાઓ થાય છે ત્યારે પ્રત્યેક ક્રિયાને સાચા ધર્મનો સિક્કો લાગે છે, પરંતુ જ્યારે સગવડતા અને સ્વાર્થવૃત્તિથી ક્રિયા થાય છે ત્યારે તે ધર્મ, મિથ્યા ધર્મ બને છે. ગમે તેવું આકર્ષક હોય છતાં તે વિવિધ પ્રકારનું બંધન જ છે. જેલના કેદીઓને, જેવી રીતે જેલના ચોકીદારો એક લાઈનમાં ઉભા રહેવા ધકેલે છે — અથવા કોર્ટમાં ચાલતા મુકદમામાં અગર તો ભોજનના (બેરેક) ઝુંપડાંમાં ચોકીદાર ધકેલે છે તેવી રીતે વિષયોની પ્રેરણા વિષયોની ગુલામને દુ:ખના દેશમાં અથવા રાહતના સ્થાનમાં ધકેલે છે.

એવી લાગણી પણ શા માટે રાખવી કે આ મિત્ર છે ? અગર આ શત્રુ છે ? આવી ભાવના પણ ભૂલ છે, આ ભ્રમણાનો ત્યાગ કરો. પ્રભુ પ્રેમનું સાકાર મૂર્તિમંત સ્વરૂપ એજ નિરંતર મિત્ર છે; સ્વજન છે -સહચર છે. માગદર્શક અને રક્ષક છે. આટલું જાણો અને એ જ્ઞાનથી જીવો સમજણના દ્રઢ પાયા પર બંધાયેલો એ ધર્મ છે — અને ધર્મના પાયા પર રચાયેલ જીવન છે. આ મહત્વના પાયાનો અનાદર કરીને બાહ્ય ચમકદમક પર ધ્યાન કેન્દ્રીત કરશું તો ધ્યેય ચૂકાઈ જશે. સંસારની આસક્તિ ત્યારે છુટે છે જ્યારે પ્રભુની આસક્તિ થાય છે. જ્યાં તમે ઉંચે આકાશમાં જ નજર ઠેરવીને ચાલો છો પછી ધરતી દેખી શકાતી નથી એવી ફરીયાદ કરવાથી શો ફાયદો ? તમે ધરતી જોતા રહો- તપાસતા રહો અને જળની સપાટીમાં પ્રતિબિંબ થતા આકાશમાં જુઓ તો તમને એક જ વખતે ઉપર આકાશ અને નીચે ધરતી બંને દેખાશે, તેવી જ રીતે જો તમે સત્યધર્મને વળગી રહેશો તો (જે મહાન આત્મિક સિદ્ધાન્ત છે) પ્રત્યેક ક્રિયામાં આત્માનું ગૌરવ પ્રતિબિંબ થતું જોશો. પરિણામે સાંસારીક આસક્તિ ભગવાનની આસક્તિમાં પલટાઈ જતાં, સર્વ ક્રિયાઓ શુદ્ધ સમર્પણ

બની જશે. આ ધ્યેય બદલવું નહિં કે નીચે પડવા દેવું નહિં - એટલે કે આવશ્યક વસ્તુઓ અને વલણ મજબૂત રહેવા દેવાં. વિવિધ નામો કે રૂપો ઉપર ધર્મનું અવલંબન નથી — એ મુખ્ય વસ્તુ નથી. સામાન્યતઃ જે ઈચ્છાઓ અને ભાવનાઓને તે દોરે છે અને વહન કરે છે તેના પર અવલંબિત રહે છે.

---

# પ્રકરણ ૩

જ્યાં સુધી મૂળભૂત અજ્ઞાન ચાલુ રહે છે ત્યાં સુધી અશાંતિ દૂર થતી નથી. વધુ સગવડોની ઈચ્છાથી, અથવા કોઈ આવી રહેલી ગમતી વસ્તુને સંતોષવાની ભાવનાથી પ્રેરાઈને કોઈ ધંધામાં પરિવર્તન કરવાથી શાશ્વત શાંતિ મળતી નથી. એ તો અંધારા ઓરડામાં રહેલા રાચરચીલાને માત્ર ફરીથી ગોઠવણી કરવા જેવું છે. આવી ફરીથી ગોઠવણી કર્યા વગર માત્ર દીવો જ પ્રગટાવશું, તો એજ ઓરડામાં હરવાફરવાનો માર્ગ ચોખ્ખો દેખાશે, રાચરચીલાની વ્યવસ્થામાં ફેરફાર કરવાની કોઈ જરૂર નથી.

તેવી જ રીતે આ વિશ્વની અંધારી રાતમાં જીવનરાહમાં કોઈને કોઈ વસ્તુ સાથે અથડાયા સિવાય, સત્ય રીતે, સાચી રીતે અને શાંતિથી વિચારવું મુશ્કેલ છે. તો પછી તમે સરળતાથી કેમ જીવશો ? દીવો પ્રગટાવો, દીવાના પ્રકાશમાં સત્યને દેખાવા દો. જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરો. તેથી તમારી તમામ મુશ્કેલીઓનો ઉકેલ થઈ જશે. તમે ધર્માનુસરણ કરો છો તેવો દાવો કરી શકશો. આપણો પ્રધાન દોષ તો એ છે કે આપણે આપણી ક્રિયાઓ સમર્પણની ભાવનાથી કરતા નથી. જો તેવું કરો તો તેના પર ધર્મના ચિહ્નનો પ્રમાણિત સિક્કો લાગશે. કેટલાક તાર્કિક વિદ્વાનો શંકાઓ ઉઠાવી પૂછશે- કે અમે ઈશ્વરના નામે કોઈને ઈજા કરી - ખૂન કરી- અમારું એ કૃત્ય ભગવાનને સમર્પણ કરી શકીએ ? કોઇપણ વ્યક્તિ એના વિચાર, વાણી અને ક્રિયા - ત્રણેમાં શુદ્ધિ થયા સિવાય તેની સમસ્ત ક્રિયાઓની ઈશ્વર – સમર્પણ ભાવનાનું વલણ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? ભગવાનનાં સેવકમાં પ્રેમ, શાંતિ, સરળતા અને અહિંસા આ ચાર સદગુણો સર્વદા સાથે જ રહેલા હોય છે. આવા સદગુણો સાથે ક્રુરતા અને નિર્દયતા શી રીતે રહી શકે ? ઈશ્વર સમર્પણની ભાવના માટે આવશ્યક આધ્યાત્મિક પ્રાધાન્ય અને સ્વાર્થ ત્યાગ વિના નિઃસ્વાર્થ થવાતું નથી તે માટે ઉપર કહેલા ચારે સદગુણો મેળવવા જરૂરી છે, તેના વિના માત્ર સમર્પણ નામ આપવાથી કેઈપણ ક્રિયા ઈચ્છિત સમર્પણ બનતી નથી.

જે કર્મો ધર્મ પ્રતિપાદીત છે તે અમર છે. અને જેઓ તેવું જાણે છે તેઓ જ તે પ્રમાણે આચરણ કરે છે. માનવનું તે પરમ લક્ષ્ય છે. ત્યાં પહોંચવાને બદલે ધર્મવિરોધી કર્મો કરવાની ઈચ્છાથી મનુષ્ય પ્રત્યેક સ્થળે પતન પામે છે. અમૃતમાંથી અમૃતપુત્ર બની અધોગામી થાય છે. હાથમાં અમૃતનો પ્યાલો પકડેલો હોવા છતાં, વિષયસુખના ઝેર તે પીએ છે. વિશ્વના મૂળભૂત આત્મિક સત્યના ચિંતનના આનંદનો નિરાદર કરી, આ ભૌતિક જગતના દ્રશ્યમાન પદાર્થોની બાહ્ય જાળમાં ફસાઈ તે ગુંચવાઈ જાય છે, માનવને તેનું પ્રારબ્ધ ગુંગળાવી રહ્યું છે એવું જ માનવું રહે છે.

ગીતાજીમાં પણ જાહેર કર્યું છે કે : આ બ્રહ્મની સ્થિતિ તે હું છું. અવિનાશી અમરતા મોક્ષનું સ્વરૂપ પણ હું છું. સનાતન ધર્મનો તથા અનંત અખંડ એકરસ સુખનો — આનંદનો આશ્રય હું છું.

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાનમમૃતસ્યાયસ્ય ચ,**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥**

ઉપનિષદોમાં વર્ણવેલો તે આ અમૃત ધર્મ છે - ગીતાજી ઉપનિષદોને સાર છે તેથી તેમાં પણ તેને ભાવપૂર્વક કહેલ છે. જીંદગીનો ધર્મમય માર્ગ એનો શ્વાસોશ્વાસ સમાન છે. આ સાક્ષાત્કારનો એ સુમાર્ગ છે. એ માર્ગે વળનારા પ્રભુના પ્યારાઓ છે. જે સત્યવાદી છે તેની સાથે ભગવાન વસે છે. જેની ક્રિયાઓ ધર્મમાંથી સ્ફુરીત થાય છે તેની સાથે તે વસે છે, તેથી જ આત્મિક ધર્મ વ્યવહારને સહાયક થાય તેવા કેટલાક સદગુણોનો વિકાસ કરવા માટે ગીતાજી અર્જુનને ઉપદેશે છે. ગીતાજીના બારમા અધ્યાયના શ્લોકો ૧૩ થી૧૯ માં તેનું નિરૂપણ કરેલું છે. જેણે ગીતાજીના ફુવારામાંથી ગાઢ પાન કર્યું છે - તેઓને આ યાદ છે — ખૂબ જ વધુ મહત્વનો શ્લોક છે કે :

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે,**
**શ્રદ્ધાના મત્પરમા ભક્તાતેડતીવ મે પ્રિયા: ||**

આ શ્લોકમાં કેવો સુંદર વિચાર સમાયો છે ? સદ્દગુણોના વિકાસ માટે અપાયેલા શ્લોકોની પરંપરાનો આ અંતિમ શ્લોક છે. એ શ્લોકોના સમસ્ત સમૂહને અહીં ધર્મામૃત કહેલ છે. અમરતાનો આ ધર્મમાર્ગ છે, તેમાં ભગવાને જાહેર કર્યું છે કે - જે વ્યક્તિમાં આવા સદગુણો છે- જેઓ ભગવાનને જ અંતિમ લક્ષ્ય માની તેનામાં શ્રદ્ધા રાખે છે, જેઓ અનન્યભાવે ભગવાનમાં સંલગ્ન છે તેઓ ભગવાનને વહાલામાં વહાલા અને નિકટમાં નિકટ વાસી છે.

અહીં ધર્મામૃત શબ્દપ્રયોગ ધ્યાનમાં લેવા જેવો છે. તેના પર વિચારો, મનન કરો અને તેમાંથી પ્રેરણ પામો. જે ભગવતધર્મારુઢ રહે છે તે જ ભગવાનની કૃપાના અમૃતના અધિકારી છે. સામાન્ય માનવો માને છે કે તેઓ જ ભગવાન માટે ભક્તિ છે. પરંતુ ભગવાનને તેના માટે પ્રેમ છે કે કેમ તે બદલ તેઓ વિચારતા નથી. આવી શોધ માટે લાલાચીત રહેનારા ભક્તો વિરલા હોય છે. આધ્યાત્મિક સફળતા માટે આ સાચું માપ છે. એકની એક વ્યક્તિ તેની પ્રજા માટે રાજા રૂપે છે. માબાપ માટે પુત્ર રૂપે છે, શત્રુઓ માટે શત્રુ રૂપે છે, પત્ની માટે પતિ રૂપે છે, પુત્ર માટે પિતા રૂપે છે. તે આવી રીતે અનેક પાત્રો ભજવે છે. તે છતાં પણ જો તમે તેને પૂછો કે તું કોણ છે અને જો તે આ સંબંધો પૈકીનો કોઈ વિશિષ્ટ ચિહ્ન રૂપે પેતાને ઓળખાવે તો તેમાં તેની ભૂલ છે, કારણ આ સગપણનો શરીર સાથે સંબંધ બતાવનારાં ચિહ્નો છે — તેની વિવિધ ક્રિયાનાં લક્ષણો

છે. શરીર સંબંધ દર્શાવનારાં, ધંધાકીય સંબંધ દર્શાવનારાં, અશાશ્વત અવસ્થાને બતાવનારાં આ બધાં નામો છે. તે એવો પણ ઉત્તર આપી શકશે નહિં કે હું માથું છું — પગ છું — હાથ છું કારણ તે પણ દેહનાં અંગો છે – આવા અંગો કરતાં, મુખ્ય બ્રહ્મને સંતાડનારાં અસત્ય સ્વરૂપો અને નામોથી પર એવું કોઈ વધુ સત્ય તે છે. તે "હું" તરીકે ઓળખાય છે. આ હું પ્રત્યે વિચારો અને ખરેખર "હું કોણ" તે શોધી કાઢો.

જ્યારે તમારા પોતાના વ્યક્તિત્વ અસ્તિત્વનું પૃથક્કરણ કરવું અને સમજવું આટલું કઠિન છે, ત્યારે પારકાઓના અસ્તિત્વો સંબંધી નિર્ણયાત્મક ઠરાવ કેવી રીતે જાહેર કરી શકાય ? જેને તમે "હું" અને "તમે" કહો છો, તે તો દેહ સંબંધદર્શક છે. તે દ્રશ્યમાન વસ્તુઓ છે - તે સત્ય નથી. આત્મા એક છે અવિભાજ્ય છે તેના પર નિર્ધારિત ધર્મ એજ સાચો ધર્મ છે.

કેટલાક કહે છે કે તમે આત્મા, આત્મા કહો છો, તે આત્માનું રૂપ કેવું છે ? તેનો આકાર કેવો છે ? પરંતુ આત્માને આકાર શેમાંથી મળે ? એ તો શાશ્વત છે - અપરિવર્તિત છે અને અમર છે. એ ભલાઈ છે; સત્ય છે, પરોપકાર છે, એ નિર્વિકાર છે, નિર્દોષ છે. તેને કોઈ અમુક નામ અગર રૂપથી સીમીત કરી શકાય નહિં. એ તો કર્મ દેહ અર્થાત્ કર્મો દ્વારા પ્રાપ્ત થએલા શરીરમાં જ્ઞાનનો ઉદય થતાં તે સમજી શકાયો. નામ અને રૂપ દેહ એકલાને જ છે, અને તેથી શરીરની પ્રત્યેક ક્રિયામાં ભારે આત્મધર્મનું પ્રાગટ્ય સમજવું - આત્મા ચૈતન્ય ઉપર અવલંબીત ધર્મનું પ્રાગટ્ય ગણવું.

એવું કહેવાય છે કે આત્મા નથી પુરૂષ કે નથી સ્ત્રી, નથી ઢોર કે ઘેટું, નથી ઘોડો કે હાથી, નથી પક્ષી કે વૃક્ષ. આવા નિશ્ચયાત્મક રૂપોથી તે પર છે. ક્રિયાના પાયા ઉપર આ અલગતાઓ અને વિવિધતાઓ ઉપસ્થિત થાય છે. આત્મા અવિકારી છે, એના માટે એટલું ચોક્કસપણે કહી શકાય કે આત્મા છે. આ સર્વનો એટલો જ સરવાળો થાય કે આત્મા પરમાર્થ છે - બાકી બધું અમુક ક્ષુલ્લક ખોટું અસત્ય, દર્શનીય અને ઓળખી શકાય તેવું છે.

દાખલા તરીકે એક પાલખી – તેની બનાવટ પહેલાં એક વૃક્ષ હતી. તેનું લાકડું કાપી, તેના પાટીયા કરી, છેવટે પાલખી બનાવી. આ પ્રમાણે પ્રત્યેક બદલતા રૂપનાં નામો પણ બદલાતાં રહ્યાં. પાલખીમાં બેસનાર એવું નહિં કહે કે હું લાકડાંમાં કે પાટીયામાં બેઠો છું – ખરું ને ? વસ્તુઓ પરિવર્તનશીલ છે — શાશ્વત નથી — તે સત નથી.

નામ અને રૂપોથી વસ્તુઓ જુદી જુદી રીતે ઓળખાવી શકાય છે. તેના લક્ષણો દ્વારા તેનું વર્ણન થાય છે, કારણ તેઓ કૃત્રિમ છે - ક્ષણભંગુર છે.

ખરેખર એક ખુરશી શું છે ? એ લાકડાનું અમુક પ્રકારનું રૂપાંતર છે - ખરૂ ? લાકડું હટાવી લો - ખુરશી પણ હટી જશે. લાકડું જે પદાર્થ છે તેનો વિચાર કરશો તો ખુરશી જે દેખાય છે તે નાશ પામશે- તેવી જ રીતે ધર્મ. વર્ણધર્મ, ગૃહસ્થધર્મ, વાનપ્રસ્થધર્મ, સન્યાસ ધર્મ, બ્રહ્મચર્ય ધર્મ, અમુક ધર્મો આ તમામ મૂળ ધર્મનાં રૂપાંતરો છે — જેવાં ખુરશી - પાટલી અને પાલખી મૂળ લાકડાંનાં રૂપાંતરો છે જેવા તમે મૂળ સ્વભાવમાં ઊંડા ઉતરશો એટલી અલગ વિવિધતાઓ અદ્રશ્ય થશે, પ્રાકૃત ધર્મ ઝાંખો થતો જશે અને એકલો આત્મધર્મ રહેશે. રાચરચીલાંની વસ્તુઓ વિલીન થશે અને લાકડું એકલું રહેશે; તેવી જ રીતે પદાર્થનિષ્ઠ ધર્મો અદ્રશ્ય થશે — અને અપૂર્વ ગૌરવાન્તિ આત્મધર્મ એકલો ચમકી ઉઠશે.

વિશ્વના અસ્તિત્વ માટે પ્રાકૃતિક ધર્મો અગત્યના છે, એવું નથી એવું તો હું નહિ કહું. જેવી રીતે લાકડામાંથી રાચરચીલું બને અને વપરાય, તેવી જ રીતે આત્મધર્મ – અર્થાત્ સનાતન ધર્મ યા સત્યધર્મને જ ગૃહસ્થધર્મ, વાનપ્રસ્થધર્મ, વર્ણધર્મ, સ્ત્રી ધર્મ, પુરૂષ ધર્મ, વિગેરે રૂપોમાં વર્ણવામાં આવે છે. મૂળવસ્તુ તમામમાં એક જ છે. પ્રત્યેક જુદા જુદા રૂપો આકારોમાં વસ્તુ એક જ છે. પદાર્થનો ઉપયોગ શી રીતે થાય ? એના વિવિધ રૂપાંતરોમાં તેને વણી લેવામાં આવે છે - અને જુદી જુદી રીતોના વપરાશના કારણે, જુદાં જુદાં નામો અપાય છે. આત્મધર્મ આ પ્રમાણે કકડે કકડે જુદા જુદા હેતુથી અલગ અલગ ખાના રૂપે જોઈ શકાય છે – તે છતાં એ છે તો આત્મધર્મ જ - જેવી રીતે લાકડું કાપે, વેરે - સાંધે અને ગોઠવી અને ફરી ગોઠવે તેવી રીતે આત્મધર્મ સમજો. જ્યાં સુધી ધર્મની વિવિધ રીતિઓ તે આત્મધર્મના લાકડામાંથી સંપાદન કરી છે, ત્યાં સુધી વાંધો નથી. પણ આટલું યાદ રાખજો કે રાચરચીલું ફરીથી વૃક્ષમાં ગોઠવી શકાતું નથી. દુન્યવી ક્રિયાઓના ક્ષેત્રમાં આત્મધર્મ અનુસરો, પરંતુ દુન્યવીધર્મોને આત્મધર્મ કહેતા નહિ. એ તો આદર્શ અને સ્વતંત્ર છે.

ધર્મ એ નીતિમાર્ગ છે. નીતિમાર્ગ એ પ્રકાશ છે, પ્રકાશ એ આનંદ છે. ધર્મનાં લક્ષણો છે પવિત્રતા, શાંતિ, સત્ય અને ધૈર્ય છે. ધર્મ એજ યોગ છે - સંયોગ છે - વિલીનીકરણ છે. તે સત્ય છે. તેના ગુણ છે ન્યાય, આત્મસંયમ, આત્મમાન, પ્રેમ, ગૌરવ, ભલાઈ ચિંતન, સહકાર અને અહિંસા. આ છે ધર્મ જે યુગોથી ચાલી રહેલો છે. તે માનવને વિશ્વ પ્રેમ અને ઐક્ય પ્રત્યે દોરે છે. સર્વશ્રેષ્ઠ શિસ્ત અને સર્વશ્રેષ્ઠ લાભ તેમાં સમાયો છે. આ તમામનું ઉદ્ઘાટન ધર્મમાંથી શરૂ થાય છે. આ બધાં સત્યથી સ્થિર બને છે. સત્ય ધર્મથી અલગ થઈ શક્તું જ નથી. સત્ય એ તો વિશ્વનો કાનૂન છે - જેના વડે સૂર્ય અને ચંદ્ર તેની ધરીઓ ઉપર ચક્કર ચક્કર ફરે છે. વેદો અને મંત્રો એજ ધર્મ છે - વેદમંત્રો દ્વારા મળતું જ્ઞાન એજ ધર્મ છે. ધર્મ એ માર્ગ છે - કાનુની માર્ગ છે. જ્યાં જ્યાં નીતિને અખત્યાર કરવામાં આવે છે ત્યાં ત્યાં ક્રિયામાં સત્ય ધર્મનાં દર્શન થાય છે. ભાગવતમાં પણ કહેલું છે કે - “જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ છે.” જ્યાં ધર્મ અને કૃષ્ણ બંને સાથે છે ત્યાં વિજય છે.

ધર્મ એ સ્વયં ભગવાનનું મૂર્તિમંત સ્વરૂપ છે. કારણ વિશ્વ એ ભગવાનનું શરીર છે. નીતિ નિયમોનું બીજું નામ છે વિશ્વ. આ વાતનો કોઈપણ સમયે કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી.

---

# પ્રકરણ ૪

લોકો વિવિધ કર્તવ્ય, હક્કો અને ફરજો બદલ કહે છે પરંતુ આ મૂખ્ય સત્યધર્મ નથી. એ તો જીંદગીની ગૂંચવણોના ઉકેલ અને નિયમન માટે માત્ર સાધન અને રીતિઓ છે. તે મૂળ પાયો નથી. નીતિના આ તમામ નિયમો અને આચરણના સ્વીકૃત નિયમો અને માન્ય આચરણ બે જાતના પ્રાણીઓ દ્વારા – બે જાતની પ્રકૃતિઓથી પ્રેરાયાં છે. મર્દોની પ્રકૃતિ અને કોમળ સ્ત્રી પ્રકૃતિથી પ્રેરાયાં છે.

તેથી વિશ્વના વ્યવહારિક વિકાસ માટેનો પ્રધાન ધર્મ આ પ્રકૃતિઓના વર્તન અને નૈતિક વ્યવહાર છે. ગમે તે કોઈપણ મહાન ગુરૂ ઉપદેશ કરે તે ઉપદેશ આ બે નિરાળી પ્રકૃતિઓથી પર હોઈ શકે નહિ.

પુરૂષો માટે પુરૂષધર્મ અને સ્ત્રીઓ માટે સ્ત્રીધર્મ અને ઉપરોકત સત્યધર્મના મહત્વનાં યોજન અગત્યનાં છે. અન્ય સંહિતા અને શિસ્ત નિયમો માત્ર પ્રવર્તક અને શાખાઓ જેવાં છે. જેવી રીતે ગોદાવરીનો પ્રવાહ આગળ ધપે છે ત્યારે ઝરણા શાખાઓ મળે છે તેવી જ રીતે ધર્મ પ્રવાહમાં આ બધા મળે છે. આ બધાં વિવિધ સંયોગો, વિવિધ પરિસ્થતિઓ અને વિવિધ પદવી જે અશાશ્વત છે તેની સાથે સંકળાયેલાં છે. તમારે મૂખ્ય નદીનું ધ્યાન રાખવાનું છે પેટા શાખાઓનું નહિ. તેવી જ રીતે જીવન યોજનામાં પુરૂષ અને સ્ત્રીઓના પ્રધાન ધર્મોને મુખ્ય જીવન દોરનારા લેશો અને નાની શાખા ધર્મોને કોઈ નિશ્ચિત સ્થાન આપશો નહિ.

સ્ત્રીધર્મ : સ્ત્રીતત્વ એ તો ભગવાને પોતાની ઉપર ગોઠવેલ પ્રપંચ છે. જે પોતાની ઈચ્છાથી પોતાની શક્તિરૂપે પોતાનામાં રાખેલ છે. આ છે માયા - સ્ત્રી સ્વરૂપે એ કારણે જ સ્ત્રીને પરાશક્તિ સ્વરૂપ માનવામાં આવે છે. પુરૂષની વફાદાર સહચરી સ્ત્રી છે. પુરૂષનું ભાગ્ય તે છે - કારણ ભગવાનની ઈચ્છાનું ધનીભૂત સ્વરૂપ તે છે. સ્ત્રી એક રહસ્ય છે. આશ્ચર્ય છે, રક્ષણના સિદ્ધાન્તોની પ્રતિનિધિ છે. તેના ગૃહની મહારાણી છે. તેની કલ્યાણદાયીની છે. ગૃહની રોશની છે. શક્તિ સ્વરૂપના ધામ સમાન સ્ત્રીઓ કોઈપણ પ્રકારે ઉતરતી નથી. કેવો સંપૂર્ણ શોર્ય સાહસ, ધૈર્ય અને પ્રેમભર્યો સ્ત્રીઓને સ્વભાવ છે ? તેઓમાં ઘણા સદગુણો રહેલા છે. પુરૂષો ભાગ્યે જ તેઓના આત્મસંયમ સાથે સમાન બની શકે. આધ્યાત્મિક માર્ગે પળવા માટે તેઓ પુરૂષોને દ્રષ્ટાંત રૂપ છે. પથદર્શકો છે. સ્ત્રીઓમાં વિશુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ સહજ રુપે રહેલો છે, પૂર્ણ જ્ઞાની સંસ્કારી અને પ્રેમાળ સ્ત્રીઓ જેઓ પોતાના શબ્દો અને કર્મો ધર્મ સાથે સુમેળ સાધે છે કે કેમ તે માટે વિવેકપૂર્ણ સાવધાન રહે છે તેવી સ્ત્રીઓ લક્ષ્મી સમાન છે. પોતાના ગૃહને આનંદ અને સમૃદ્ધિ આપનારી છે. જે ઘરમાં પતિ અને પત્ની પવિત્ર પ્રેમને વશ જે ગ્રંથો આત્માને ભોજન આપે છે તેવા ગ્રંથોના અધ્યયનમાં

તે દંપતી રોજ ગુથાયેલાં રહે છે, જ્યાં ભગવાનનું નામ સંકિર્તન થાય છે. ભગવાનનાં ગુણગાન ગવાય છે. એજ ભગવાનનું ઘર છે - વૈકુંઠ છે. પ્રેમથી પતિમાં આસક્ત સ્ત્રીએ તો વિરલ સુવાસ પ્રસારનાર એક પુષ્પ છે. તેણી અમૂલ્ય રત્ન છે- જેની પ્રભા સમસ્ત પરિવારમાં પથરાય છે સદગુણોવાળી પત્ની વસ્તુત; તેજસ્વી અલંકાર છે.

સ્ત્રી જાતી માટે પતિવ્રત આદર્શ વસ્તુ છે. પતિવ્રતના ગુણથી પ્રાપ્ત થતા બળથી તેઓ ધારે તે કરી શકે છે. પોતાના પતિની જીંદગી પાછી મેળવવા સાવિત્રી તે શક્તિ બળથી સમર્થ બની હતી. યમરાજની સાથે તેણે સાચોસાચ સામનો કર્યો હતો. મહર્ષિ અત્રિનાં પત્ની અને દત્તાત્રેયનાં માતા અનસૂયા ત્રિદેવોને નાના બાળકો બનાવવા સમર્થ થયાં હતાં. નાલાયનિ સતી તેના કોટી પતિની ભક્તા હતી. તે તેના ગૂઢ પતિવ્રતના બળે, સૂર્યની ગતિને અટકાવી શકી હતી. સતીત્વ તો સ્ત્રીઓનાં મુકુટમણિ છે એ સદગુણને કારણે તેની પ્રશંસા થાય છે. તેનાં કલ્યાણકારી પરિણામો અવર્ણનીય છે. એ તો એનો શ્વાસોશ્વાસ છે. પતિવ્રત અને તેની મહાન શક્તિથી સતી પોતાના પતિને મહાદુ:ખમાંથી ઉગારે છે. તેના સદગુણથી તેણી સ્વરક્ષા કરે છે અને સતીત્વ દ્વારા સ્વર્ગ પર વિજય મેળવે છે તે વાત નિ:શંક છે. એક શિકારી જે તેની છેડતી કરતો હતો તેને સતીત્વ શક્તિના બળે; દમયન્તિએ શાપ આપી બાળીને ભસ્મ કર્યો હતો. જ્યારે તેના પતિ નળરાજાએ ક્રુર પ્રારબ્ધનો શિકાર બની, દમયંતિનો ત્યાગ કર્યો, ત્યારે જ જંગલમાં એકાંતવાસમાં મહાન ત્રાસ વેઠ્યો હતો.

સ્ત્રી માટે વિનમ્રતા આવશ્યક છે, તે અમુલ્ય રત્ન છે. વિનમ્રતાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ સ્ત્રી માટે ધર્મ વિરુદ્ધ છે. મર્યાદા ચૂકવાથી ઘણી આફત આવી પડે છે. એટલું જ શા માટે ? સ્ત્રીનું ગૌરવ સ્વયં ઘવાય છે. વિનમ્રતા વિનાની સ્ત્રી અસુંદર અને અસંસ્કારી છે. દીનતા, વિચારો અને વર્તનની પવિત્રતા, સૌમ્યતા, ઉચ્ચ આદર્શોને આધિનતા, ભાવનામય સહૃદયતા, સ્વભાવની મધુરતા આ તમામ સદગુણોનો વિશિષ્ટ સુમેળ એનું નામ છે વિનમ્રતા - સ્ત્રીઓ માટે સર્વશ્રેષ્ઠ કિંમતી તે રત્નો છે.

વિનમ્ર વનિતા પોતાની સહજ ઔચિત્ય ભાવનાથી સર્વદા પોતાને મર્યાદામાં રાખે છે. યોગ્ય શું અને અયોગ્ય શું તે માટે તે કુદરતી સમજણ ધરાવે છે. ગુણવાન કાર્યો અને વર્તનને જ તે વળગી રહે છે, સ્ત્રીની પ્રતિભાની કસોટી વિનમ્રતા છે. જો સ્ત્રીમાં વિનમ્રતા ન હોય તો સમસ્ત સ્ત્રી જાતીના હિતને નુકશાન કરે છે. પોતાના વ્યકિતત્વને તો હલકું પાડે છે જ. આવી સ્ત્રી સુવાસ વિહોણા ફૂલ જેવી છે. જેની જગતને જરૂર નથી. જેનું જગતમાં માન નથી. જે જગતને માન્ય નથી. ગમે તેટલી બીજી ગુણ પ્રવીણતાઓથી સંપૂર્ણ સમૃદ્ધ હોય છતાં વિનમ્રતાના અભાવવાળું

એક સ્ત્રી જીવન વ્યર્થ અને શૂન્ય - પોકળ છે. વિનમ્રતા સ્ત્રીને દિવ્ય પવિત્રતાના સર્વોત્તમ શિખરે પહોંચાડે છે. વિનમ્ર નારી પોતાના ગૃહમાં ગૃહબહાર, જ્ઞાતિમાં તેમજ વિશ્વમાં સત્તાધારી બને છે.

કોઈ વ્યક્તિ અધવચમાં અટકાવી પૂછશે - કે વિનમ્રતાના સમસ્ત મનસંતાપોને ઘોળીને પી જનારી સ્ત્રીઓને આજે માન મળે છે. તેઓ માથાં ઉચાં રાખી ઠસ્સાના નખરાંમાં ફરતી હોય છે અને જગત તેઓને જરાક પણ ઓછો આદર આપતું નથી. આધુનિક જગતના આવા આચરણોનો પરિચય કરવાની મારે જરૂર નથી. તેની સાથે મારે કોઈ સંબંધ નથી. તેઓ કદાચ અમુક પ્રકારનું માન અને આદર પામતી હશે - પરંતું તેવું માન કાયદેસર અને લાયકાત ભર્યું ગણાય નહિ. કુપાત્રને સન્માન કરાય એ તો અપમાન બરોબર છે. આવું માન અપાય તેને સ્વીકારે તેજ એ માન બક્ષીસને નિરર્થક બનાવે છે. એ આદરમાન નથી, પરંતુ સ્વાર્થી અને લોભીઓની અવિનયી વ્યક્તિની માત્ર ખુશામત છે. એ તો ગંદુ ગંધાતું થુંક છે.

વિનમ્ર સન્નારી સન્માન અને સ્તુતિ માટે ઝંખતિ નથી. એનું ધ્યાન તો જે મર્યાદાનું ઉલ્લંઘન કરવાનું નથી તે મર્યાદા પર કેન્દ્રિત હોય છે. વણમાગે વણજાણે માન અને સ્તુતિ તેની પાસે આવે છે. પુષ્પમાં કે કમળમાં રહેલું મધ મધમાખીની આશા રાખી ઝંખતું નથી. તેઓ મધમાખીને આવવા માટે વિનવતાં નથી. પરંતુ મધમાખીએ માધુર્ય ચાખેલું હોય છે માટે ,તેઓ જાતે જ પુષ્પને શોધતી હોય છે અને ધસી આવે છે. તેઓ આવે છે કારણ તેઓને માધુર્યમાં આસક્તિ છે. તેવી જ મર્યાદાની જ્ઞાતા સ્ત્રી અને તેનાથી સહજ પ્રગટતા  આદરનો સંબંધ રહેલો છે.

યદિ એક કમળ ઉપર દેડકો બેસીને પોકારી જગતને કહે એનો અર્થ એવો થાય કે તે પુષ્પની મધુરતા અને સુંદરતાની કિંમત તે જાણે છે ? આ બધાં તેણે ચાખ્યાં કે અનુભવ્યાં છે ? કમળની ભલે તે ખુશામત કરે પણ કમળમાં શું રહેલું છે તે તો તેણે જાણ્યું હોતું નથી જ. આધુનિક નારીઓને જે આજે માન આપવામાં આવે છે તે આ દેડકા જેવું છે. શું પારખવું અને કેવી રીતે પારખવું તેનું જેને જ્ઞાન નથી એવા લોકો આવું માન આપે છે. તેઓને નિર્ણયનાં માપોની ખબર નથી. અંતિમ કિંમતોમાં તેઓને શ્રદ્ધા નથી. ખરેખર સારૂ અને મહાન છે તેને તેઓ માન આપતા નથી. આવું અપાયેલું માન અગર આદરને, માન કે આદર કેવી રીતે કહેવાય ? એને તો એક પ્રકારનો રોગ યા વ્યાધિ કહેવાય. વધુમાં વધુ સારી રીતભાતનો પુરાવો મનાય. તેથી વધુ કંઈ નહિં.

આત્મધર્મના સિદ્ધાંતો વિનમ્રતા વિહોણી સ્ત્રીને સ્ત્રી ગણતા જ નથી. જે વ્યક્તિ સત્યધર્મનું પાલન કરતી નથી તેના પર આદર અને માનના બોજા લાદવામાં આવે, એ તો નિર્જીવ મૃતદેહ પર શણગારોના ઢગલા કરવા જેવું છે, જે આત્માએ દેહને છોડી દીધો છે તે જીવાત્મા, તેના મડદાંને અપાતું આદરમાન માની શક્તો નથી, તેવી રીતે જેને સત્યની પીછાણ નથી જેણે

આત્માના દેહનો હેતુ જ અનુભવ્યો છે, તે જે કીર્તિ અને ગૌરવ પ્રાપ્ત થાય — પરતું તેમાંથી આનંદ કોણ મેળવી શકે છે ?

વિનમ્ર સન્નારી આવા નિરર્થક ફાસકુસ કચરા અને ખોટા ભભકા પાસે નમતી નથી. ઉલટું તેણી સ્વમાન શેમાં છે તે જોશે. જે સ્વમાન વધુ સંતોષકારક છે. આ લક્ષણ તેને ગૃહલક્ષ્મી બનાવે છે. તેથી પત્નીને ગૃહલક્ષ્મી કહે છે. જો પત્નીમાં આ સદગુણ નથી તો ગૃહ કદરૂપું સ્થાન બને છે .

સ્ત્રી એ તો ઘરનો તેમજ ધર્મનો સ્તંભ - આધાર સ્તંભ છે. ધાર્મિક શ્રદ્ધાને તે રોપે છે, ઉછેરે છે - પાકે છે પછી તેને સાફ કરે છે, આધ્યાત્મિક પ્રયાસ અને શ્રદ્ધા માટે સ્ત્રીઓને કુદરતી વલણ હોય છે. ભક્તિભાવ શ્રદ્ધા અને દીનતાવાળી સ્ત્રીઓ, પુરૂષોને પ્રભુના પંથે દોરે છે અને પવિત્ર ગુણોને કેળવે છે. તે પરોઢમાં વહેલી ઉઠે છે - ઘરને સાફસુફ કરે છે. સ્નાનાદિથી પરવારીને જપ અને ધ્યાનમાં થોડો સમય મગ્ન રહે છે. તેઓ ઘરમાં એક નાનકડું અલગ પુજાગૃહ રાખે છે, ત્યાં તેઓ ભગવાનની પ્રતિમા પધરાવે છે – પવિત્ર સંતો - ગુરૂ અને સાધુઓની છબીઓ રાખે છે - તે પૂજાગૃહને વિશિષ્ટ પ્રકારે પવિત્ર ગણીને દિવસોમાં, પર્વોમાં, સવારે અને સાંજે બંને વખત પ્રાર્થનાઓથી વાતાવરણ ભરી દે છે. જે સ્ત્રી દ્રઢતાપૂર્વક આવું બધું આચરે છે, તે તેના નાસ્તિક પતિને પણ જીવનપલટો લાવી પ્રાર્થનામાં સંમિલિત થવા, કોઈ કલ્યાણકારી કાર્યોમાં પ્રવૃત્ત થવા અથવા ઈસ્વરાર્પણ વલણથી અંકિત થયેલી કે સામાજીક યોજનામાં શુભ કાર્યો કરવા વિનવે છે. ખરેખર ઘરનો નિર્વાહ સ્ત્રી જ કરે છે – તે તેનું જીવન ધ્યેય, વસ્તુતઃ તે શક્તિની પ્રતિનિધિ છે.

તેથી ઉલટ યદિ પત્ની પોતાના પતિને પ્રભુ પંથેથી – આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકામાંથી, વિષયોની તૃપ્તિના માર્ગે ખેંચી પતન કરે છે. અથવા યદિ પતિ પોતાની આધ્યાત્મિક પ્રયાસોમાં આનંદ શોધતી પત્નીને ઉંધા માર્ગે વાળવા, સન્માર્ગથી પાછી ખેંચે છે - આવા દંપતિના ગૃહને ગૃહ કહેવા લાયક નથી. એ નર્ક છે ગૃહ નથી - એ તો સ્મશાનની ભઠ્ઠી છે. જ્યાં ભૂતપ્રેતો વિચરે છે.

ખરેખર સ્ત્રીએ આત્મજ્ઞાન મેળવવું જોઈએ અને પ્રત્યેક પળે પોતે માત્ર આત્મા છે એવું ચિત્તમાં રાખી જીવવું જોઇએ, દિવ્યચૈતન્ય સાથે ઐક્ય પ્રાપ્ત કરવા તેણે હમેશાં ઈચ્છા રાખવી જોઈએ. જે ગૃહમાં આવી ગૃહિણી છે, જ્યાં પતિપત્ની ઉચ્ચ આદર્શોની છાયામાં જીવનું ગુજારે છે જયાં દંપતિ ભેગાં બેસી ભગવાનનાં યશોગાન ગાય છે અને સત્કર્મોમાં સમય વીતાવે છે, જ્યાં સત્ય, શાંતિ અને પ્રેમનું સામ્રાજય પથરાય છે, જ્યાં પવિત્ર ધર્મ ગ્રંથોનું નિયમપૂર્વક વાંચન થાય છે, જ્યાં ઇંદ્રિયો સંયમમાં રહે છે જ્યાં મૂળભૂત સર્જનની ઐક્યતાના જ્ઞાનથી પ્રેરિત, સંપૂર્ણ સર્જન પ્રત્યે સમભાવ રહે છે તે ગૃહ ખરેખર ભૂતળ પર સ્વર્ગ છે.

આવા સ્વભાવવાળી પત્ની ખરેખર સાચી પત્ની છે. તેને તેના પતિ પ્રત્યે સાચો પ્રેમ હોવો જોઈએ. તો જ તેને ગૃહિણી કહી શકાય, તો જ તે ધર્મ પત્ની કહેવાય. તો જ ભાર્યા ગણાય. તેમજ ધર્મ અર્થ અને કામમાં સાધન અને સહચરી મનાય. જે પત્ની પતિનું મન સમજી જાય છે મૃદુ અને મધુર વાણી રાખે છે એ જ સાચી મિત્ર છે. એટલું જ નહિ કેટલીક વખત જ્યારે પતિને ધર્મ માર્ગ બતાવવાનો હોય છે ત્યારે પત્નીને પિતાનું પાત્ર પણ ભજવવું પડે છે. પતિ જયારે માંદગીના બિછાને પડેલો હોય ત્યારે પત્નીને માતારૂપ બનવું પડે છે.

સ્ત્રીએ પતિસેવામાં પ્રથમ સ્થાને રહેવું જોઈએ. તેણી માટે એજ સાચી ભક્તિ છે. તેની પ્રાર્થના, ભજન અને પૂજા થોભી શકે પતિને સંતોષ્યા વગર પત્નીને ભક્તિ અને ધ્યાનમાં સાચું સુખ સાંપડતું નથી.

ખરેખર તો પતિ સ્વરૂપે પ્રભુનો સત્કાર કરવો જોઈએ અને તેને કરેલી તમામ સેવા ભક્તિના દરવાજા સુધી ઉન્નત કરવી જોઈએ, સાચો કર્તવ્ય માર્ગ તે છે. યદિ પ્રત્યેક ક્રિયા આત્મા માટે કરવામાં આવે- આત્માના વિલીનીકરણ માટે કરવામાં આવે - તો તમારી ક્રિયાઓ પ્રભુને સમર્પણ થઇ ગયા સમાન છે, આવાં પ્રત્યેક કર્મો બંધનને બદલે સહાય કરે છે. પતિ ગમે તેટલો દુષ્ટ અથવા હલકો હોય – તેની સાથે કોઈ નિસ્બત નથી, પત્નીએ પ્રેમથી તેને સુધારવો જોઈએ, સુમાર્ગે લાવવો જોઇએ અને ભગવાનના આશીર્વાદ મેળવવામાં તેને મદદ કરવી જોઈએ, કેવળ પોતાનો જ વિકાસ મહત્વનો છે અને પતિના સુધાર યા ઉન્નતિ સાથે તેને કોઈ સંબંધ નથી એવું મંતવ્ય સાચું નથી ઉલટું તેને લાગવું જોઈએ, કે તેના પતિનું કલ્યાણ પતિનો આનંદ, પતિની ઇચ્છાઓ અને પતિની મૂક્તિ આ બધાં તેનાં પોતાનાં પણ છે. આવી સ્ત્રીને ભગવાનની કૃપા મળશે; તે પણ વિશિષ્ટ પ્રયાસ વિના સહજ રીતે સ્વયં કૃપાનો વરસાદ થશે. ભગવાન હંમેશાં તેની સાથે બાજુમાં જ રહેશે — અને તેના પ્રત્યે દરેક રીતે દયા કરશે. પોતાના સદ્દગુણના બળે તે પોતાના પતિની મૂક્તિ પણ નિશ્ચિત કરશે.

---

# પ્રકરણ ૫

પુરૂષો અને સ્ત્રીઓ બંને માટે શિક્ષણ આવશ્યક છે. પરંતુ સ્ત્રીશિક્ષણ તેઓની વિશિષ્ટ જરૂરીઆતોને અનુલક્ષીને હોવું જોઈએ. શિક્ષીત સ્ત્રીઓ સમસ્ત સૃષ્ટિને માટે ધર્મના પ્રવર્તકો છે. યોગ્ય શિક્ષણ સંપાદન કરાવવામાં માબાપે પણ સહકાર આપવો જોઈએ. કેટલીક વસ્તુઓમાં સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી જોઈએ નહિ. આવી સ્વતંત્રતા આપવામાં હું સંમત થઈશ નહિ. તેઓને આદર્શ સ્ત્રીઓ બનાવવી જોઈએ. તેઓનું શિક્ષણ તે પ્રકારનું હોવું જોઇએ.

નિરંકુશ સ્વાતંત્ર્ય ધર્મનો વિનાશ કરનારૂં છે. ઉપરાંત આથી તો સ્ત્રીઓને પોતાને જ નુકશાન થાય છે. વિચાર વિવેક વિના હળવું મળવું વિનાશકારી પરિણામો સર્જે છે. ભૂતકાળમાં પણ શિક્ષીત સન્નારીઓ હતી. પરંતુ તેઓએ સ્વધર્મને કદી છોડ્યો ન હતો. આત્માનંદનું ધ્યેય તેઓ કદી પણ ચુક્યાં ન હતાં. વિદ્યા અને શિક્ષણ વિવેકના પાયા પર રચાવવાં જોઈએ. સુલભા, સાવિત્રી, અનસૂયા, ગાર્ગી, નલયાની અને બીજા એવાં પતિવ્રતાઓના નમુનાઓ, ભગવાનની ભક્તાઓ મીરાંબાઈ, ચુડાસમી યોગીનીઓ, આ સર્વ મહાનારીઓ ભારત દેશમાં જ જન્મી હતી - તેઓએ સ્વધર્મને વળગી રહીને, ધર્મને વધુ મજબુત બનાવ્યો હતો. એક વખત જ્યારે સુલભા પોતાની વિદ્વત્તા અને અનુભવથી આત્મા સંબંધી પ્રવચન કરતી હતી, ત્યારે જનક પણ મંત્રમુગ્ધ થયા હતા, આવી મહાન અને પવિત્ર સન્નારીઓના દ્રષ્ટાંતોથી, તેમજ તેમના ભક્તિ અને જ્ઞાનથી પ્રેરિત ચારિત્ર્ય અને વર્તનના કારણે આજે પણ ભારતદેશની સ્ત્રીઓનાં હૃદય સાદાઈ, વિનય અને ભક્તિથી ચમકી રહેલાં છે.

હવે સ્ત્રીઓએ તેઓના જીવનમાંથી પ્રેરણા મેળવવી જોઇએ, જેવું તેમણે ભૂતકાળમાં કર્યું તેવું જીવવા પ્રયાસો કરવા જોઇએ - હિંદુ નારી સમક્ષ સર્વદા ધર્મનો આદર્શ અને આધ્યાત્મિક શિસ્તનો વિકાસ, દોરવણી સ્વરૂપે રહેવો જોઈએ. આજના ભૌતિક જગતમાં - જે કોઈ વસ્તુએ મહત્તા પ્રાપ્ત કરી છે તે સર્વ પર તે સ્વામિત્વ મેળવી શકે છે. અધ્યાત્મનું સાચું કલ્યાણ ભુલવું જોઈએ નહિં. અંતરદ્રષ્ટિને કેળવનાર વેદાન્તના અધ્યયનમાં તેણે રસ લેવો જોઈએ. આવી કેળવણી વગરની સ્ત્રી, આધાર વગરના ખડક જેવી છે, પોતાની જાતને અને બીજાઓને ભયકારક છે, સમતોલપણાં વગરની વ્યક્તિ છે. આવા અભ્યાસ પ્રેમી સુલભા વિગેરે ખૂબ વિખ્યાત બ્રહ્મવાદીઓ બની ગયાં. સ્ત્રીઓમાં ભારતે આવાં અસંખ્ય સંત સાધ્વીઓ અને વિદુષીઓ પ્રગટાવ્યા છે. પંડિતો અને વિદ્વાનો, પ્રેરણા મેળવવા અને દોરવણી પામવા આવી સન્નારીઓ પાસે જતા.

વિકાસનો પાયો શો ? સ્ત્રીઓના સુયોગ્ય શિક્ષણ ઉપર રાષ્ટ્રના, જ્ઞાતિના અને કુટુંબના વિકાસનો આધાર રહેલો છે. આત્મવિદ્યા પર સ્વામિત્વ મેળવનારી સન્નારીઓ દ્વારા જ રાષ્ટ્ર તેની

પ્રાચીન મહાનતાના ઉન્નત માર્ગે ચડી શકે છે. આત્મવિદ્યા એટલે સત્યના સાક્ષાત્કારનું વિજ્ઞાનશાસ્ત્ર, યદિ રાષ્ટ્રને અમીટ વૈભવ અને શાંતિ મેળવવાં હોય તો નૈતિક આચરણ અને નૈતિક ગુણોને મહત્ત્વ આપનારી જે શિક્ષણ પદ્ધતિ છે - તે દ્વારા સ્ત્રીઓને કેળવણી આપવી જોઇએ. નૈતિક માપદંડો અને સામાજીક શાંતિના પતન અને વિનાશનું કારણ સ્ત્રીઓની આવી કેળવણી પ્રતિની ઉપેક્ષા છે. પૃથ્વી અને આકાશ આજે પણ તેનાં તે જ છે. તફાવત થયો છે માત્ર શિક્ષણ પદ્ધતિમાં - આ શિક્ષણ પદ્ધતિ ધર્મમાંથી અધર્મ પ્રત્યે લઈ જાય છે.

આધુનિક શિક્ષણને વિદ્યા કહેવામાં આવે છે — પરંતુ એ તો માત્ર બોલવાની રીતિ છે — જો તમે આજના શિક્ષિત વર્ગનાં કર્મો અને તેમના વ્યક્તિત્વનાં દુર્લક્ષણો જોશો તો જણાશે કે આ વિદ્યાને વિદ્યા કહેવાય જ નહિ. ગમે તેવા બાહ્ય સંયોગો હોય તે છતાં શિક્ષિત વ્યક્તિએ આત્માના આંતરિક આનંદને ગ્રહણ કરવો જોઈએ. અસ્તિત્વનો હેતુ શો તેની સમજની દ્રઢ પકડ આવી જવી જોઈએ. આત્મસાક્ષાત્કારના શિસ્તથી તે જ્ઞાત થવો જોઈએ. પ્રાચીન કાળમાં ઈશ્વરકૃપાનું પ્રમાણપત્ર પ્રત્યેક વિદ્યાર્થી મેળવવા મથતા હતા. જેઓ નીતિ કેળવવામાં પારંગત થાય છે તેને જ આવી પ્રમાણપત્રની ઉપાધિ આપવામાં આવે છે – આત્મજ્ઞાન, સહજ પ્રેરણાબુદ્ધિની ઉન્નતિ, સારૂં ચારિત્ર્ય શુધ્ધ આદતો, ઈંદ્રિયસંયમ, મનસંયમ અને દિવ્યગુણોનો વિકાસ વિગેરે પણ આવા પારંગત થયેલા વિદ્યાર્થીને પ્રાપ્ત થાય છે. જો કે આજે બધી વસ્તુઓ વિપરીત છે. થોડાં પુસ્તકો ગોખીને આજે ઉપાધિપત્ર મેળવી શકાય છે. ઉપરોક્ત કેળવણી આધુનિક શાળાઓના અભ્યાસક્રમમાં સાંપડતી નથી.

સારી રીતે યોજીત પધ્ધતિથી સ્ત્રીઓને શિક્ષણ આપવું જોઇએ. દેશના કોયડાઓ સમજવા તે શક્તિમાન થવી જોઈએ. દેશને, જ્ઞાતિને અને કુટુંબને, તેણીએ પોતાના સાધનો અને શક્તિની મર્યાદામાં હોય તેટલી સહાય અને સેવારૂપ બનવું જોઈએ. સ્ત્રીઓના સંસ્કાર સિવાય કોઈપણ રાષ્ટ્રનું સર્જન થતું નથી. આજની માતાઓ આવતી પેઢીને આકાર આપે છે - માતાઓ પૂરી સાવધાન અને બુધ્ધિમતી નથી – તેથી તેમણે ઉછેરેલી આજની પેઢી અધર્મ અને અન્યાયથી ભરેલી છે. ભલે વીતી ગયું તે ભલે ગયું — પરંતુ હવે પછીની બીજી પેઢીને બચાવવા માટે, સમયસર સ્ત્રીઓને સાવધાન કરવાની રહે છે અને પોતાના પ્રતિકરૂપે પ્રાચીનમાર્ગની દોરવણી લેવા કહેવાનું છે.

ભૂતકાળ - વર્તમાનકાળ અને ભવિષ્યકાળ બધા સમયમાં સ્ત્રીઓ વિકાસનો આધાર છે. રાષ્ટ્રનું હૃદય છે – સ્વયં શ્વાસોશ્વાસ છે. આ ભૂતળપરના જીવનમાં ધર્મમાં તેઓ મુખ્ય પાત્ર ભજવે, જે - પવિત્રતાથી પરિપૂર્ણ થયેલું પ્રધાનપાત્ર સ્ત્રીઓ ભજવે છે. સત્ય અને નીતિના નિયમો પ્રસારવાનું તેનું ધ્યેય છે. તેણે સંતાનોને નૈતિક અને આધ્યાત્મિક કેળવણી આપવાની છે. જ્યારે

માતા ધર્મ ગ્રાહી હોય છે ત્યારે તેનાં સંતાનોને તેનો લાભ મળે છે અને સમાન રીતે ધર્મમાં તરબોળ બને છે. જ્યારે માતા નીતિમાં પારંગત હોય છે ત્યારે સંતાનો પણ નીતિમાં શિક્ષણ પામે છે. દેશની ઉન્નતિ થશે કે પડતી થશે, તે તો સ્ત્રીશિક્ષણની ભૂમિકા ઉપર નિર્ધારિત છે. તેણીના કર્મો અને આચરણ એ કસોટીકારક તત્વો છે.

આ બાબતમાં વડિલો અને માબાપની જવાબદારી ઘણી જ મહાન છે. આજનો વિદ્યાર્થી જ જુઓ. તેનામાં સંસ્કારનો છાંટો દેખાતો નથી અધ્યાત્મ અને આત્માની વાતો તેઓમાં હાસ્યભાવ જગાડે છે. વાણીવિલાસ અને પોષાકોની ગુલામી એ છે આધુનિક રિવાજ, આ અસલ સંસ્કાર નથી. જ્યારે ગૃહચર્યા કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આજની શિક્ષીત સ્ત્રી નિઃસહાય બને છે. તેઓના ઘર એક હોટલ બની જાય છે. તેઓ રસોઈઆ અને કામવાળી ઉપર અત્યંત પરાધીન બની જાય છે. આધુનિક શિક્ષીત નારી ઘરના શણગાર જેવી એક રંગીન પૂતળી - ઢીંગલી છે પતિને એક અડચણ બની, તેના ગળે ભારરૂપ છે. સર્વ જાતની ચીજો પરની તેણીની માગણીથી તે નીચોવાઈ ગયો હોય છે. ગૃહવ્યવસ્થા કાર્યમાં તે ભાગીદાર બનતી નથી અને કેવળ પ્રમાદી બની, વ્યાયામ વગર ખાવા અને પીવામાં પડી રહી, માંદી પડે છે અને જલ્દી મૃત્યુ માર્ગે વળે છે.

આજની નારીની આવી નિરંકુશ વર્તણુક વિશ્વને ધર્મના પતનના વાતાવરણથી ઘેરી રહી છે. સુંદર ચારિત્ર્ય અને ઉચ્ચ સદગુણોના વિકાસની બેપરવાઈ રાખી, અનિત્ય સુખોની પાછળ દોડતી નારીઓ પોતાની જાતને જ નુકશાન કરી રહી છે. તેઓના ગુમાનને સંતોષતા મિથ્યા સ્વાતંત્ર્યથી તેઓ અંજાઈ જાય છે. કોઈ નોકરીમાં જોડાઈ જવું, (ડીગ્રીઓ) ઉપાધિઓ સંપાદન કરવી, વિવેક અને વિચાર વગર ગમે તેની સાથે રખડવું, વડીલોનો અનાદર કરવો, દુષ્ટતા અને પાપનો ભય ન રાખવો, પવિત્ર અને સારા માણસોના હક્કોની અવગણના કરવી, પોતાની ઈચ્છા ઉપર પોતાના પતિને નાચવા ફરજ પાડવી – પોતાની ભૂલો માટે પ્રાયશ્ચિત કરવા ના પાડવી, શું આ બધાં શિક્ષણનાં ચિહ્નો છે ? નહિ. એ બધાં અવિદ્યાનાં ભયાનક રાક્ષસી સ્વરૂપો છે. એ તો છે અશિક્ષિતનું મિથ્યાભિમાની વર્તન, જે તેને જ કુરૂપ અને અણગમતું બનાવે છે, સ્ત્રીધર્મને તે હલકો પાડે છે.

યદિ પત્નીને પોતાના પતિનું ગૃહ પવિત્ર લાગે તો તે ગૃહ સ્વયં તેનામાં સદગુણ અને કલાનો ઉદય કરશે. તેણીના માટે આવા ગૃહથી વધુ સુંદર જગ્યા કોઈપણ મળશે નહિ. એક સંત કવિએ તો ગાયું છે કે પત્ની માટે તેના પતિનું ગૃહ મંદિરરૂપ છે. તેની શાળા છે, તેનું રમતગમતનું મેદાન છે, તેનું રાજકીય ક્ષેત્ર છે. તેના સ્વાર્થ ત્યાગનું ક્ષેત્ર છે, તેનો આશ્રમ છે.

શિક્ષીત નારીઓ પોતાની કલાશક્તિ, ભાવના, વલણ, ઈચ્છા, ચારિત્ર્ય, શૈક્ષણિક સ્થાન, જીવનપદ્ધતિ, શિસ્ત અને વિદ્વત્તા પ્રમાણે, તેની આસપાસના સમાજની ઉપયોગી સેવા કરી શકે

છે. પરંતુ માબાપની પ્રતિષ્ઠા આબરૂ - પોતાના કુટુંબની અને પોતાની આબરૂને ઝાંખપ લાગે નહિ તે માટે જાગ્રત રહેવું પડશે. સુંદર ચારિત્ર્ય વગર નારી એ શબ સમાન અપવિત્ર છે, તેથી વિશ્વમાં વિચરતી વખતે નારીઓએ સર્વદા ખૂબ જ સાવધાન રહેવાનું છે. તેમણે તોછડી વાચાળતા અને છુટથી મળવાનું વર્તન છોડી દેવું જોઈએ. એક વિચારશીલ વિવેકી નારી પોતાના પતિની કીર્તિ અને સન્માનની પ્રભામાં ઉમેરો થાય તેવાં જ કૃત્યો આચરશે, જેનાથી તે પ્રભા ઝાંખી થાય તેવું કદી વર્તન કરશે નહિ, તેથી જ કહેવાય છે કે "સદ્દગુણ એ જ શિક્ષીત વ્યક્તિનું લક્ષણ છે - સદગુણ શિક્ષણની યોગ્યતા સ્થાપે છે."

હું એવી ઘોષણા નથી કરતો કે સ્ત્રીઓને શિક્ષણ ન આપવું અગર તેઓએ સમાજમાં ન ફરવું. ગમે તે ભણે - ગમે ત્યાં તેઓ ફરે, પરંતુ જો સદ્દગુણો સંપાદન કર્યા હશે, જેનાથી સત્કર્મો અને સુંદર આદતો પડી હશે, તેમજ સનાતન ધર્મ અને સાધના પ્રત્યે શ્રદ્ધા હશે તો તેનો અભ્યાસ સફળ બનશે અને ખરેખર સમાજને પણ લાભ થશે. અભ્યાસ અને સમાજ સ્વયં ખરાબ નથી, જે વ્યક્તિ તેનો ઉપયોગ કરે છે તેના સ્વભાવ પ્રમાણે તેના પ્રત્યાઘાત થાય છે અને તે મુજબ સારાં યા નરસાં પરિણામો થાય છે. બિલાડી તેના મુખમાં તેનું બચ્ચું પણ લે છે અને એજ મુખેથી ઉંદરને પણ પકડે છે – પણ તેમાં કેટલો તફાવત છે ? બચ્ચાને દુલાર કરે છે- ઉંદરને મારી નાખે છે. મુખ તો તટસ્થ છે. એ તો બચ્ચું છે કે ઉંદર છે, તેના ઉપર તેના વર્તનનો આધાર છે.

તેવી જ રીતે જ્ઞાન વિચારશક્તિનો વિકાસ કરી શકે, સેવાનાં ઝરણાં પ્રગટાવી શકે, સત્ય શોધ માટે પ્રેરણા આપી શકે, મહાપ્રભુની શોધમાં સહાય કરે, પરમહંસત્વ પ્રાપ્ત કરવાનો પંથ પણ ખોલી શકે - તેનાથી ઉલટું તે જૂઠાણાંના મૂળને સિંચન કરે - દંભ, નિર્દયતા અને અન્યાયનાં પોષણ કરે તેમજ જગતના માનવની કારકિર્દીનો વિનાશ કરવા માટે છેતરપીંડીના વધુ નવીન માર્ગો પણ તે શીખવી શકે -અને તે પ્રેમને, ઝેરી તિરસ્કારમાં પલટાવી શકે, સત્યને તોફાનનું મૂળ બનાવી શકે.

તેથી સ્ત્રીએ ગમે તે વિષયોનો અભ્યાસ કર્યો હોય કે પારંગત હોય, ગમે તેટલી ઉપાધિઓ મેળવી હોય, તેનું પોતાનું કે તેના પતિનું ગમે તેટલું ઉચ્ચ સ્થાન કે પદવી હોય, તેણે જ આ સત્યોને દ્રઢતાથી વળગી રહેવું જોઈએ. સુંદર ચારિત્ર્યમાં સાચું સૌંદર્ય સમાયું છે. નીતિ એ તો નારીના શ્વાસોશ્વાસ સમાન છે. વિનમ્રતા તેની જીવનશક્તિ છે. સત્યમાં શ્રધ્ધા એ તેનું નિત્ય કર્મ છે. પાપનો ડર, પ્રભુનો ડર આવા ડરનાં બીયાંનું રોપણ તેણે હૈયે કરવું જોઈએ, અને દીનતાનું સૌન્દર્ય કેળવવું જોઈએ.

ધાર્મિક નૈતિક અને પાર્થિવ ક્ષેત્રોમાં, ધર્મની કડક આજ્ઞાઓનું પાલન કરવું જોઈએ અને તે આજ્ઞાઓને ધર્મનો સાર સમજવો જોઈએ, પોતાનું સ્વમાન – શીયળની ખાતર તેણે પોતાની

જીંદગીનું બલિદાન દેવા તૈયાર રહેવું જોઈએ. તેણે પતિવ્રતનાં પાલન કરી, પતિની પ્રતિષ્ઠાનું સંરક્ષણ કરવું જોઈએ. સ્ત્રીનો આ મુખ્ય ધર્મ છે. સ્ત્રી તરીકેના જન્મનું આજ કારણ છે.

# પ્રકરણ ૬

મનુષ્યની સગવડતાને અનુકૂળ થવા માટે ધર્મના સિદ્ધાંતો બદલાશે નહિ રૂપાંતર રહિત ધર્મ, તરીકે આજે અને હંમેશાં ટકશે. અલબત્ત પ્રચલિત ધર્મના નિયમો અને સામાન્ય ઉપયોગ, બદલાતાં કારણો મુજબ બદલાય છે, તે છતાં, એ ઉપયોગો શાસ્ત્રના પાયા પર છે કે કેમ તેની કસોટી કરવી રહે છે — લાભ થાય છે કે કેમ તેનો વિચાર કરાય નહિ. આવી કોઈ ગણત્રી કરી શકાય નહિં. શાસ્ત્રો ધર્મના નિયમોને હંમેશા ટેકો આપે જ એવું નથી, જેનાથી દેખીતાં અનુભવ ગમ્ય લાભો થાય, તેમજ વેદો પણ એવાંજ કર્મો સુચવતાં નથી. આવી રીતે ધર્મની ગણના કરી શકાય જ નહિં. સીધી પ્રત્યક્ષ સાબિતી અશક્ય છે. મીમાંસા કહે છે કે ધર્મ વેદમંત્રો દ્વારા જ ઓળખી શકાય છે — અને વેદો પણ એવાં સત્યોનું સ્પષ્ટીકરણ કરે છે, કે જેનું પ્રત્યક્ષ પ્રતિપાદન થઈ શક્તું નથી.

પરિણામો પર દ્રષ્ટિ રાખીને ધર્માચરણ કરે છે અને જો તેનો લાભ વ્યક્ત અને તાત્કાલીક ન મળે તે, ધર્મ ના નિરાદર પણ  ન મળે તો, ધર્મનો નિરાદર પણ થાય - પ્રત્યેકની સમાન ધારણા હોતી નથી - પ્રત્યેકનાં સમાન માપ હોતાં નથી. દાખલા તરીકે સ્નાનનાં ફળ માટે દરેકનાં જુદાં જુદાં મંતવ્યો હોય છે. તે જ પ્રમાણે સંધ્યા, જપ અને ધ્યાનમાં બતાવેલાં ફળો માટે પણ પ્રત્યેકની અલગ અલગ માન્યતા હોય. કેટલાક લોકો સાંજના ગાયત્રી મંત્રનો જપ જતો કરી તેના બદલે વિષ્ણુસહસ્ત્રનામ જપે છે અથવા શિવસહસ્ત્રનામ જપે છે. "કાલે સંધ્યા સમાચરેત્" નિયત સમયે સંધ્યા કરો એવું કહેવાયું છે પરંતુ આવી સૂચના હોવા છતાં, આ પ્રમાણે સાયંસંધ્યા રદ કરવી એ ધર્મભંગ નથી ? તે જ પ્રમાણે પ્રત્યેક વર્ણ માટે નિયત આજ્ઞાઓ છે.

ગીતાજીમાં કહે છે કે “ચાતુર્વણ્યમ્ મયા સૃષ્ટમ્ ગુણકર્મ વિભાગસઃ" તેનો અર્થ સ્પષ્ટ છે. ગુણ અને કર્મોના આધારે મેં વહેંચણી કરીને ચારેય વર્ણોનું સર્જન કર્યું છે. આ છે ઉપદેશ - ખરૂં ને ? પરંતુ આ સર્વ જાતની ક્ષુદ્ર દલીલો અને શુષ્ક તર્કો ઉપર આધાર રાખીને, ઘણા માણસો ભગવાનનો કે પાપનો ડર રાખ્યા સિવાય પોતાને ગમે છે તે ધર્મનું અનુસરણ કરે છે અને નિર્દોષ અજ્ઞાની લોકોને તે ખોટા માર્ગે ઘસડે છે પણ ખરા. તે જ કારણે કચરાએલાઓની ઉન્નતિ કરવા અને ધર્મની સંસ્થાપના કરવા માટે ભગવાન અવતાર લે છે, ધર્મનો પોકાર પ્રભુને સાકારરૂપ લેવાનું કારણ બને છે. ગીતાજીમાં આવું રણકતા અવાજે કહેવામાં આવ્યું છે. ખરૂં ને ?

## “ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે"

અહીં એક વસ્તુ સ્પષ્ટતાથી સ્વીકારવાની છે. ગીતાજીના ઘણાં વાંચનારાઓ એવું માને છે કે, ધર્મનો વિનાશ થાય છે અને અધર્મનાં તત્વો પ્રસરવાનો પ્રારંભ કરે છે ત્યારે ભગવાન અવતાર લે છે. પરંતુ ધર્મનો વિનાશ થયો છે એવું માનવા કોઈ પાયો નથી. ગીતાજી પણ એવું કહેતાં નથી. શબ્દપ્રયોગ “ગ્લાનિ" છે. અર્થાત્ જ્યારે ધર્મ ભયમાં છે, એવાં ચિન્હો દેખાય ત્યારે “હું તેને નુકસાન થતું અટકાવી રક્ષા કરવા હું આવીશ," એવું ભગવાને કહ્યું નથી કે તે આવતાર લઈને તેની રક્ષા કરી પાલન કરશે, ત્યારે જયારે સ્વયં ધર્મનો વિનાશ થયો હશે. મૃત્યુ થયા પછી ડૉક્ટરનો શો ઉપયોગ ? તે પ્રમાણે ધર્મ જે માનવજાતની શ્વાસોશ્વાસ ક્રિયા છે, તે ધર્મનો વિનાશ થઈ જાય, પછી ભવરોગ વિદ્યા અર્થાત્ ભગવદ્ અવતારની શી આવશ્યકતા છે ? ભગવાન શેની રક્ષા કરશે ? તેથી "ગ્લાની" શબ્દનો પ્રયોગ થયો છે - જે સૂચવે છે પડતી, વિનાશ નહિં— ધર્મ નબળો પડે છે ત્યારે - ધર્મ રક્ષા ભગવાનનું અવતાર કાર્ય છે. કારણ ધર્મ જીવમાત્રનો પ્રાણવાયુ છે.

ધર્મ સામાન્ય વસ્તુ નથી, જે ધર્મનું આચરણ કરતો નથી તે મડદાં સમાન છે. જે આચરે છે તે દિવ્યસ્વભાવનો છે. હવે માનવોને ધાર્મિક માર્ગે વાળવાનો ઉપદેશ આપવાની જરૂર છે. આ ઉપદેશમાં ધર્મ માર્ગ પાળનારને કેવા આકર્ષક પરિણામો અને ફળો મળે છે. અધર્મીઓનો સંગ છોડવાની ધમકી અને છેલ્લા સાધનરૂપે અધર્મીઓને સજા કરવી જોઈએ — વિગેરે વસ્તુઓનો આવા ઉપદેશમાં સમાવેશ થવો જરૂરી છે - આવી રીતિઓ સામ - દામ, દંડ અને ભેદની પરંપરાગત પધ્ધતિ છે. પ્રાચીન કાળમાં લોકોને, તલવારની અણીથી મૃત્યુ કરવાની ધમકીઓ મળી હતી છતાં ધર્માચરણનો કદી પણ ત્યાગ કર્યો ન હતો. આજે લોકો કોઈપણ જાતના બીજાઓ તરફથી દબાણ નથી છતાં અધર્મ માર્ગે સરી પડે છે. અલબત ધર્મનાં નિરૂપણ જુદી જુદી ગુંચવણભરી પધ્ધતિમાં કરવામાં આવ્યાં છે અને જેઓ કડક ધર્માચરણ કરે છે તેઓને અંતરાયો ઉભા થાય છે, તેઓનો ઉપહાસ થાય છે અને સુકા ઘાસ જેવી તેઓની ગણના થાય છે. જેઓ ધર્મને તત્પરતાથી વળગી રહે છે તેઓને ઢોંગી, દંભી, મિથ્યાભીમાની માનવામાં આવે છે. આવું માનનારાઓ ધર્મ એટલે શું— અને ધર્મનાં તત્વો કયા છે તે જાણતા નથી. આ બધા અભાગી આત્માઓ છે. તેઓને શબ્દાર્થ સમજવાની શક્તિ નથી. જેઓને શબ્દનો મુખ્યાર્થ પણ આવડતો નથી, તેઓને આ કેવી રીતે સમજાય, તે તમે જાતે જ સમજી શક્શો. જન્મથી અંધ માનવ, સૂર્ય અને તેના કિરણોનો પ્રકાશ સંબંધી શું સમજી શકે ? અલબત - જ્યારે સૂર્યનાં કિરણો તેના શરીર ઉપર પડે ત્યારે, તેની ગરમીનો અનુભવ તેને થાય — પરતું સૂર્યનું સ્વરૂપ - આકાર સ્વભાવ અને તેજસ્વીતા વિગેરેનો ખ્યાલ તેને હોઈ શકે જ નહિં. તેવી જ રીતે જેને ધર્મની કલ્પના નથી. જેને ધર્મમાં શ્રધ્ધા નથી, તેને ધર્મના અનુસરણમાંથી પ્રાપ્ત થતો આનંદ કેવો હોય તે સમજી શકાય જ નહિં. આવી વ્યક્તિ પાસે, ધર્મ સંબંધી વિસ્તૃત વર્ણન કરવું, એ તો સંપૂર્ણ બધિર પાસે શંખનાદ કરવા જેવું છે.

આવો બધિર શંખ વગાડનારના હોઠ ઉપર શંખને જ જોઈ શક્શે, તેનો નાદ જરા પણ સાંભળી શક્શે નહિ. તેથી જયારે કોઈને ધર્મોપદેશ દેવો હોય – ધર્મની પ્રશંસા કરવી હોય ત્યારે શ્રોતાને તેમાં શ્રદ્ધા છે કે કેમ - શ્રવણની તત્પરતા છે કે કેમ, ધર્માચરણ કરવા તીવ્ર ઈચ્છા છે કે કેમ, તે જોવાની સંભાળ લેવી જરૂરી છે. આવી જ વ્યક્તિઓને ઉપદેશ કરવો અને સુધરવા માટે સમજાવવા – પાછળથી સ્વાનુભાવની પ્રેરણાઓથી અને તેમાંથી મળતા આનંદથી અજ્ઞાનીઓ પણ તેમના હૃદયમાં ધર્મનાં બીજ રોપશે. આજના સમયમાં વૈદિક અને શાસ્ત્રીયજ્ઞાનમાં તરબોળ થયેલા શિક્ષીત માણસો, જેઓ સર્વશ્રેષ્ઠ વિદ્વતા ધરાવે છે તેઓ પણ જે ગ્રંથો પર તેમણે સ્વામિત્વ મેળવ્યું છે તેનાં કથનમાં વિશ્વાસ ગુમાવ્યો છે. ધર્મને દ્રઢતાથી વળગી રહેવામાં તેઓ ગભરાય છે કારણ તેમના કુટીલ મિત્રો તેનો પરિહાંસ કરે છે. ચર્ચા કરનારાઓની બાકી દલીલોને તેઓ તાબે થાય છે અને ક્ષુદ્ર વળતરના લોભમાં પોતાનો વારસો વેચી દે છે. તેઓ એકાદશીના ઉપવાસ, તંદુરસ્તી કેળવવાનું સાધન માને છે. કપૂરની જ્યોત ફેરવવાનું દમને ઉશ્કેરવા સમાન ગણે છે, પ્રાણાયામ પાચનશક્તિનો સહાયક સમજે છે, યાત્રાઓ શિક્ષણ પામવાની સહેલગાહ ગણે છે, દાન આત્મખ્યાતિ સમાન લેખે છે - આ પ્રમાણે ધર્મની પવિત્ર આજ્ઞાઓને હલકી પાડી, ભ્રષ્ટ કરે છે.

આવા લોકો જગતને માત્ર છેતરે છે — તેઓ ધર્મના સિદ્ધાન્તો જાણતા નથી, તેની દરકાર કરતા નથી, તેઓ મનુષ્યધર્મનાં વાંચનથી કંઈક શીખી શક્શે.

**આશ્રમ ધર્મોપદેષમ્ ચ, વેદશાસ્ત્ર વિરોધિના ।**
**યસ્તર્કનાનું સુદ્રન્તે ; સા ધર્મમ્ વેદનેતર : ॥**

આ પ્રમાણે મનુ કહે છે કે — જેને ધર્મ જાણવો હોય તેણે વેદો અને શાસ્ત્રસંમત ન્યાયશાસ્ત્ર અને તર્કની પદ્ધતિ અનુસરીને જાણવો જોઇએ. વેદ વિરોધી કોઈ નિર્ણય ન્યાયપૂર્ણ મનાય નહિ. શુષ્ક ન્યાયશાસ્ત્ર કોઇ રીતે લાભદાયક નથી અને મનુ વેદોના અભ્યાસી ઈચ્છુકોને તે માટે ભલામણ કરતા નથી — છતાં આજે એવા ઘણા છે જે તાર્કિક દલીલોને વળગી રહે છે - અને અધર્મનાં આચરણ સ્વયં કરે છે અને પોતાની સાથે બીજાઓને પણ આ ખોટા માર્ગે ઘસડે છે. તેથી તો ઘણા પૂર્વકાળથી વેદ વ્યાસજીએ જાહેર કર્યું છે કે,

**ન યક્ષન્તિ ન હોશ્યન્તિ હેતુવાદવિમોહિતા : ।**
**નિમોક્ષ્યાહમ્ કરિશ્યન્તિ હેતુવાદવિમોહિતાઃ ||**

એટલે કે જેઓ પ્રયોજન અને તર્કનો માર્ગ ધારણ કરે છે. જેઓ કારણ અને પરિણામનો સંબંધ શોધે છે, તેવા લોકો પવિત્ર યજ્ઞાગ્નિમાં બલિ સમર્પણ કરતા નથી અને પોતાને હલકી કાર્ય

પ્રવૃત્તિમાં પરોવે છે. મહાભારતના અરણ્યપર્વમાં વેદવ્યાસે આવું કહેલું છે, જ્યાં કલિયુગમાં જે પરિસ્થિતિઓ થવાની છે તેનું વર્ણન કર્યું છે.

સદવર્તન અને ધર્મમાર્ગનું અનુસરણ કરવાથી જ સૂર્ય અને ચંદ્ર તેઓની ધરી ઉપર જરાપણ ભૂલ વગર ફર્યા જ કરે છે. ધર્મના પોકારથી જ વિવિધ કર્તવ્ય અને જવાબદારીઓમાં તમામ દિવ્ય શક્તિઓ સાથ આપે છે. પાંચ તત્વોને તેના સ્વાભાવિક તત્ત્વો સાથે ધર્મ જ બાંધી રાખે છે.

ધર્મમાંથી શક્ય તેટલો મોટામાં મોટો લાભ ઉઠાવી લો અને ધર્મને અનુસરતાં તમારી જાતને અને બીજાઓને ઈજા થતી અટકાવો. તમારી જાતને  શાંતિ અને આનંદ આપનાર ધર્મનાં ગૌરવ પ્રસારવા માટે તમે સ્વયં દીપ્તિમાન દ્રષ્ટાંત બનો — શુષ્ક તર્કની પરંપરાને અનુસરશો નહિં. કુટિલતા અને પૂર્વગ્રહથી તમારા ભેજાંને પરેશાન કરશો નહિં, બીજાઓ શું કરે છે - શું માને છે, પોતાને શી રીતે સુધારવા માગે છે, અગર પોતાના પગલાં સુમાર્ગે કેમ વાળે છે, તેમાં તમો રસ લેશો નહિં, મૂળ આત્માના સત્યમાં શ્રદ્ધા રાખો, તે આધારે જીવનમાં પ્રત્યેક ક્ષેત્રની કસોટી કરો અને જુઓ કે તે આત્મદર્શનની વિધિમાં અંતરાય રૂપ તો નથી ને ? એ કસોટી અને શ્રદ્ધાના પ્રકાશમાં ધપે જાવ અને તમારાં રોજીંદા કર્તવ્યો અને ધર્માચરણો કરો. પછી તમે ભૂલ કદી કરશો નહિં અને તમો આનંદ મેળવી શક્શો.

કેટલી સાંસારિક કહેવતો છે કે “ઉદ્યોગ પુરુષ લક્ષણમ્ — અથવા કર્મમ્ પુરુષ લક્ષણમ્." ઉદ્યોગી થવું એ તો મનુષ્યત્વની નિશાની છે, કામમાં રત રહેવું એ માનવતાનું લક્ષણ છે, પરંતુ સાચી કહેવત તો તે છે કે "ધર્મ પુરુષ લક્ષણમ્." ધર્માચરણ માનવતાનું લક્ષણ છે. પ્રત્યેક જણે ધર્મકર્મમાં સંલગ્ન રહેવું જોઇએ, ધર્મ અર્થ કામ અને મોક્ષના પુરૂષાર્થ આચરતી વખતે ધર્મથી રંગાયેલાં કામો કરવાં જોઈએ.

જેવી રીતે સ્ત્રીઓ માટે પતિવ્રત ધર્મ છે, તેવી જ રીતે પુરુષો માટે બ્રહ્મચર્ય છે. જેવી રીતે સ્ત્રીએ એક જ પતિને પોતાનો સ્વામી ગણવાનો છે તેવી જ રીતે પુરૂષે પણ એક જ સ્ત્રીને પત્ની ગણી વફાદાર રહેવાનું છે. પત્નીએ પતિવ્રત કર્તવ્યમાં પતિને પરમેશ્વર માની તેનાં ભજન કરવાનાં છે. તેની જરૂરી સેવા કરવાની છે, તેની ઈચ્છા - પૂર્તિ કરવાની છે. તેવી રીતે પુરુષે તેની પત્નીને ગૃહ - સ્વામિની સ્વરૂપ સન્માનવાની છે અને તેની ઈચ્છા મુજબ વર્તન કરવાનું છે; કારણ પત્ની એ ગૃહલક્ષ્મી છે. તો જ તે માનવનું સ્થાન પામવાનો અધિકારી થાય છે – પુરૂષો અને સ્ત્રીઓ બંનેમાં નામ અને કીર્તિ, માન અને અપમાન, દુર્ગુણ અને દુષ્ટતા, સારૂં અને નરસું - આ બધાં સમાન રીતે એક સરખાં છે — સ્ત્રી એકલીજ બંધન યોગ્ય છે અને પુરૂષને છુટ છે એવું છે જ નહિ. ધર્મના નિયમોથી બંને જણાં સમાન રીતે બંધાયાં છે, ઉપર દર્શાવેલા ચાર જોડકાંના

લક્ષણોનો મહિમા વિચાર્યા સિવાય જો તેઓ વર્તશે તો બંને જણાં અધર્મ માર્ગે પતન પામશે. જેવી રીતે સ્ત્રીઓને બંધનો છે તેવી રીતે પુરૂષોને પણ કેટલીક બાબતોમાં બંધનો છે - પુરૂષોને કેટલુંક વર્તન કરવા હક્ક નથી. પતિ અને પત્ની વચ્ચે કેટલાક મહત્વના કરારો હોય છે.

# પ્રકરણ ૭

જે કંઈ ચમકતું દેખાય છે તે ગાયત્રી છે, કારણ કે વાક એટલે ગાયત્રી , સર્વ વસ્તુઓ ભૂતો એટલે વાકથી સૂચવી શકાય છે અને વાકમાં સમાય છે. વાક એટલે વાણ અગર અવાજ. તેનું વર્ણન કરે છે, તેને પ્રગટ કરે છે, તેને ઓળખાવે છે તે વાક છે. તમામ વસ્તુઓ પાર્થીવ છે. તેનાથી પર કંઈ જઈ શક્તું નથી. વિશ્વ એ તો માનવશરીર છે - તે તેના શરીરમાંથી બહાર કુદી આવી શકે નહિ. પ્રાણ તેને ટકાવે છે, પ્રાણ હૃદયમાં – હાર્ટમાં રહે છે, અને પ્રાણ હૃદયની બહાર અગર પર ફરી શકે નહિં.

ગાયત્રીને ચાર - ચાર ચરણો છે અને છ પ્રકારો છે, વાક, ભૂમિ પૃથ્વી, શરીરમ્ પ્રાણ અને હૃદય, અર્થાત્ વાણી, વસ્તુ, વિશ્વ, શરીર, શ્વાસ અને હૃદય. ગાયત્રીથી ઉન્નત થએલો પુરૂષ ખરેખર સ્તૂત્ય, પવિત્ર કીર્તિમાન છે. આ વસ્તુઓનો સરવાળો, ભગવાનના શરીરનો માત્ર એક અંશ છે. આ વસ્તુઓ અર્થાત્ ભૂતોની સંખ્યા અને સ્વભાવ, માપ અને અર્થ અગમ્ય છે. છતાં આ બધું ભગવાનની ભવ્યતાનો ચોથો ભાગ માત્ર છે. બાકીના ત્રણ ભાગો તેના શાશ્વત સ્વરૂપની તેજોમય પ્રભા છે.

એ સૌંદર્યપૂર્ણ સ્વરૂપનું રહસ્ય સમજવું અશકય છે. ગાયત્રી જે પુરુનાં સૂચન કરે છે તે જ ખરેખર બ્રહ્મ છે. મનુષ્યના કલ્પનાતીત તે આકાશ છે — તેને "બહિર ધ પુરૂષાકાર" કહેલ છે. આ છે જાગૃતિ અવસ્થાનું લક્ષણ. મનુષ્યની અંદરનું વ્યકિતત્વ આકાશ તે આ પુરુષ છે. તે "અન્ત પુરુષાકાશ:" તે સ્વપ્નાવસ્થાનું લક્ષણ છે - તે મનુષ્યના હૃદયની અંદરનું આકાશ છે તે તેને ભરે છે અને સંતોષે છે. એ ગાઢ નિદ્રાની સ્થિતિ. જે આ સત્ય જાણે છે તે પૂર્ણતા પામે છે બ્રહ્મ પ્રાપ્તિ કરે છે એટલે કે જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થા જાણે છે તે સ્વયં બ્રહ્મ છે. આત્મસ્વરૂપના આ પુરૂષ નામ ધરાવનારો માનવ અહંકારનો ભંડાર અને તેને આનુષંગિક અશુદ્ધિવાળો બની, અન્યાયનો અપવિત્ર પીછો પકડવામાં શા માટે મશગુલ બને છે ? કેવું બેહુદું છે. છેવટે આજે પણ જે પુરૂષ તરીકે ઓળખાય છે. તે માનવે, એ માર્ગ વ્યવહાર કરવો જોઈએ જેથી એ કીર્તિનો એક તણખો તેને મળે.

તો પછી પુરૂષ ધર્મનું કહેવું જ શું ? પરમપુરૂષનાં મૂળભૂત ગૌરવ મેળવવા માટે પણ જેણે દરકાર કરી નથી એવા પુરુષો પુરુષધર્મનું આચરણ કરે તેવું શી રીતે ધારી શકાય ? હવે તેની અત્યંત તીવ્ર શોધ કરવાથી તેનો અંશ પણ પ્રગટ કરશે નહિં. જેવી રીતે પ્રાચીન ઋષિએ કહ્યું છે.

**સંધ્યા હીનો સુચિનિત્યમંતાસ સર્વ કર્મસુ ।**
**યદ્ અન્યત કુરૂતે કર્મ ન તત્યે ફલભાગ ભવેત ॥**

એટલે કે જ્યારે દ્વિજ (બે વખત જન્મેલો) સંધ્યાપુજાનો ત્યાગ કરે છે તેની અધોગતિ થાય છે. સર્વ સ્મૃતિઓ પણ તેવું જ કહે છે. તેઓ સંધ્યાપૂજાની બેદરકારી કરે છે, તેને બીજી કોઈપણ વિધિપૂર્વકની ક્રિયા કરવાનો હક્ક નથી. કારણ કે પ્રાચીન સમયના ઋષિઓએ ઘણાં વર્ષો સુધી સંધ્યા પૂજા કરી. પરિણામે તેઓને દીર્ઘાયુ, પ્રતિષ્ઠા, કીર્તિ અને જ્ઞાન પ્રાપ્ત થયાં - ઉપરાંત દિવ્યતાનાં તેજ સંપાદન કર્યા. મનુએ પણ આ વાત કહેલી છે, તેથી ગમે તે દ્રષ્ટિએ જોઈએ તો જણાશે કે જેણે ગાયત્રીનાં ચિંતન મનન કર્યા નથી તે બ્રાહ્મણ પદવી પ્રાપ્ત કરી શક્તો નથી.

અહીં જે સંબંધથી બ્રાહ્મણનો ઉલ્લેખ થાય છે તે તો અલબત્ત, તે વ્યક્તિ છે જેણે બ્રહ્મતત્વ પ્રાપ્ત કર્યું છે. બ્રહ્મોપાસનાથી વિશુદ્ધ થયો છે - બ્રહ્મોપાસના એટલે બ્રહ્મનાં અખંડ ચિંતન જેણે કર્યા છે - તે બ્રાહ્મણ છે. આ શબ્દને જાતિ સાથે અરે ધર્મ સાથે કોઈ નિસ્બત નથી. પરંતુ જેને બ્રાહ્મણ નામ વારસામાં મળ્યું છે તેને શિરે સંધ્યા પૂજા અને ગાયત્રી પ્રતિ આસક્તિ હોવાની વિશિષ્ટ જવાબદારી છે.

સંધ્યા એટલે ખરેખર શું ? સમ્ એટલે સારૂં અને ધ્યાની ઉત્પત્તિ ધ્યાનમાંથી થઈ છે. તેથી સંધ્યા એટલે સારું સુયોગ્ય ધ્યાન, અથવા પ્રભુનું પ્રબળ ચિંતન, પરમતત્વ પર મનને કેન્દ્રિત કરવું એનું નામ સંધ્યા, માનસિક ક્રિયાઓ પર સંયમ કરવો એટલે સંધ્યા- ખરૂંને ? સંયમની એ પ્રક્રિયાના સાફલ્ય માટે ગુણોના અવરોધો પર વિજય મેળવવો આવશ્યક છે. આ ગુણો છે ત્રિવિધ — સત્વગુણ, રજોગુણ અને તમોગુણ. જ્યારે કુદરતી આવેગોનાં આ પાસાંઓ પ્રાધ્યાન્ય મેળવે છે અને તેની ખાઈઓમાં ખેંચવા પ્રયત્નો કરે છે, ત્યારે તેના પ્રવાહમાંથી ઉગારવા માટે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ. પ્રભુ પંથે વળેલા માનવનું આ પ્રથમ કર્તવ્ય છે, કુદરતનો એ નિયમ છે કે પ્રાત:કાળ સત્વગુણનો સમય છે - મધ્યાનકાળ રજોગુણનો સમય છે અને સંધ્યાકાળ તમોગુણનો સમય છે. પ્રાત:કાળે મન સુખનિદ્રામાંથી જાગે છે ત્યારે ઉશ્કેરાટ અને દુ:ખદર્દમાંથી મુક્ત હોય છે. પરિણામે મન શાંત અને સ્વચ્છ હોય છે. તે વખતે મનની આવી દશામાં પ્રભુનું ધ્યાન બહુ જ ફળદાયી છે તે સર્વ કોઈ જાણે છે. પ્રાતઃસંધ્યા આ ઉદ્દેશથી કરવાનો આદેશ છે. પરંતુ આ લક્ષણથી અજ્ઞાત મનુષ્યો વૈદિક ક્રિયાઓ અંધ બની યંત્રરૂપે કરી જાય છે, એવું માને છે કે આપણા પૂર્વજોએ નિયમો કર્યા છે માટે કરવું. એટલે તેનો અંદરનો અને વધુ ગૂઢ અર્થ સમજયા પછી સંધ્યા પૂજા કરવી એ મનુષ્યની બીજી ફરજ છે.

જેમ જેમ દિવસ વધતો જાય છે તેમ તેમ મનુષ્યમાં રજોગુણ ભરાતો જાય છે. આ રજોગુણ સ્વભાવને ચંચળતા પૂર્વક કાર્યાન્વિત કરે છે. તે વખતે મનુષ્ય તેના રોજીંદા કામ અને પરિશ્રમના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. બપોરનું ભોજન લેતાં પહેલાં, તેને ભગવાનનું ચિંતન ફરી કરવા સુચના મળે છે અને તેના કામ અને પરિશ્રમ તથા તેનાં ફળો સ્વયં ભગવાનને સમર્પણ કરવા આદેશ મળે છે. આવાં ભક્તિભાવભર્યા – ઉપકારનાં સ્મરણોની ક્રિયા કર્યા પછી તે ભોજન લેવાનો પ્રારંભ કરી શકે. આ અર્થ છે મધ્યાન્હિકમનો — મધ્યાહન્ સંધ્યાપૂજાનો. આવી વૈદિક ક્રિયાથી રજોગુણ કાબુમાં રહે છે — અને સતોગુણ તેને દબાવે છે. આ છે મનુષ્યની ત્રીજી ફરજ.

પછી મનુષ્ય ત્રીજા સ્વભાવથી ઘેરાયેલો છે — જે તાપસ છે. સંધ્યા ઉતરે છે ત્યારે તે જલદી ઘરભેગો થઈ જમે છે અને તેને ઉંઘ આવવા લાગે છે; પરંતુ હજી એક કર્તવ્ય તેની રાહ જોઈ રહેલ છે. ખાવું અને ઉંઘવું એ તો આળસુ અને નિરૂદ્યમીનું નશીબ છે, જ્યારે આ અધમાધમ તમોગુણ તેનું રાજ્ય જમાવવાની ધમકી આપવા લાગે ત્યારે મનુષ્યે પુનઃપ્રાર્થના પ્રસ્થાપિત કરી તેના બંધનદોરમાંથી બચવા માટે વિશિષ્ટ પ્રયાસ કરો પડે છે. તે સમયે ઈશ્વરનાં યશોગાન ગાનારાઓનો સંગ કરીને, ભગવાનના ગૌરવ ગ્રંથો વાંચીને, સદ્દગુણો કેળવી, આચરણના શુભ નિયમોનું સહેતુક પાલન કરીને તમોગુણ પર વિજય મેળવો. આ છે સાયંસંધ્યાનો આદેશ.

તેથી વિચારશુન્ય નિદ્રામાંથી મન બહાર આવે છે ત્યારે તેને યોગ્ય રીતે કેળવીને સમજાવવાની આવશ્યકતા છે. ધ્યાનમાં સુખ અને બાહ્ય જગતના વિસ્મરણનો આનંદ, રોજીંદા જીવનની નિદ્રા દ્વારા મળતાં સુખ કરતાં વધુ સુંદર અને વધુ શાશ્વત છે, એવો મનને અનુભવ કરાવવો જોઈએ. આવું સુખ અને આનંદ સર્વ કોઈ અનુભવી શકે - મેળવી શકે છે. વિવેકથી આ વાત હૈયે ઉતરી જશે. મનુષ્યની આ ચોથી ફરજ છે.

માનવ જીવે છે ત્યાં સુધી ત્રિકાળ સંધ્યા કરે છે તે સર્વશ્રેષ્ઠ પ્રકારનો છે, તે સર્વદા યશસ્વી છે. તેની તમામ મનોકામના પૂર્ણ થાય છે – તે જીવતાં જ મૂક્તિ પામે છે – તે છે જીવનમૂક્ત.

પાળવાનાં નિયતકર્મો પૈકીનું સંધ્યાપૂજાકર્મ રોજના વ્યવહારનું એ વૈદિકકર્મ છે એવી જ માન્યતાથી તે કર્મ જ થાય તે બદલ ખૂબ સાવધ રહેવું જોઈએ. તેના લક્ષણો બદલ જાગ્રત રહીને, તેનો આંતરિક અર્થ સમજીને સંધ્યાપૂજા ચાલુ રાખવી જોઈએ. ગાયત્રીમંત્રની ભાવના સંપૂર્ણ પણે સમજવી જોઈએ. તેમાં બતાવેલ આત્મસ્વરૂપ અને પોતાના સ્વરૂપમાં સમાનતાનો અનુભવ થયો આવશ્યક છે. જેઓ ગાયત્રીના અર્થ જાણતા નથી તેઓ જ ગાયત્રીની અવહેલના કરશે.

મનુએ આજ વાત પર વિશેષ ભાર આપેલો છે એટલું નહિં ગાયત્રી તો બ્રાહ્મણોનો પ્રાણ છે એવું કહેલું છે, તે તેનું એકલાનું જ કથન નથી, તે સત્ય છે. આધ્યાત્મિક ઉત્થાન માટે પ્રભુના

ધ્યાનથી વધુ અસરકારક કઈ વસ્તુ છે ? ધ્યાન મનુષ્યના મનને પ્રકાશીત કરી, બુદ્ધિનું પોષણ કરે છે, પાપવૃત્તિના વલણવાળા મતે ઉગારવામાં, પ્રાર્થનાથી કઈ વસ્તુ વધુ ફળદાયી અને સહાયક છે ?

સદ્દગુણોની પેદાશ સિવાય માનવ માટે બીજું વધુ સારૂ કોઈ બખ્તર નથી. મનુ કહે છે કે જ્યાં સુધી બ્રાહ્મણ ગાયત્રીના અર્થોથી પ્રેરિત થઈને, ગાયત્રીને પકડી રાખે છે ત્યાં સુધી તેનું પદ તે કદી ગુમાવતો નથી, તે કહે છે કે યદિ વેદાભ્યાસનાં અધ્યયન કરવામાં તે નિર્બળ હોય, તો તેણે અંતકાળ સુધી ગાયત્રીને વળગી રહી, તેના ગાન તો કરવાં જ જોઇએ. સ્મૃતિ પણ કહે છે કે ગાયત્રીથી વધુ વૈભવશાળી બીજો કોઈ પણ ખજાનો નથી.

વિશ્વનાં સર્વ કાર્યો આત્મબળથી થઈ શકે છે, તે બળને મજબુત કરવાનું, આંતરિક બળને મજબુત બનાવવાનું કામ જો ગાયત્રી કરે છે - તે બેદરકાર બન્યા વિના, ખરે વખતે સાવધાનતાથી તેનાં અનુષ્ઠાન કરવા જોઇએ. શરીરના વિકાસ માટે પવિત્ર સાત્વિક ખોરાકની જરૂર છે કેમ ખરુંને? માનવનાં ભાવના સ્વરૂપે અંદરનો પ્રકાશ ફરીથી ભરવા માટે સૂર્યનાં તેજ મેળવવા જોઈએ જ.

જયારે આત્મબળ ઓગળે છે, ત્યારે ફળપ્રદ માર્ગ પ્રતિ જ્ઞાનેંદ્રિયો ગતિમાન બને વળે છે - જયારે આત્મબળનો ક્ષય થાય છે, ત્યારે જ્ઞાનેન્દ્રિયો વિફળ થાય છે – તમે પણ નિષ્ફળ બનો છે, તેથી યદિ સૂર્યનાં તેજ સમયસર ખેંચી લેવાય તો યોગ્ય ઋતુની તે વાવણી બનશે અને તેનો પાક નિશ્ચિત ઉતરશે. સૂર્યોદય થાય અને વિશ્વ તેના પ્રકાશમાં સ્નાન કરે ત્યારે અંધકાર અકળાઈને સંતાઈ શકે ? જ્યારે તમારી જાતમાં પ્રકાશ ભરાય ત્યારે દુ:ખ દિલગીરી ટકી શકે ? સ્વયં બ્રહ્મના આદિકારણમાંથી બળ પ્રાપ્ત કર્યું હોય — પછી બળહીનતા ક્યાંથી હોઈ શકે ? સર્વ સાધકો માટે આપણા પ્રાચીન મહાનુભાવોએ આ પ્રક્રિયાના સંકેતો બતાવ્યા છે. શીખો અને આચરો - આ માર્ગનું સત્ય સ્વાનુભવથી સમજી શક્શે. ઉપનયન સંસ્કારનો શો હેતુ છે ? તે દિવસે તમોને ક્યા મંત્રની દિશા દેવાય છે ? તે વખતે તે એકલો મંત્ર શા માટે શીખવવામાં આવે છે, બીજા ગહનમંત્રોને તેટલી મહત્તા શા માટે આપવામાં આવતી નથી ? આના પર વિચારશો તો જણાશે કે ગાયત્રીમંત્ર મંત્રોનો સમ્રાટ છે, તમને વૈદિક વિધિ પણ નવા અર્થમાં ચળકતી દેખાશે - તેના નિયમો અને મર્યાદાઓ સંપૂર્ણ સહેતુક લાગશે. પ્રાચિન લોકોનાં કર્મો અને ક્રિયાઓ આવશ્યક દેખાશે જો તમે આ લાક્ષણિકતા જાણવા પ્રયાસ નહિ કરો તો તમારી મનસ્વી વિચારણા જેમ દોરશે તેમ તમે તેના અર્થ કરશો અને જીવન કર્તવ્યોમાંથી છુટવાની બારીઓ અને યુક્તિઓ શોધવામાં પડી જશો. તમે અન્યાય અને અધર્મની જાળમાં પટકાઈ જશો.

ગાયત્રી શબ્દનો સાચો અર્થ શું છે ? આજે આવું જાણવા કોઈ યત્ન કરે છે ખરો ? એ શબ્દ દેવી યા તો મંત્ર માટે વપરાયો છે. ગાયત્રી એટલે ત્ર - રક્ષે છે, ગાયોને - ઇંદ્રિયોને - પ્રાણોને –

વણીના આરંભથી "ગાયંતમ્ ત્રાયતે યસ્માત્ ગાયત્રી તેન તત્યતે" એટલે કે જે તેનાં ગાન કરે છે. અથવા આદર કરે છે અને તેનાં પુનરૂચ્ચારણ કરે છે, અગર ચિંતન કરે છે તેને ગાયત્રી કહેવાય છે. વિશ્વામિત્ર જેવા રાજર્ષિને બ્રહ્મર્ષિ બનાવનારો એ પવિત્ર મંત્ર છે. વેદમાતા જે કોઈ તેનાં આરાધન કરે છે તેને તમામ વરદાનોનો પ્રસાદ આપે છે, બ્રાહ્મણોમાં અને ધર્મસૂત્રોમાં એ મહાદેવીને યશસ્વી શબ્દોથી વર્ણવેલી છે, જો તમે આ સમજશો તો વિના સહાય તમે તેને પામી શક્શો.

આવાં ગૂઢ રહસ્યો ભરેલો ધર્મ આજે તર્કનો વિષય બની ગયો છે, તેને મનસ્વી રીતે, વિવિધ તુચ્છ ભાવે તેનાં નિરૂપણ કરાય છે. તેથી તો ધર્મનું પતન થઈ રહેલું છે. તેથી સનાતનધર્મની સંસ્થાપના કરી સજીવન કરવાની અત્યંત જરૂર છે. અત્મસત્ય પર ધર્મ નિર્ધારિત છે, તે સત્યના સ્વાભાવિક નિરૂપણના નિયમોને ફરી જીવંત કરવા મહત્વની વસ્તુ છે. એવું નહિ થાય તો ઓળખી શકાય તેવા અર્થો બદલાઈ જશે અને વ્યક્તિઓની વિચિત્ર વિચારણા વ્યવહારમાં વણાઈ જશે ? ગમે તેવો પ્રકાર હશે છતાં પ્રત્યેક કાર્યને ધર્મનો સિક્કો લાગશે.

# પ્રકરણ ૮

માનવજીવનને વ્યવસ્થિત કરવા ચાર આશ્રમો છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ. આ બધા ગૃહસ્થાશ્રમ પર નિર્ધારિત છે. એ પ્રધાન આશ્રમ છે - કારણ ગૃહસ્થ બીજા ત્રણેનાં પાલન કરે છે, સર્વમાં વધારે મહત્વનો ગૃહસ્થ છે.

જેવી રીતે સર્વ પ્રાણીઓ પોતાના અસ્તિત્વ માટે વાયુ ઉપર આધાર રાખે છે, તેવી જ રીતે અન્ય ત્રણ આશ્રમો ગૃહસ્થ પર આધાર રાખે છે. ગૃહસ્થ માત્ર ખોરાક અને વસ્ત્રો જ પૂરાં પાડે છે એવું નથી - તે વેદાધ્યયન માટે સુવિધા પુરી પાડે છે. મનુએ તેના ધર્મ શાસ્ત્રમાં આ વાત પર ભારપૂર્વક કહેલું છે. ખરૂને ? તેણે જાહેર કર્યું છે કે ગૃહસ્થ પણ મોક્ષ પામે છે. તેણે માત્ર તેના આશ્રમ માટે ઠરાવેલા ધર્મનું સંપૂર્ણ પણે પાલન કરવું જોઈએ. ગમે તે આશ્રમ હોય, પણ પ્રત્યેક વ્યક્તિ જે આશ્રમમાં હોય તેના ધર્મપાલન કરે છે તેને જ મોક્ષ મળે છે તે નિશંક વાત છે.

મનુસ્મૃતિમાં, નારદપરિવ્રજકોપનીષદમાં અને બીજા ગ્રંથોમાં લખ્યું છે કે જે ગૃહસ્થ પોતાના ધર્મને પાળે છે તે ઘણા દ્રષ્ટાંતોમાં સર્વ શ્રેષ્ઠ માણસ મનાય છે. જ્યારે બીજા કેટલાક ગ્રંથોમાં જેણે સર્વસ્વનો ત્યાગ કર્યો છે તેવા સાધુ પૂજ્ય મનાય છે. તેથી શંકા ઉપસ્થિત થાય કે સર્વના આધાર અને ટેકા સ્વરૂપનો ગૃહસ્થાશ્રમ સ્વીકારવો એ સારું છે કે સર્વાનુમતે સન્માનનીય સન્યાસ આશ્રમ - નિવૃત્તિ માર્ગ ધારણ કરવો સારો છે. સુયોગ્ય ગૃહસ્થ અને સંત પરમહંસનાં ભજનમાં ભજનીક સંબંધ સંકળાયેલો છે. તેથી ગમે તે આશ્રમમાં તમે હો તેમાં કોઈ વાંધો નથી. ખોટું આચરો નહિ - ચાહે તે આશ્રમ સ્વીકારો. ચારેય આશ્રમો મૂક્તિ માર્ગે દોરે છે. પ્રત્યેક આશ્રમના નિયત ધર્મનું તમે ચુસ્તપણે પાલન કરો, તમારી ઉન્નતિ માટે દ્રઢતાપૂર્વક સમર્પણ કરો - મૂક્ત થશો. અમુક અવસ્થાએ પ્રત્યેક આશ્રમ મહત્વનો છે. વ્યક્તિનું ચારિત્ર્ય, તેનો વહેવાર અને ઉપયોગ એ જ આવશ્યક પરીક્ષા છે. જો સદ્ચરિત્ર હશો તો પ્રત્યેક આશ્રમ પવિત્ર ને - સ્તુત્ય છે. આ છે શાસ્ત્ર સિદ્ધાંત. આત્મજ્ઞાનને મૂળ સત્ય રૂપે જે જાણે છે તેઓ જન્મમરણના મહાસાગરો તરી જાય છે અને મુક્તિ મેળવે છે તેમાં શંકા નથી. તેથી ઉલટું વિધિ નિષેધના ઠરેલા આદેશો જે અજ્ઞાન ધરાવે છે, જેણે વેદો, ઉપનિષદ અને ગીતાના અભ્યાસ કર્યા નથી અને જેઓ માત્ર પોતાની બાહ્ય પવિત્રતા અને દેખાવથી સંતોષ માની બેઠા છે, તેઓને દુ:ખ સહન કરવાનું છે, એ નિશ્ચિત વાત છે.

નિત્યાનુષ્ઠાન અથવા તો વિધિવત કર્મ અને પ્રતિજ્ઞાઓ જે રોજીંદા જીવન માટે નિયત થઈ ચૂક્યાં છે, તેને વળગી રહેવું સાધકો માટે ઘણું જ મહત્વનું છે. સર્વશ્રેષ્ઠ તપ તે છે. સર્વશ્રેષ્ઠ ધર્મ તે છે. આ વસ્તુ માટે ઉપનિષદોના સાર તત્વ સ્વરૂપની ગીતાજી શું કહે છે તે જાણો છો ? જેઓ આધ્યાત્મિક ક્ષેત્રમાં સર્વદા ક્રિયાશીલ છે ચાહે તે આશ્રમમાં તે હોય, ચાહે તે જાતિનો હોય, તે

પ્રભુને પામે છે તેવું મનુ પણ કહે છે. "આ લોકો વિજ્ઞાની છે" જે નિસ્પૃહ છે, નીરીહ છે જેને વિષય ભરેલી દુનિયામાં કંઈ માણવા કે મેળવવાની જરાક પણ ઈચ્છા નથી, અહંતાનો જેનામાં છાંટો નથી - સંપત્તિની ભાવના નથી – સર્વદા બ્રહ્મસુખમાં લવલીન રહે છે - બ્રહ્મજ્ઞાની છે, જેને લવલેશ દુ:ખનો સ્પર્શ નથી, તે પરમાનંદ અને પરમશાંતિ પામે છે. છેવટે મનુષ્ય અંતિમ ઘડીએ જો મૂળતત્વ બ્રહ્મજ્ઞાનમાં તન્મય થાય છે, તો તેમાં સફળતાથી લય પામે છે તેમાં જરા શંકા નથી.

આવાં માનવો માટે સ્થિતપ્રજ્ઞ અવસ્થા તદ્દન સહજ છે. "હું બ્રહ્મ છું" એવી સતત અનુભૂતિ, માનવનાં તમામ દુ:ખોની ઔષધિ છે. અહં બ્રહ્માસ્મિના વિચારમાંથી મૂક્તિ મળે છે. એ અનુભવ કરવો અને એ ભાવના કેળવવી એ મનુષ્યની સાચી ફરજ છે. જડ સિદ્ધાંતોથી પ્રેરાઇને જે અજ્ઞાની છે તે માને છે કે દેહ તે હું છું. પંડિત જે જરાક વિચારવંત અને મુમુક્ષુ હોય છે તે સમજે છે કે શરીરમાં રહેલો જીવ તે હું છું. પરંતુ જેઓ અનાત્મને આત્મામાંથી અલગ સમજે તેવા વિવેકી છે તેઓ જાણે છે કે "અહં બ્રહ્માસ્મિ" સત્ય છે. આ દ્રઢ માન્યતાથી તેઓ વિચલીત થતા નથી. બ્રહ્મણાદિ જાતિઓ, શ્વેત અને શ્યામના રંગો, બ્રહ્મચર્યાશ્રમાદિ આશ્રમો વિગેરે દેવસંબંધિત પરિસ્થિતિઓ છે. તે આત્માનાં લક્ષણો નથી. તેને સમય અને સ્થાનના બંધનો છે. તે આ બંધનમય વિશ્વને લગતાં છે અને એ વિશ્વ સાથે સંબંધ ધરાવનારાં કારણો સાથે હેતુસૂચક છે. તે વિશ્વના વ્યવસ્થિત વર્તન માટે દૈવી ઈચ્છાથી આલેખાયેલાં છે. જગતની મર્યાદામાં બંધાયેલી પ્રત્યેક વ્યક્તિએ તેનાં પાલન કરવાનાં છે. જેને દુન્યવી મર્યાદાનો સ્પર્શ નથી, જેઓ જગતના બંધનોથી પર છે તેને તે મહત્વનાં નથી. તેથી જ બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ, જેમણે મૂળ સત્ય પકડી લીધું છે, તેને તેનાં પાલન કરવાનાં હોતાં નથી. તેઓ મૂળ સત્ય જાણે છે તેથી તેઓને જાતિનાં બંધન નથી. જાતિ શું કહેવાય તેના તરફ તે ધ્યાન શી રીતે આપી શકે ? પરંતુ તે અવસ્થાએ પહોંચે ત્યાં સુધી જાતિ અને આશ્રમના નિયમો આપવાદરહિત તમારે અનુસરવાના છે જ. આ છે દેહધર્મીનો ધર્મ.

જે મહર્ષિઓએ આત્મધર્મ જાણી લીધો છે તેઓ કહે છે કે સત્ ચિત્ અને આનંદ તે આત્માનાં અંતઃભૂત લક્ષણો છે. તેથી તે મહા વિજ્ઞાનીઓ બ્રહ્મની પ્રાપ્તિ કરી ચૂક્યાં છે એમ કહેવાય છે, આ બ્રહ્મ એજ સત્ ચિત્ અને આનંદ સ્વયં છે. મૂક્તિ માટે આત્મદર્શન માટે વિશુદ્ધ દ્રષ્ટિ પુરતી છે. તે આવશ્યક વસ્તુ છે, જાતિ અને રંગભેદ નહિં. આ વિશુદ્ધ દ્રષ્ટિ મેળવવી શી રીતે ? તેનો જવાબ એ છે કે ધર્માચરણ દ્વારા મળે, એ ધર્મ જે જાતિ અને રંગભેદથી મર્યાદીત છે તે ધર્મ દ્વારા, જે ધુમાડા અને ધુમ્મસથી ઢંકાયેલ છે તે ધુમાડા કે ધૂમ્મસ વગર ધર્મ આત્મસાક્ષાત્કાર કરાવવા સમર્થ છે. ધર્મનું આચરણ તમને અનુભવથી ભરી દે છે. અનુભવ દ્વારા સત્ય સ્થપાય છે. સત્ય સ્પષ્ટતાથી ખોલે છે, અંતે દ્રષ્ટિ મૂક્તિ આપે છે. આત્માને સંતાડનારા આવા અંદરના અવરોધોથી જે વ્યક્તિઓ મૂક્ત છે. તે ચાહે તે જાતિનો કે આશ્રમનો હોય - તેને કોઈ વાંધો નથી - તે અવશ્ય

મુક્તિ પામે છે. આ અંતઃકરણ શુદ્ધિ શાસ્ત્રોમાં સ્તુત્ય મનાય છે — જયારે શાસ્ત્રો મુક્તિની વાતો કરે છે ત્યારે તેની પ્રશંસા કરે છે.

જેના જીવનમાં રાગ અને દ્વેષ છે, તે જંગલમાં નિવાસ કરે છતાં તેઓ હાની મૂક્ત થતા નથી. જેણે જ્ઞાનેંન્દ્રિયો પર વિજય મેળવ્યો છે તેઓ ઘરમાં રહે છે છતાં તપસ્વીઓ છે. નુકશાનકારક અને નિરર્થક જે કર્મો નથી તેવાં કર્મોના આચરણ કરનારાઓને જ્ઞાની કહેવામાં હરકત નથી. ગૃહ એ તો અનાશક્તિ પામવાનું તપોવન છે. સંતાનોથી, દાનથી, વૈભવથી, યજ્ઞયાગથી મુક્તિ મળતી નથી — મૂક્તિ માટે આવશ્યક છે આત્મશુદ્ધિ.

સાચું કર્મ અને ખોટું કર્મ શું છે તે નક્કી કરવા શાસ્ત્ર એક જ પ્રમાણ છે. જીંદગીની ચાહે તે અવસ્થા હોય, ચાહે તે આશ્રય હોય પણ જેને બ્રહ્મસાક્ષાત્કાર જીવનધ્યેય છે અને જે સ્વસ્વરૂપ શોધવામાં તત્પર છે, તે જ અજ્ઞાનનો પડદો હટાવવામાં સફળ થાય છે અને પોતાને બ્રહ્મ સમજવા સમર્થ બને છે. આત્મા પર દ્રષ્ટિને કેન્દ્રિત કરવી એ જ મૂક્તિનું સાધન છે.

વેદો શીખવે છે તે આ ઉપદેશ સમજીને, પોતાની જીવનની અમુક પરિસ્થિતિને અનુલક્ષીને રાખેલા નિયમોનું પાલન કરતાં, ગમે તે જાતનો જે કોઈ હોય તે પરમપદ પામે છે. ધર્મને ચુસ્તપણે વળગી રહેલા ઈચ્છા અને બળ હશે, જ્ઞાન પ્રાપ્ત કરવામાં કોઈ મુશ્કેલીઓ નહિ હોય, તો સન્યાસ આશ્રમમાં પ્રવેશ કર્યા વિના પણ, ઘરમાં રહેવા છતાં, તે મુક્ત થાય છે.

ચક્રવર્તી જનકજી, અશ્વપતિ દિલીપ જેવા રાજર્ષિઓ ગૃહસ્થામાં ચાલુ રહી, ઈશ્વરકૃપા સંપાદન કરવામાં નડતા અંતરાયો દૂર કરી, એ અવસ્થામાં ઝઝુમીને મૂક્તાવસ્થામાં એ પહોંચ્યા હતા. પરમાત્માની પ્રાપ્તિ એ એમનું લક્ષ્ય હતું. માટે શંકા રાખશો નહિ. ગૃહસ્થાશ્રમ અંતરાય રૂપ નથી.

આ સંસારસાગર પાર કરવાની ભાવનાથી પ્રેરાઇને પતિ અને પત્ની બંને જણાને માનસિક સમાન સુમેળ જોઈએ, એ ધ્યેયને પહોંચવાનો દ્રઢ નિશ્ચય બંનેમાં સમાન રીતે મજબુત અને સ્થિર હોવો જોઈએ — નહિં તો સન્યાસનો જ આશરો રહે છે. મધ્યાહનનો સૂર્ય જોશો તો જણાશે કે તેની પ્રિયતમા છાયા સાથે જ તે રહે છે. સોળ કળાયુક્ત ચંદ્રમાં તેનાં ઠંડા અમૃતસમા પ્રકાશના કિરણો સાથે રહે છે - ગૃહસ્વામીની તેજસ્વીની હોવી જોઇએ, ધૈર્યવાન પ્રશાંત, સારી અને સદગુણ સંપન્ન હોવી જોઈએ. તો પછી ઘર પ્રકાશીત થઈ ઝગમગશે અને આધ્યાત્મિક ક્ષેત્રનાં એ વિજયગ્રષ બની જશે.

જ્યારે ઘરમાં રહેતાં આધ્યાત્મિક ક્ષેત્રમાં મુશ્કેલીઓ ઉપસ્થિત થાય ત્યારે તેણે ભાગી જઈને સન્યાસી થઈ જવું એવો નિયમ નથી, પત્નીની સંપૂર્ણ સંમતિ વગર પતિએ જો સન્યાસ લીધો હોય તો તે ફળદાયી બનતો નથી. શ્રેષ્ઠ તો એ છે કે પત્નીને સાથે લઈને ગૃહત્યાગ કરી તેણે વાનપ્રસ્થ થવું જોઈએ અને નવી અવસ્થામાં વાનપ્રસ્થ ધર્મનાં પાલન કરવાં જોઈએ. જો સંભાળ રાખવા યોગ્ય અને ધ્યાન રાખવા યોગ્ય જો સંતાનો હોય તો એ અવસ્થામાં શાસ્ત્રો પણ વાનપ્રસ્થ થવામાં સંમત થતાં નથી.

સંતાનોને સ્વતંત્રપણે પોતાની સંભાળ લઈ શકે તેવાં બનાવ્યા પછી તેઓનો ત્યાગ તે કરી શકે, તેથી અડતાળીસ વર્ષની ઉંમર સુધી ગૃહસ્થાવસ્થામાં રહેવાની જરૂર શાસ્ત્રો બતાવે છે. ચાહે તે ગમે યા ન ગમે છતાં એ નિયમ છે ત્યાં સુધી તેમાં રહીને સ્વધર્મ પાલન અંતરાય વગર કરવામાં ઝંઝટોનો સામનો કરવો પડે છે. જો અંતરાયો ઉભા થાય તો ભગવાનને તે સમર્પણ કરો. તેને ભગવાનની લીલા કે યોજના ગણી અપનાવો. ગૃહસ્થનાં શિસ્તનો આ સ્ત્રી અને પુરૂષનો માર્ગ છે તેને અનુસરણ કરવાની આ પદ્ધતિ છે.

---

# પ્રકરણ ૯

ઉચ્ચ હો યા નીચ, શ્રીમંત હો યા કંગાલ, પુરૂષ હો યા સ્ત્રી, સર્વ કોઈ માંદાં પડે છે — માંદગી મટાડવા માટે દરેકને ઔષધ લેવા હક્ક છે. તેવી જ જન્મ અને મરણની માંદગી સર્વને વળગી છે અને તેને મટાડવા માટે બ્રહ્મવિદ્યા નામની ઔષધિની આવશ્યક્તા છે. બ્રહ્મવિદ્યા ઔષધ અક્સીર દવા છે. આ તો આપણો વારસો છે. જે ભૂમિકાએ પ્રત્યેક વ્યક્તિ પહોંચી હશે, જે કક્ષાની આધ્યાત્મિક - વિકાસની દશા પ્રાપ્ત કરી હશે અને જે પ્રકારની ઔષધિની પરિપક્વતા થઈ હશે તે પ્રકારે દરેક વ્યક્તિની તંદુરસ્તી સુધરશે, અર્થાત્ તે પ્રકારની શાંતિ અને સ્વસ્થતા સંપ્રાપ્ત થશે. પરંતુ અહિયાં એક વાત વિશેષરૂપે કહેવાની છે. ઔષધ સેવન સાથે જીવનરીતિના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું છે.

બ્રહ્મચૈતન્ય ઔષધ સાથે ઉચિત ધર્મ પાલનનું અનુપાન કરી, તેને બળવાન બનાવવું પડશે. તેમજ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય કેળવવાં પડશે. માંદગીની સારવારમાં ખાવાની અને બીજી પથ્ય પરેજી પાળવી આવશ્યક છે –તેવી રીતે બ્રહ્મજ્ઞાનમાં કેવળ પ્રવેશ એ પુરતી વસ્તુ નથી. સમ અને દમ વગર, તેમજ બીજી નૈતિક આધ્યાત્મિક દિવ્યતા વિના,ભલે તે શહેનશાહ હોય અગર ગુલામ હોય, ઉચ્ચ હોય યા નીચ હોય, છતાં ધ્યેયને પહોંચી શક્તો નથી. બ્રહ્મવિદ્યાના વારસાનો હક્ક સર્વ કોઈને છે, છતાં તેઓ યોગ્ય પાત્રતા ધરાવે છે તેને જ તે મળે છે. સારવાર કરવા માટે મનોબળ હોવું જોએ. ઔષધ પચાવવા અને એક રસ કરવા શક્તિમાન થવું જોઈએ. ખરું ને ? યદિ એ શક્તિ જો દરદીમાં નહીં હોય તો મહાન ડૉક્ટર સ્વયં દરદી દવા લઈ શકે એવું પ્રમાણપત્ર લખી આપશે નહિં. કેટલાક ડૉક્ટરો દરદીની દશા જોઈ જેને અત્યંત આવશ્યકતા હોય તેવા દરદીને મફત દવા આપે છે. આવા ડૉક્ટરો જોઈ લે છે કે દરદી દવા કરાવવા માટે ઘણો જ દરિદ્ર છે તો પછી જે દયા અને કૃપાનો ખજાનો છે – ભંડાર છે તેવા સર્વોત્તમ ડૉક્ટરનું પૂછવું જ શું ? તે શક્તિ અને જરૂરીઆત ધ્યાનમાં લે છે અને ઔષધ પુરૂં પાડવાની વ્યવસ્થા તે કરે છે.

હવે, એક કોયડો ઉભો થાય છે. સ્ત્રીઓ બ્રહ્મવિદ્યા મેળવવા અધિકારીણી છે ? આ પ્રશ્નનો ઉત્તર અપાઈ ગયો છે જ. યદિ સ્ત્રીઓ આ જ્ઞાનની અધિકારીણી ન હોય તો વિશ્નુનમૂર્તિએ ભૂદેવીને ગીતારહસ્ય શા માટે શીખવ્યું હોત ? પરમેશ્વર શિવજીએ ગુરૂગીતાનું જ્ઞાન શા માટે આપ્યું હોત? "ધરોવાચ" "ધાર્વત્યુવાચ" એવા વાક્યો બતાવે છે કે ધરા અને પાર્વતીજીએ શાસ્ત્રચર્ચાઓમાં ભાગ લઇને, શંકાસમાધાન માટે પ્રશ્નો પણ કર્યા હતા. ઈશ્વરે પાર્વતીને યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્ર બંને શીખવ્યાં હતાં. શાસ્ત્રપ્રમાણિત આ સત્ય વાત છે એ તો ખરૂં ને ? બૃહદારણ્યક - ઉપનિષદમાં, યાજ્ઞવલ્કયે મૈત્રેયીને બ્રહ્મવિદ્યા શીખવ્યાનો ઉલ્લેખ છે. વેદોના બે વિભાગો છે. અજ્ઞાનીઓ માટે કર્મકાંડ, વિજ્ઞાનીઓ માટે જ્ઞાનકાંડ, કેવળ શાસ્ત્રોને ધ્યાનમાં લઈશું તો જણાશે કે તેમાં બે વિભાગો

છે. વિદ્વાનોના શબ્દો અને આત્મજ્ઞાનના અનુભવથી પ્રેરિત સુજાણ માનવોના શબ્દો આ વિભાગો પૈકી જેણે, આત્મ સાક્ષાત્કારના કારણે કતૃત્વાભિમાન ત્યાગ્યું છે. વિવિધ જીવનમાં એક જ આત્મા વસેલો છે એવું જે જાણી ચૂક્યા છે, મારું અને તારુંના સર્વ ભેદભાવ જેને ભૂલાયા છે, સચરાચર સૃષ્ટિના કલ્યાણની જે શોધ કરી રહ્યા છે- આવા આત્મજ્ઞાનીઓના શબ્દો સાચા છે - કિંમતી છે.

બૃહદારણ્યકમાં આવી તેજસ્વી સાધ્વીઓ ગાર્ગી અને મૈત્રેયીના નામો આવેલાં છે, મહાભારતમાં પણ સુલભા અને યોગિનીનાં નામોનો સમાવેશ થયો. નૈતિક સદાચાર અને દ્રઢતાથી પ્રેરીત સન્નારીઓ આ માર્ગ પર વિચરી શકે છે. પછી જ એ ઉચ્ચતાએ પહોંચવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ચૂડા, મદાલસા અને અન્ય સ્ત્રીઓએ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સાધના દ્વારા સ્ત્રીઓ તે સ્થિર અદ્વિતીય અને પવિત્ર બ્રહ્મ પામી શકે છે. યોગવાસિષ્ઠય અને પુરાણોમાં પણ આ વાત સ્પષ્ટતાથી કહેલી છે. જેણે યોગ્ય શાસ્ત્રાધ્યયન કર્યું જ નથી તેને જ શંકાઓ જાગે છે. સ્ત્રીઓમાં નવાશિખાઉ, ગૃહિણી કે એકાંતવાસીની હોય, તે વિશુદ્ધ હૃદય અને પવિત્ર આચરણ દ્વારા ધ્યેય પામી શકે છે. સર્વ સ્ત્રીઓએ આ બે વસ્તુ પ્રાપ્ત કરવા લાલાયિત રહેવું જોઈએ.

"ઉચ્ચ વિદ્યા અને વિજ્ઞાન - શિખવનારા પ્રાધ્યાપકો કરતાં આધ્યાત્મગુરૂ - આચાર્યો દશગણા વધારે યોગ્યતા ધરાવનારા હોય છે. આચાર્ય કરતાં દશગણા વધારે યોગ્ય પિતા મનાય છે- અને માતા પિતા કરતાં પણ હજારગણી વધુ યોગ્યતાવાળી ગણાય છે." આ છે મનુમહારાજનું મનુસ્મૃતિનું વાક્ય.

મનુસ્મૃતિ સર્વ ધર્મશાસ્ત્રોને સ્વીકૃત ગ્રંથ છે. એ તો એનો પાયો છે. જુઓ તો ખરા તે માતાજીને કેવું માન આપે છે, ઐશ્વર્ય વૈભવની દાસી મહાદેવી લક્ષ્મીજી. સ્ત્રીઓને પત્ર લખતાં "પ્રતિ-બરાબર સર્વ પ્રકારે લક્ષ્મી" છે. સ્ત્રીઓ સર્વમાન્ય સન્માનનીય છે. અવતારી ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણ - ધર્મગુરૂઓ શ્રી શંકરાચાર્ય - શ્રી રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય સુજાન બુદ્ધ, જેસસક્રાઈસ્ટ અને મહંમદ - આ સર્વેની જન્મદાત્રિ સ્ત્રીઓ જ છે ને ? તેઓની માતાઓ પવિત્ર યશની મૂર્તિઓ છે. તેમણે વિશ્વ પરિવર્તન કરનારા મહાન પુત્રો પ્રદાન કર્યા છે. તેઓનાં પગલે પગલે ચાલીને, જે સ્ત્રીઓ વિશુદ્ધ ઈશ્વરાર્પણ વૃત્તિથી જીવે છે તેને બ્રહ્મજ્ઞાન મેળવવાનો હક્ક છે - તે બદલ કોઈ ઇન્કાર કરી શકે નહિ. ઠરાવેલી પરેજી પાળ્યા સિવાય કોઈ પણ વ્યક્તિ રોગ મુક્ત શી રીતે થઈ શકે ?

વસ્તુતઃ પુરૂષ અને સ્ત્રીના ભેદ રહિત આત્મા છે. તે મિથ્યા - શુદ્ધ બુદ્ધ અને સ્વયંજ્યોતિ છે. તે વિશુદ્ધ નિત્ય ચૈતન્ય સ્વયં છે – સ્વયં પ્રકાશ છે. આત્મજ્ઞાન થાય ત્યારે જ સ્ત્રીઓ એ પવિત્ર સાધ્વીઓનાં પદ પ્રાપ્ત કરી શકે.

વિદ્યાદેવી સરસ્વતીજી, ઐશ્વર્ય દેવી લક્ષ્મીજી અને જ્ઞાનદેવી પાર્વતીજી, સર્વે સ્ત્રીઓ જ છે. તેથી અધ્યાત્મશાસ્ત્ર, જેના દ્વારા બ્રહ્મમાં વિલીન થવાય છે અને બંધનમાંથી અંતિમ મુક્તિ મળે છે તે માટે સ્ત્રીઓને અધિકાર ન હોય એવું માની શકાય તેવું નથી. સુતેલો સિંહ પોતાનો સ્વભાવ જાણતો નથી - તેવી જ રીતે માયાજાળમાં વિંટાયેલ માનવ પોતાના તેજોમય આત્માને પીછાણતો નથી. આવી અજ્ઞાન દશામાં , તે પૂર્વગ્રહોથી પ્રેરાઈને પોતાને ગમતું હોય તેને શાસ્ત્રની છાપ આપે છે. એવુ કોઈપણ વખત શાસ્ત્રો કહેતાં નથી.

શાસ્ત્ર તો મનુષ્યનાં નેત્ર છે. તે નેત્રો દોરે છે, પ્રકાશ પાથરે છે – માર્ગદર્શક બને છે. તેની સૂચનાઓનું અનુસરણ કરો, માનવની માત્ર તેટલી જ ફરજ છે. આજે વિશ્વ સમક્ષ આ મહાકાર્ય ઉભું છે. જો શાસ્ત્રો પૂરૂં સમજશે તો કોઈ શંકાઓ ઉપસ્થિત થશે જ નહિં - કોઈ ચર્ચાની આવશ્યકતા રહેશે નહિં. તમોને મનગમતી વસ્તુ હોય તે પસંદ કરી તેને શાસ્ત્ર સંમત બનાવવા ઠોકી બેસાડવી તે યોગ્ય નથી. તેમજ શાસ્ત્રોના આદેશ વિરુધ્ધ જવું પણ યોગ્ય નથી. શાસ્ત્રોને સામો પડકાર આપવો. અગર તેની આજ્ઞાઓ વિશે તુચ્છભાવે બોલવું એ પાપ છે. વ્યવહારમાં શાસ્ત્રોનો નિરાદર થયો છે તેથી જગત આજે દુ:ખના માર્ગે જઈ રહેલું છે. આ જ કરૂણાજનક છે -નૈતિક પતન છે.

મોક્ષના ઈચ્છુકોએ ચારિત્ર, ઉન્નતિ અને ભાવનાઓની પવિત્રતા માટે શાસ્ત્રોમાં બતાવેલા વિધિ નિષેધના નિયમોનું પહેલા પાલન કરવું જોઈએ. બ્રહમજ્ઞાનના આ મૂક્તિદાયક માત્રાનો અને કેવળ શાસ્ત્રોના ગ્રંથો વાંચી મહેનત કરી વિદ્વતા મેળવી હોય તે નિરર્થક બોજો છે. આવા વિદ્વાનો તો ચમચા જેવા છે. ચમચાઓ મીઠાઓ અને મુરબ્બાઓમાં ફરે છે છતાં તેને તેના માધુર્યનો સ્વાદ મળતો નથી, મુંડકોપનિષદમાં શાસ્ત્રનો સાર જેણે પચાવ્યો નથી એવા કેવળ પોથીપંડિતો પોતાના અજ્ઞાનથી બીજાઓને દોરે છે, તેને આંધળા સાથે સરખાવ્યા છે. અંધ અંધને દોરે છે, પરિણામે દોરનારો અને દોરાતો બંન્ને કુવામાં પડે છે.

અનુભવ અને વ્યવહારથી, શાસ્ત્રાધ્યયન વગર પણ જો તમે જ્ઞાન મેળવ્યું હશે, તો તે સાધન દ્વારા તમે સાધ્ય સાધી શકશો. અને જે માર્ગથી તમે જાણીતા થયા હશો તે માર્ગે બીજાઓને દોરી પણ શકશો. મુર્ખ માનવને શાસ્ત્રની જરૂર નથી. તેવી જ રીતે, જે હંમેશા હરેક સ્થિતિમાં, બ્રહ્મચિંતન અને તેનાં માધુર્ય સુખમાં તન્મય રહેલા છે, તેવા પવિત્ર મહાત્માને પણ શાસ્ત્રની જરૂર નથી. ચૂસ્તપણે સત્યવ્રતનું પાલન અને ધર્મ વહેવાર મહાશોક ઘણીવાર ઉભો કરે છે, પરંતુ અંતમાં જે દિવ્ય સુખ, તમારી રાહ જોઈ રહેલ છે, તેનો ખ્યાલ રાખી, તમારે બધું આનંદથી સ્વીકારી સહન કરવાનું છે. સત્ય વાત માત્ર બુધ્ધિવાન સમજી લે છે અને પોતાની જાતને બચાવી લે છે, બાકીના બધા બંધનમાં રહે છે.

મનની પ્રમુખ ભૂમિકાના આધારે યુગોના વિભાગો થયા છે. કૃતયુગમાં ધર્મ ચાર પગે ચાલતો હતો - સુખી અને સહીસલામત હતો. ત્રેતા યુગમાં ધર્મને માત્ર ત્રણ જ પગ રહેલા - દ્વાપર યુગમાં બે પગેથી તે બિચારો લંગડાતો રહ્યો અને પરંપરા મુજબ આજના કલિયુગમાં ધર્મને એક જ પગ રહેલો છે. આ ધર્મના ચાર પગો છે. સત્ય, દયા, તપ અને દાન. કેલેન્ડરમાં ચાહે તે યુગ હોય છતાં આ ચારેય કરી શકે છે તે સત્ય યુગમાં છે એમ સમજવું — યદિ મનુષ્યમાં સત્ય સ્થિર ન હોય પણ બાકીના ત્રણેય ગુણો હોય તો તે ત્રેતાનો માનવ ગણાય. યદિ સત્ય અને દયાનો અભાવ થઈ જાય, પણ તપ અને દાન ચાલુ રહે તો તેને દ્વાપર યુગનો મનાય. પરંતુ જો ચારેય પૈકીમાંથી કેવળ દાન જ રહે અને ધર્મ એક પગવાળો બને — તો તે કલિયુગનો માનવ કહેવાય. ધર્મ બદલાતા યુગ બદલાય - સમયના વહનથી યુગ બદલાતો નથી. દુષ્ટ હિરણ્યકશિપુ અને પવિત્ર પ્રહલાદ બંને એક જ યુગમાં રહેલા છે. ધર્મ રાજા જે સદગુણો અને શાંતિની મૂર્તિ હતા તે તથા મહા ઠગ દુર્યોધન બંને જણ એક જ યુગમાં સાથે હતા. તેથી દરેક વ્યક્તિ માટે તેનો ધર્મ, તેનો યુગ બનાવે છે. જો ધર્મના ચારેય દિવ્ય ગુણો કોઈનામાં હોય તો તે હંમેશાં સત્યયુગમાં જ રહે છે. માનવનું ચારિત્ર્ય ઈતિહાસનું સર્જન કરે છે યા સંહાર કરે છે અને સુવર્ણયુગને લોહયુગમાં પલટાવે છે.

# પ્રકરણ ૧૦

હવે ભગવાનના રહેવાના ઘર, આલય – મંદિર અને તેના અંગેના નિયમો સબંધી વિચારશું . વિવિધ સત્તાધારીઓના મનસ્વી અને પૂર્વગ્રહવાળા વિચારોને અનુસરીને, મંદિર સંસ્થાને માટે નિયમો વધુ પડતા વધી ગયા છે - ઉભરાઈ રહ્યા છે, તેઓએ મનુષ્યોને ધર્મ બ્રહ્મ અને યોગ્ય કર્મથી દુર કરી દીધા છે. તેઓના વૈવિધ્ય અને અવિવેકીપણાથી તેમણે ભક્તોને મુંઝવી દીધા છે. તે નિયમોને અંધતાપૂર્વક પાલન કરવા દબાણ થાય છે તેથી તેઓએ સ્વયં વિશ્વકલ્યાણને મહાહાનિ કરી છે, ખરેખર તો આ નિયમો અને બાહ્યોપચારો ભગવાનથી પીછેહઠ કરી દુર જવાના પહેલા પગલા રૂપ છે. તેઓએ મોટા પ્રમાણમાં નાસ્તિકતા વધારી છે.

મંદિરના મહોત્સવો ઉપર ખૂબ ઊંડાણપૂર્વક વિચારો, મંદિરો તો શિસ્ત પામવાનાં કેન્દ્રસ્થાનો છે - જ્યાં સાધક એક એક પગલે સત્યના દર્શન પામવા આગળ વધે છે. અધ્યાત્મ શીખવા મંદિરો તો શાળાઓ છે. તેઓ શાસ્ત્રીય અભ્યાસ માટેનાં વિદ્યાલયો છે. તેઓ પરમવિજ્ઞાન પામવાની સંસ્થાઓ છે. જીંદગીના મુલ્યાંકન કરી કસોટી કરવા માટે તે રસાયણ શાળાઓ છે, તેઓ યુગોથી માનવોને લાગુ પડેલા જન્મમરણનાં ભવરોગ મટાડવાનાં મંદિરો - દવાખાનાં છે. ભવરોગ તો શું પણ તેનાથી વધુ મોટો રોગ "માનસિક બગાડ" નો રોગ જેમાં શાંતિ પ્રાપ્ત કરવાનાં રહસ્યો નથી જણાતા એવા તમામ લોકો પીડાય છે, તે મહારોગને મટાડવાનાં તે દવાખાનાં આ મંદિરો છે.

ડગમગતી શ્રદ્ધા અને નિર્બળ પડેલા વિશ્વાસ, તેમજ ઉભરાઈ જતા અહંકાર સુધારવા અને માનવનાં સ્વાસ્થ્ય ફરી સ્થાપવા માટે મંદિરો વ્યાયામશાળા છે, તથા નાસ્તિકતાના માપદંડો અને કર્મોનાં પ્રતિબિંબ પાડનારા આયનાઓ છે. મંદિરનો હેતુ માનવત્વમાં માધવત્વ જગાડવાનો છે. માનવની માનવતામાં દિવ્યતાનો ઉદય કરી, આ ભૌતિક શરીર જેમાં તે વસે છે તે શરીર સ્વયં ભગવાનનું મંદિર છે, તેથી સર્વ બાહ્ય ઉપચારો સત્કર્મો અને વૈદિક ક્રિયાઓ બ્રહ્મજ્ઞાન પર ભાર મૂકે છે અને કેળવે છે. જીવ એ તો માત્ર સમુદ્રનો તરંગ છે.

શાસ્ત્રો માનવને ઉપદેશ કરે છે કે તેના સર્વ કર્મો અને ક્રિયાઓ અંતે અનાસક્તિ તરફ દોરતાં હોવાં જોઈએ. બ્રહ્મજ્ઞાન મેળવવા માટે આ સર્વોત્તમ સદગુણ છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગની ત્રિપુટી પૈકીની ભક્તિ તો મહારાણી છે. નિયમો અને વિધિપૂર્વકની ક્રિયાઓ તેની દાસીઓ છે. મહારાણી દાસીઓ પ્રત્યે પ્રેમભાવ રાખે છે અને તેના પર કૃપા કરે છે. પરંતુ વિધિનિયમો જે સેવકો છે - સહાયકો છે, તેઓ મહારાણીનો અનાદર કરે, તો તેઓને નિર્દય થઈને તેના સ્થાનેથી હટાવી દૂર કરવા જોઇએ. મંદિરની તમામ બાહ્યોપચારની અને વિધિવત્ ક્રિયાઓ ભક્તિમાતાનાં

ગૌરવ કરવાનાં ગુલામો હોવાં જોઈએ. ધર્મનો આ સાર છે જેનાથી મંદિરોની વ્યવસ્થા ચાલવી જોઈએ. ત્યાર પછી જ મનુષ્ય પોતાના ધ્યેયને પહોંચી શકે.

ભક્તિ ખૂબ જ સહેલાઈથી મૂળ બ્રહ્મ સાથે લવલીન થવાનું સુખ પ્રાપ્ત કરાવે છે. માનસિક આવેગોને, બાહ્યદર્શી જ્ઞાનેંન્દ્રિયોને મનુષ્યની લાગણીની તૃષ્ણાઓને, ભગવાન તરફ વાળી લક્ષ્ય સુધી પહોંચાડવાનું કાર્ય ભક્તિ સરળતાથી કરે છે. મંદિરના ભગવાનનાં પૂજન આરાધના તમામ વિગતો આ દિશા મુજબ આકાર લઈ રહે છે. વહેલા પરોઢમાં ભગવાનને જગાડવાથી તે તેના મોડી રાતે શયન સુધીના તમામ વિવિધ પ્રસંગો, જે મંદિરમાં યોજાય છે, તે મનના ભક્તિભાવના વલણોને વધારવા અને ઉન્નતી કરવા માટે યોજાય છે. પ્રત્યેક પ્રસંગ ઉચિત ભાવમય લાગણીઓને દિવ્યતા પામવામાં વિશિષ્ટ સુંદર રીતે સહાયક બને છે. આ અનુભવની દિવ્યતામાં હલકી વૃત્તિઓ વિસરાય છે અને અદ્રશ્ય થાય છે. સામાન્ય જીવનની અશ્લિલ લાગણીઓ ભગવાનની હાજરીમાં સમર્પણ અને પૂજનના પદે પલટાતી જાય છે.

પ્રત્યેકના હૈયે રહેલી ભાવનાને ભગવાન જગાડશે. જો તેને દૈત્ય યા ભૂત રૂપે કલ્પના કરી હશે તો દૈત્ય તરીકે ભયભીત કરશે, યદિ તેને ભૂતનાથ (પંચતત્વોના સ્વામી) રૂપે માન્યા હોય અથવા માનસિક છબી ચિત્રિત કરી હોય, તેને કદાચ તેવા દેખાશે. તમે પૂછશો કેવી રીતે ? કદાચ શા માટે ? આજના યુગની મુખ્ય મૂર્ખતા આવી શંકા કરવાના વલણની છે.

હવે શિખામણ વહેંચવી એ લોકરિવાજ બની ગયો છે જે કાંઇ જાણે છે તે અને જે કંઈ જાણતા નથી તેની વચ્ચે આ શિરસ્તો ચાલે છે, એ ઉપદેશનું અનુસરણ થાય છે કે કેમ તેની તેને દરકાર હોતી નથી. ઉપદેશકની ઉચ્ચતર પદવીએ, પોતાને મહત્તા આપવા અને પ્રતિષ્ઠાનો આડંબર દેખાડવા લોકો કુદી પડે છે. તેઓ પોતાની કલ્પનામાં અંધ બની જાય છે. આવા લોકો તિરસ્કાર કરવા કરતાં દયા ખાવા પાત્ર છે. કારણ ઈશ્વરની બાબતમાં “આટલું અને આટલું જ" એવું કોઈપણ નક્કી કરી શકે નહિ.

ઉપરાંત જ્ઞાન વૈરાગને માપવા માટે કોઈક માપદંડો હશે -પરંતુ ભક્તિ સ્વયં પોતાનું માપ છે. ભક્તના વલણને અનુકુળ ભક્તિના ઘણા રૂપો છે - કંસ, જરાસંઘ, શીશુપાલ, હિરણ્યકશીપુ, વિગેરે ભગવાન પ્રતિ વિરોધ ભાવનું વલણ લઈ બેઠા; તેથી ભગવાન દુશ્મનરૂપે તેના માટે પ્રગટ થયા અને તેઓના ઝંઝાવાતો અને જીવન સમાપ્ત કર્યાં. યદિ ભગવાનને પ્રિયતમ રૂપે કલ્પશો, જેવી રીતે જયદેવ, ગૌરાંગ, તુકારામ, રામદાસ, સૂરદાસ, રાધા, મીરાં, સખુબાઈએ કલ્પ્યાં, તેને માટે સૌથી નિકટના, પ્રિયતમ રૂપે પ્રગટ થયા અને આનંદનો વરસાદ કર્યો. નાનું બાળક સૂર્યને પોતાની માના કપાળના કુમકુંમના ચાંલ્લા જેવો ગણે છે. પરંતુ સમજું મોટાઓ તેને પ્રકાશમાન

અગ્નિના ગોળારૂપે જુએ છે. દેખવાની પ્રક્રિયામાં, માનસિક ચિત્રની અસર કેવી પડે છે તે આનાથી સમજી શકાશે. તેવી જ રીતે ભગવાન અને મંદિરો માટે પણ તે જ કાયદો લાગુ પડે છે.

મનુષ્યે ભગવાન માટે તેમ જ ભગવાનનાં મંદિર માટે ઉન્નત વલણ રાખવું ઉચિત છે. આવું વલણ મહાકલ્યાણપદ છે. માધવને માનવ સ્વરૂપે સ્વીકારવા એ તદ્દન સહજ અને યોગ્ય છે – પરંતુ તેને માત્ર સામાન્ય વ્યક્તિ ગણવા એ ઇચ્છનીય નથી. તે અસામાન્ય પુરૂષ છે એવી કલ્પના કરવી એ ભક્તિનો સિદ્ધાન્ત છે. દિવ્ય પ્રકાશીત આકૃતિના અપૂર્વ પુરૂષ છે એવી ભાવના ભક્તિનો પાયો છે.

અરાધના અને ભજન વખતે જે ભાવનાઓનો ઉદય થાય તે મધુર અને રસીલી હોવી જોઈએ અને ભૌતિક બંધનથી બંધાયેલા માનવની લાલસાઓ અને હલકી ઈચ્છાઓને, અદ્રશ્ય રીતે પરિવર્તન કરનારી હોવી જોઈએ. મનુષ્યની અંદર રહેલી પાશવી વૃત્તિઓને જાગ્રત કરી પ્રદીપ્ત કરનારી હોવી ન જોઈએ. ત્યાગરાજનો દાખલો લો. શ્રીરામ ત્યાં જ શયન કરી રહ્યા છે એવા ભાવાવેશમાં ત્યાગરાજ પોતે સુવાનું ભૂલી ગયા હતા. ત્યાગરાજે શ્રીરામને ઝુલામાં ઝુલાવી સુવડાવી દીધા આવું અનુમાન તમે ન કરતા પરંતુ શ્રીરામે ત્યાગરાજને ભક્તિના ઝૂલે બેસાડી - ધીમેથી ઝુલાવ્યા છે અને (ભૌતિક વસ્તુની વિસ્મૃતિની) નિદ્રામાં પોઢાડ્યા છે. જ્યારે તમારા ઇષ્ટદેવતાને સોના અને ચાંદીના પારણે ઝુલાવો ત્યારે તમારા પારણે પોઢેલા બાળકને યાદ કરવાને બદલે, તમારા બાળકને પારણે ઝુલાવો ત્યારે તમારા ઈષ્ટ દેવતા રામ અથવા કૃષ્ણને નિહાળવાનું વલણ રાખવાની ટેવ પાડો. તેવી જ રીતે જ્યારે તમે પ્રતિષ્ઠા પામેલા તમારા ઈષ્ટદેવ સામે ઉભા રહો, ત્યારે તમારા પોતાના હૃદયમાં બ્રહ્મની સ્થાપના કર્યા બદલ ખાત્રી કરો - હૃદયની સ્થાપના તમારા અસ્તિત્વના પાયા સ્વરૂપ, જ્ઞાન અને સુખ સમાન સમજો. મંદિરની પૂજાની વિધિયુક્ત સેવા અને ઉત્સવો, આવા પ્રકારની લાગણીઓ જગાડવા માટે, યોજવામાં આવે છે. તેથી તમારા મંદિરમાં બિરાજેલાં સીતારામ, રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ અને પાર્વતી પરમેશ્વરને “દયાજનક દંપતિ” તરીકે એકાંત સ્થાનમાં અટકાયતમાં રહી. અર્ચક આપે તે ખોરાકથી જીવતાં અને પાય તે પીણાથી પલળીને તેનું દુ:ખમય અસ્તિત્વ વધારી રહ્યાં છે, એવું માનવું નહિ. અંદરના સિંહાસનના દ્વારો ઉઘાડવા ના પાડતા અર્ચકો કહે છે કે ભગવાન શયન કરે છે, ભગવાન ભોગ સ્વીકારે છે - આવું કહેવું બેવકુફી છે. કેટલીક વખત તેઓ ચુપ રહી શાંતિ જાળવવા દબાવે છે – કારણ "ભગવાન શયન કરે છે અને અવાજ થતાં જલ્દી જાગી જશે.” આવા સમયે અગત્યનો વિનય કરવાની કદી તક મળે જ નહિ.

આવી જાતના કથનો મનુષ્યના મનમાં ખોટી માન્યતા જગાવી દે છે. તેઓ હાસ્યાસ્પદ શંકાઓ ભર્યા કોયડા ઉભા કરે કે ભગવાનને ગોખલામાં પુરાઈ રહેતાં કુદરતી હાજતો થતી હશે.

આવાં કથનો માનવોને નાસ્તિક બનાવે છે. આવા અર્ચકો અને છિદ્રો ખોળતા નાસ્તિકો, બંન્ને જણા મંદિરનાં પૂજન આરાધનના સિદ્ધાન્તો બદલ અજ્ઞાન છે. એ તો હલકી વૃત્તિનાં તર્કો છે. હલકા દુન્યવી માર્ગથી દૂર રહેવા પુરતા તમારે સંસ્કારી થવું જોઈએ.

મંદિરનો સાંસારિક સિદ્ધાંતોથી ગણના થઈ શકે જ નહિ. હલકા દુન્યવી માર્ગે અધોગતિ કરાવનારી લાગણીઓને, કેવળ ભક્તિભાવનાનું વલણ જ ઉત્થાન કરાવી સૌન્દ્રર્ય આપી શકે છે.

આજે નવી ખોટી વિચારદ્રષ્ટિ, મંદિરોને ઉપહાસ અને તિરસ્કારની વસ્તુ બનાવે છે. આ બહુ દિલગીરીની – ખેદની વાત છે. તેથી જાહેર રીતે મંદિરપૂજાનાં સત્ય રહસ્યો ખોલવા આવશ્યક છે અને તેને તેના લાયક ઉચ્ચસ્થાને પહોંચાડવાં જરૂરી છે. મંદિરો ફરીથી વિકસિત થવા જોઈએ. હાલરડું ગાવ ત્યારે તમે જેવી રીતે સૂઈ જાવ છો, તેવી રીતે ભગવાન સૂઈ જાય છે - એવું માનવું એ કેવી મુર્ખતા છે ! અથવા કોઈ જોરથી તેને બોલાવે ત્યારે તે તમારી માફક જાગે છે, અથવા તો તમે ટેવાયા છો તેમ તેને ભોગ ધરાવો છો ત્યારે તે ભોજન લે છે અને તમારી માફક ભગવાનને નિયમિત ભોગ મળે નહિ તો તે નબળા પડતા જાય છે આવી માન્યતાઓ મૂર્ખતા છે. અણુના સુક્ષ્માતીસૂક્ષ્મ ભાગથી તે સંપૂર્ણ વિશ્વમાં વ્યાપેલા, કાળથી પર, કલ્પનાથી પર એવા તેજોમય સમસ્ત ધારણાઓથી પર એવા દયાળુ ભગવાનને તે સર્વત્ર સર્વદા પ્રસરેલી અને રહેલી પ્રધાન શક્તિરૂપે સમજવાના છે. આવા વિશાળ ભગવાનને નાસ્તિક નિંદકોનાં છિન્દ્રાન્વેષણો અને અજ્ઞાનીઓના ખોટા વિતર્કોને આધીન માનવા એ કેવી મૂર્ખતા છે ?

એક ભક્ત માટે બનાવો, તેવા વખતપત્રથી તમે ભગવાનને બાંધી શકો ? ઠરેલા સમયનો પરિશ્રમ ભક્તને નથી લાગતો. ભગવાનને નિદ્રામાંથી જગાડાય ત્યાં સુધી ભક્તિને રાહ જોવાની હોય છે ? કેવી મહાન મૂર્ખતા ? માતાને ધાવવા માટે બાળક ગમે ત્યારે રડી શકે. મા પણ ઉંઘમાંથી જાગીને બાળકને ધવરાવે છે. તેણી તેને ધક્કો મારશે નહિ - કહેશે નહિ કે હું સૂતી છું ત્યારે તું કેમ બરાડે છે ? ભગવાન વિશ્વજનની છે, જો તે ખરેખર સૂઈ જતી હશે તો તેને ઓછામાં ઓછું લાખવાર જાગવું પડતું હશે - ઉંઘમાં ખલેલ પડતી હશે.

તમારા માનસિક સામર્થ્યોના વિકાસ ઉપર બધો આધાર છે. પરમોચ્ચ સપાટીએ તે પહોંચવા જોઈએ. ભગવાન સર્વત્ર વ્યાપક છે. સર્વશક્તિમાન છે, તે સર્વ ના સાક્ષી છે, એવું કંઈ નથી જે તે જાણતા નથી, આ સત્યો સ્વતઃ સિદ્ધ માનવાં જોઈએ અને સર્વ ઉત્સવો અને વૈદિક ક્રિયાઓ અને સાધનાઓ, આ સત્યોના સુમેળરૂપે ગોઠવીને અર્થ કરવા જોઈએ. ભગવાનની પૂજા આરાધના તેના નામ અગર રૂપ સાથે હલકી નિરર્થક ભાવના ભળવી જોઈએ નહિ, તેથી સર્વોચ્ચ ભક્તિ અને તેને ટેકો આપનારી વિધિયુક્ત ક્રિયાઓ બહુ જ આવશ્યક છે. ભગવાન સુતા છે - તેમાં ખલેલ પડશે, જમે છે માટે વચમાં કોઈ બોલશો નહિ, આવા વખતે બારણાં બંધ રહેવા જ

જોઈએ, તે માટે તો શું કહેવું ? આ છોકરમત છે. આ વિશાળ અને સાચું વલણ નથી. જ્યારે ભક્તિ ભાવના પરિપક્વ થાય છે અને પૂર્ણતાથી ખીલે છે ત્યારે આવી હલકી સાંસારિક લાગણીઓ પીગળી જાય છે - નિરર્થકતા સમજાય છે.

એક નાનો પ્રસંગ યાદ આવે છે. એક વખત રાણી રાસમણીએ કલકત્તામાં બનાવેલા કાલીમાનાં મંદિરમાં ગોપાળની પ્રતિમા પડી ગઈ અને તેનો પગ થોડોક તુટી ગયો. કેટલાક વડીલોએ જાહેર કર્યું કે શાસ્ત્રના આધારે તૂટેલી પ્રતિમાનાં પૂજન થાય નહિ. રાણી રાસમણીએ શિલ્પીઓ દ્વારા નવી પ્રતિમા તૈયાર કરવા યોજના કરી. રામકૃષ્ણે આ સાંભળ્યું અને રાણીને ઠપકો આપ્યો કે — મહારાણી ! તમારા જમાઈનો પગ તૂટી જશે તો તમે શું કરશો ? પગને પાટો બાંધી, તેને સારો કરવા અથવા જમાઈનો નિઃરાદર કરી તેના બદલે બીજો જમાઈ મેળવવા પ્રયાસ કરશો ? સાચું શું કરવું જોઇએ ? વડીલો અને પંડિતો મુગ્ધ થઈ મૌન થયા. ગોપાળનો તુટેલો પગ સમો કરી, પ્રતિમા પધરાવી, અને પહેલાંની માફક પૂજા થવા લાગી. જુઓ જ્યારે ભક્તિ વિશુદ્ધ પાવન બની - ઉર્ધ્વગામી બની, ત્યારે તૂટેલી પ્રતિમામાં પણ ભગવાન વ્યક્ત થયા. તેવી જ રીતે શાસ્ત્રસંમત ધર્મનું સમજવું. જ્યારે દ્વારો બંધ હોય ત્યારે તે ઉઘાડાય નહિ એવું નિયમો કહી શકે. પરંતુ આ સામાન્ય સૂચના માત્ર છે, પરંતુ જયારે સનક સનદાદિ અથવા જયદેવ, ચૈતન્ય ગૌરાંગ વિગેરે જેવા પુરૂષો આવે, ત્યારે આ નિયમોનું પાલન અશક્ય બને છે — ખરૂં ? ભગવાન કૃષ્ણ ઉદીપી તરફ ફર્યા – તેના ભક્તને દર્શન દેવા માટે નંદનરનરની ભક્તિની પ્રબળતા પાસે શીવજી આધીન થયા. દ્વારો બંધ કરવાના કારણને ભગવાન સાથે સંબંધ નથી, વડીલોએ આ નિયમો દિવ્યતા સાથે જાણે કોઈ સંબંધ ન હોય તેવા કારણોથી બનાવ્યા છે. ભક્તની સર્વશ્રેષ્ઠ કલ્પનાઓ સાથે વિરોધ થાય તેવા નિયમો હોવા જોઈએ નહિ. મંદિરના નોકરોએ યદિ સમયો નિશ્ચિત કર્યા નથી અને તેઓની વિચિત્ર વિચારસરણી અને મનસ્વી તરંગો ઉપર તે આધારીત હોય, તો તે મંદિર સામાન્ય માનવના મનમાં ભક્તિ જગાડશે નહિ. કેટલીક મર્યાદાઓ અને નિયમો દબદબો અને આદર જગાડવા માટે રાખવાં જરૂરી છે - આ બધાં ભક્તિનાં મૂળ છે અને તે કારણે જ મંદિરમાં જવા માટે કેટલાક કલાકો નિયત કરવામાં આવ્યાં છે, જ્યારે સિંહાસન પૂજન માટે ખુલ્લું મૂકવામાં આવે છે. મુખ્ય સિદ્ધાન્તથી આ મર્યાદાઓ વિરોધક નથી. મંદિરનું ધ્યેય ધર્મ વધારવાનું છે. આધ્યાત્મિક શિસ્ત અને આંતરિક સંસ્કારનો વિકાસ કરવા માટે મંદિર છે. માનવોના આચરણો, કર્મો ક્રિયાઓ અને વલણો - આ બધાં આપણાં ચૈતન્યમાં ભગવાનની જીવંત હાજરી છે એવી સર્વશ્રેષ્ઠ જરૂરિયાતના ઉછેર માટે સહાયકરૂપ છે. તેથી કેટલાક નિયમો જરૂરી છે તેમાં શંકા નથી, જેથી મંદિરની વિધિવત ક્રિયાઓ થઈ શકે તેવું ન હોય તો સામાન્ય માણસ ધૈર્ય, દ્રઢતા, શ્રદ્ધા અને શિસ્ત શીખે જ નહિ. પરિણામે ભક્તિમાં તેઓ વધે નહિ, અર્ચકોની અને મંદિરના વ્યવવસ્થાપકોની જવાબદારીઓ તેમજ આરાધક જાહેરજનતાની પણ જવાબદારી ખૂબ જ મહાન છે. મંદિરના હેતુ સંબંધી સર્વ કોઈ જાણકાર હોવા જોઈએ. તેમજ તેઓ મંદિરની વૈધિક ક્રિયાઓ

કરવાની જરૂરીયાતના પણ જ્ઞાતા હોવા જોઈએ. તેઓ બીજા બધા કરતાં શ્રદ્ધા અને ભક્તિ વધારે જગાડે છે – તેથી મંદિરના દ્વારો ઉત્કટ સાધકોને માટે ઉઘાડી શકાય — આ મૂળ વસ્તુ કોઈએ ભૂલવી જોઇએ નહિ - તેની અવગણના કરવી જોઈએ નહિ. માનવના કલ્યાણ અને વિકાસ માટે મંદિરોનાં અસ્તિત્વ છે.

# પ્રકરણ ૧૧

હિંદુ ધર્મમાં બતાવેલા આધ્યાત્મિક વિકાસના વ્યવહાર અને સિદ્ધાંતો પ્રમાણે સંવત સમયનાં ત્રણ વિભાગો છે . (૧) વેદિક સમય — જેમાં કર્મ અને ધર્મ ક્રિયાને ખુબ જ મહત્વ આપેલું છે. (૨) ઉપનિષદ સમય (–) જ્યારે બીજા બધાં કરતાં જ્ઞાન ઉપર વધુ ભાર અપાયો હતો (૩) પુરાણિક સમય, જ્યારે ભક્તિને સર્વશ્રેષ્ઠ ગણીને વર્ણવી હતી. વેદિક સાહિત્યમાં સંહિતાઓ, બ્રાહ્મણો, અરણ્યકો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે. આ પૈકીનાં પહેલાં ત્રણ કર્મસંબંધી વિવેચન કરે છે અને તે કર્મકાંડ તરીકે ઓળખાય છે. ઉપનિષદો જ્ઞાન સાથે સંબંધિત કોઈ જ્ઞાનકાંડ તરીકે ઓળખાય છે.

વેદસંહિતામાં મંત્રસમૂહો સ્તોત્રમય છે – તેમાં ઈંદ્ર, વરૂણ અગ્નિ અને સૂર્ય જેવા દેવોનાં યશોગાન છે. આ મંત્રો દ્વારા પ્રાચીનકાળના આર્યનાં બલિદાનો – ત્યાગ અને ધર્મક્રિયા કરી આ દેવોને મંત્રો સંબોધીને પોતાની ઇચ્છાઓની તૃપ્તિ, સંતોષ અને શાંતિ મેળવતા હતા – પરમ સિદ્ધાન્ત પરમાત્મા એક અને માત્ર એક છે એવું તેઓ જાણી ચૂક્યા હતા અને તે પરમાત્મા જુદા જુદા નામો અને રૂપોથી વિવિધ અને અસંખ્ય રીતે તે પ્રગટ થઈ દ્રશ્યમાન બને તે પણ તેમણે જાણી લીધું હતું. રૂગ્વેદના ઘણાં મંત્રોમાં આવું સ્પષ્ટતાથી જણાવ્યું છે.

**એકમ્ સત્ વિપ્રા બહુધા વદતિ,**
**અગ્નિં યમં માતરિશ્વા નમાહુઃ ॥**

માત્ર એક જ છે, જેણે સત્ય જોયું છે તેઓ અનેક રીતે વખાણે છે. અગ્નિ, યમ, માતરિશ્વાન્ , આ અદ્વિતીય બ્રહ્મને રૂગ્વેદમાં હિરણ્યગર્ભ, પ્રજાપતિ, વિશ્વકર્મા પુરૂષરૂપે કહેલા છે. આ દર્શનનાં હિરણ્યગર્ભસૂક્ત અને પુરૂષસુક્ત સર્વોત્કૃષ્ટ દ્રષ્ટાંતો છે. પ્રાચીન આર્યોની જીવન પદ્ધતિને ધર્મ કહેલ છે — તેને યજ્ઞ પણ કહેલો છે. તેઓનાં નિત્ય શિસ્ત કર્મોમાં વિધિમય ક્રિયા, પૂજા, પ્રાર્થના આધિનતા અને સમર્પણનાં લક્ષણો સમાયાં છે, તેથી તેઓનાં જીવન ભક્તિ ભાવનાથી ભરપૂર હતાં, સંહિતામાં ભક્તિ શબ્દનો ઉપયોગ નહિ હોય પરંતુ શબ્દ "શ્રધ્ધા" છે ને !

**શ્રદ્ધાયગ્નિ: સમિધ્યતે શ્રધ્ધાયતે હવિ:**
**શ્રધ્ધામ્ ભગસ્યે મૂર્ધનિવચસા વેદયામસિ ॥**

"શ્રધ્ધાથી જ યજ્ઞાગ્નિની જ્વાળા સળગે છે અને પોષાય છે - શ્રદ્ધા દ્વારા જ જે દેવોનાં આવ્વાહન છે, તેઓને તેમના ભાગે પહોંચે છે. આપણે શ્રદ્ધાની પ્રશંસા કરીએ. શ્રદ્ધા એ તો પુજા આરાધનનું સર્વોચ્ચ સ્વરૂપ છે." શ્રધ્ધાની કેવી મહાન શક્તિ છે તે જુઓ.

વેદીક સમયની સાદી અને સહજ ધર્મક્રિયાઓ ધીમે ધીમે મિશ્રિત અને ગૂંચવણયુક્ત બનતી ગઈ, કારણ વિધિમય ક્રિયાઓ અને ઔપચારિક નિયમો વધી ગયા - સમયના વહન સાથે એવું કહેવામાં આવ્યું કે, યજ્ઞ અને હોમ એ જ ધર્મ છે. આવા વિધિયુક્ત કર્મોથી જ સ્વર્ગ પ્રાપ્ત થાય છે, જો કે યજ્ઞ ખરેખર ભગવાનના આરાધન માટે એ સાધનરૂપ પદ્ધતિ છે, તેમજ તે ભગવાનને અર્પિત છે છતાં ભગવાનની કિંમત, યજ્ઞ પ્રતિ ફેરવાઇ ગઈ. "દેવો તો કેવી સાધના છે – જેને સ્વર્ગની ઈચ્છા હોય તેણે યજ્ઞ કરવો જોઇએ." આવો પરિવર્તિત અર્થ થઈ ગયો.

દરમિયાનમાં ઉપનિષદના સમયનો આરંભ થયો. ઉપનિષદોએ ભૌતિક પદાર્થોને અનિત્ય માની તેનો નિરાદર કર્યો. તેને હલકા પ્રકારના ગણી રદ કર્યા. ખરેખર વેદોક્ત કર્મકાંડ પરિવર્તન પામ્યો. તેનાં ઉપનિષદમાં મુલ્યાંકન ફરી થયા, તે કર્મકાંડને માનવતા જન્મમરણના બંધનમાંથી મુક્ત કરનારા સાધનરૂપે અને સંસાર મહાસાગર પાર થવાના જહાજરૂપે ગણવામાં આવ્યો. ઉપનિષદોના સાધકોનાં દર્શન બાહ્ય જ્ઞાનેંન્દ્રિયયુક્ત ભૌતિક જગતને તોડી નાખે છે અને અંદરના જગતમાં કેંદ્રિત થાય છે. ઉપનિષદના ઋષિઓ સર્વશ્રેષ્ઠ સિદ્ધાન્તના સ્વરૂપનું આ પ્રમાણે સામુહિક સંમતિથી પ્રતિપાદ કરે છે કે - આ પલટાતા નામરૂપ વાળા જગતના મૂળ ઉંડાણમાં અનંત પરમ સત્ રહેલું છે, એ છે સર્વશ્રેષ્ઠ પરબ્રહ્મ. જ્ઞાનયોગ દ્વારા સર્વોચ્ચની પ્રાપ્તી થઈ શકે છે. તેથી "તદ્દ વિજીજ્ઞાસસ્વ તદ્દ બ્રહ્મ" - "તેને શોધો તે જ બ્રહ્મ છે." વેદાન્ત - ઉપનિષદ શીખવે છે તે આ બ્રહ્મવિદ્યા છે.

તદ્દઉપરાંત ઉપનિષદ ઘોષણા કરે છે કે "વેદો મુખ્યત્વે સ્વર્ગપ્રાપ્તિ માટે મનુષ્યના કર્મો સંબંધી છે એ ખરૂં છે – પણ તે મોક્ષ મેળવવાની પાયાની કેળવણી છે. પ્રભુની પ્રાપ્તિ બ્રહ્મવિદ્યાની પારંગતતા ઉપર જ માત્ર અગર સંપૂર્ણપણે આધાર રાખતી નથી વિદ્વતા અને અભ્યાસથી તે પર છે. બૌધિક વિજયની ત્યાં પહોંચ નથી. એ તો કેવળ ઉપનિષદ મારફત પ્રાપ્ત થઈ શકે છે." જ્ઞાનનો સંપૂર્ણ બોજો લાદનારો વિદ્વાન યદિ ઉપાસનામાં તરબોળ થાય છે, તો અલબત્ત તેનું જીવન પાવન થઈ જાય છે.

આવા મુમુક્ષુ સાધકો સમીપ ભગવાન તેનાં સાચાં ગૌરવ સાથે પ્રગટ થાય છે, જીવ અને પરમાત્માના એકરારનું આ એલાન બ્રુહદારણ્યક ઉપનિષદમાં આપેલું છે.

"એષ અસ્ય પરમા ગતિરેષ અસ્ય પરમા સંપદેષ અસ્યપરમા લોક એષ અસ્ય પરમાનંદ" ||

વિશ્વ વ્યક્તિનું સર્વોચ્ચ ધ્યેય છે, સર્વોચ્ચ સંપતિ, ઉન્નતિ અને ગૂઢ આનંદ છે. તૈતરિય ઉપનિષદમાં ઘોષિત કર્યું છે કે 'સંતોષનો સ્રોત પરમાત્મા છે. કારણ કે વિશુદ્ધ ભાવનાઓના રસનું સાકાર સ્વરૂપ તે છે. તેને પ્રાપ્ત કરતાં જીવ પરમશુદ્ધ પરમાનંદમાં ડૂબી જશે. જો હ્રદય સિંહાસને પરમાત્માના ઝળહળાટ હશે નહિં, તો તેનો સ્વાદ કોણ લેશે - કોણ જીવશે ? તે સર્વને આનંદનાં દાન કરે છે."

ભક્તિનાં બીજ જે વેદસંહિતામાં છુટાંછવાયાં વેરાયાં છે, તે ઉપનિષદમાં અને અંકુરિત થાય છે અને પુરાણોમાં તે વિકસિત ડાળોથી ઉગવા માંડે છે.

ખરેખર ભક્તિ એટલે શું - કયા સ્વભાવ અને વલણને ભક્તિ કહેવાય તેનો જ્યારે નિર્ણય કરવાનો પ્રસંગ આવે છે ત્યારે ઘણા ઘણા ગુંચવાઈ જાય છે. ભક્તિ શું છે અને શું નથી તેની વિભાગ દોરી કરવી અસંભવ છે. ભક્તિ તે અનંત છે. કેવળ પવિત્ર, કમળ સહનશીલ શાંત અને પ્રેમીઓ, સાધુઓનું સ્વયં સત્વ અને હંસો ભક્તજનોના સંગમાં સદા ખેલે છે. તેઓજ ભક્તિની પવિત્રતા અને ઉંડાણ સમજી શકે છે. અન્ય લોકો માટે તે ખડકમાં માર્દવ, અગ્નિમાં શીતળતા, લીમડામાં મીઠાશ શોધવા જેવા. કોઈ વ્યક્તિમાં ભક્તિ જોવાના પ્રયાસો મિથ્યા થશે. ભક્તને જીંદગી કરતાં જગદીશ હૈયે વધારે વહાલા હોય છે. તેવાં જ દ્રઢતાથી ભગવાન પણ ભક્તમાં આસક્ત રહેલા હોય છે. કેટલાક મહાત્માઓ તો કહે છે કે ભગવાન કરતાં ભક્તો વધુ ચડીયાતા છે. ચાતકો સાગર કરતાં મેઘને વધુ ચાહે છે. જો કે સમુદ્રનાં જળ મેઘ લાવીને તેના ખેતરોમાં વરસાવે છે. સાગર સીધા તેના વાવેતર પર આવતો નથી. ભક્ત અને ભગવાનના સંબંધમાં તુલસીદાસજી આવું વર્ણન કરે છે. મેઘ દયા - પ્રેમ, સમુદ્રની શોભા અને વાતાવરણની સૌરભ લાવે છે અને સમસ્ત ભૂમિ પર તેને વરસાવે છે. તેવી જ રીતે ભક્તો ગમે ત્યાં જાય આ મહાન લક્ષણો સાથે લઈને જાય છે. જેવી રીતે ખાણોમાંથી સોનું ખોદીને કાઢે છે, તેવી રીતે માનવમાંના સદગુણો દિવ્યતાના ભાગો જ છે.

ભક્તિની શક્તિની કસોટી કરવા દુર્વાસા ઋષિ એક દિવસ અંબરિષ રાજાના દરબારમાં ગયા અને તે માટે તેણે ક્રોધ કરી, અંબરિષના સંહાર માટે કૃત્યા ઉત્પન્ન કરી – પરંતુ ભક્તોનાં હૈયાનો ભય હરનાર ભગવાનના સુદર્શન ચક્રે કૃત્યાનો નાશ કર્યો અને તે દુર્વાસાજી પાછળ પડ્યું – વિશ્વના છેડા સુધી પાછળ રહ્યું. પર્વતો કંદરાઓ સરોવર, ઝરણાઓ વટાવતા દોડતા, સાત સમુદ્ર પાર કુદી ગયા - સ્વર્ગમાં આશરો લેવા પ્રયત્નો કર્યો - ભક્તનો અપરાધ કરનારને ક્યાંય આશરો મળે નહિ - અંતે થાકી લોથપોથ થઈ વૈકુંઠમાં નારાયણના ચરણે પડ્યા. ભગવાને કહ્યું "હું ભક્તોને આધીન છું અને જે ભક્ત મને જ માત્ર આશ્રયસ્થાન માને છે તેને હું કદી ત્યાગતો

નથી. હું જેવી રીતે વાછડો ગાયને અનુસરે છે તેવી રીતે ભક્તની પાછળ ફરું છું. કારણ સાંસારિક માનવ જે વસ્તુ ચાહે છે તે સર્વસ્વનો મારા માટે ત્યાગ કરે છે.

એકવાર કૃષ્ણે ઉદ્ધવને કહેલું “તપ, જ્ઞાન, વૈરાગ, યોગ - ધર્મ, વ્રત અને યાત્રાઓ વિગેરે દ્વારા સંપ્રાપ્ત થતા સદગુણો મારા ભક્તો વધુ સહેલાથી મેળવી શકે છે. વિચારો કે ભક્તિ કેવી મહાન વસ્તુ છે ? તે દ્વારા એક ચંડાળ પણ બ્રાહ્મણથી ચડી જાય છે, ભક્તિ વગરનો બ્રાહ્મણ ભક્તિવાન ચંડાળથી ઉતરતો છે. પુરાણોમાં તેનો વિસ્તૃત વિસ્તાર છે. ખરું ને ? વેદોએ જેને માત્ર “નેતિ નેતિ” આ નહિ – આ નહિ - પ્રક્રિયા દ્વારા વર્ણવ્યું છે જ્યાં મન અને વાણી પહોંચી શક્તાં નથી – મન બુધ્ધિ અને ઇંદ્રિયોથી પર છે - આવી વિભૂતિની અનુભૂતિ ધ્યાનમાં મગ્ન થયેલાને થાય છે. ભક્તિ સહેલાઈથી તેને ચૈતન્ય બનાવે છે અને તે ચૈતન્ય ભક્તને દિવ્યસુખમાં ડુબાડી દે છે.

પુરાણોમાં વર્ણવેલા ભગવાન નિર્ગુણ નિર્વિકાર અદ્વૈત બ્રહ્મ નથી - જે જાણવા યોગ્ય – ચિતસ્વરૂપ અને વિશ્વનું મૂળ કારણ છે. ઉમદા ઉન્નત અને આકર્ષક સદ્દગુણોના તે ભંડાર પણ છે. જગતમાં જે કંઈ સૌન્દર્ય અને પ્રેમ છે, તે તેનાં છે એવું યાદ આપનાર - તેનો જ આશરો છે. ઉત્કર્ષ કરે છે - શક્તિ આપે છે. પાવન કરે છે. જ્ઞાનની પરાકાષ્ઠામાં સમજાયેલું અદ્રશ્ય નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપવાળા માનવથી મહાન પરિશ્રમ અને મુશ્કેલીઓ વિના પકડી શકાતું નથી. તેથી જ પુરાણો ભગવાનનાં નિર્ગુણ સ્વરૂપ કરતાં સગુણ સ્વરૂપના નિરૂપણ વધારે કરે છે. સાધકે પહેલાં સગુણ સ્વરૂપ સાથે સંકળાએલ સાધના કરવી જોઈએ તેથી ભગવાનમાં તે એકાગ્ર થશે. પછી સ્થુળમાંથી સુક્ષ્મ તરફ જવાની કાયદેસરની પદ્ધતિથી, તે તેનું મન સ્વયં નિર્ગુણ બ્રહ્મમાં વિલીન કરી શકશે. તરસ્યા માણસને મૃગજળ તળાવથી દૂર દૂર લઈ જાય છે - પછી જ્યારે તે પાછો ફરે છે અને જ્યાં જળ મળી શકે તેમ છે ત્યાં પાછો આવે છે - તળાવ પાસે પહોંચે છે – પાણી પીવા અને તરસ છીપાવવા સમર્થ બને છે. આને સ્તુલસૌરંભિકા ન્યાય કહે છે, તેવી રીતે મોક્ષ પછી સાધકો નિર્ગુણ ઉપાસના ઈચ્છતા નથી. સાધુઓ અને મહાત્માઓ શોધે છે તે સ્વરૂપ, ભક્તોને આધીન ભગવાન, લે છે - અને પોતાની પાસેના વિપુલ ભંડારમાંથી ચારેય પદાર્થો આપી દે છે.

---

# પ્રકરણ ૧૨

પ્રાચીન લોકો મંદિરોને માત્ર દેવમંદિરો જ નહિ પરંતુ વિજ્ઞાન મંદિરો માનતા હતા, સેવાનો સંપૂર્ણ અર્થ સમજીને, સાવચેતીથી ભગવાનની સેવા કરશું તો પ્રાપ્ત થશે એવું તેઓ જાણતા હતા. ઉચ્ચતર શિક્ષણ માટે મંદિર મહાવિદ્યાલય છે. જ્યાં મનુષ્ય સાચા માનસિક સંસ્કારો વિકસિત કરી શકે છે. એવું તેઓ અનુભવતા હતા. માનવહૃદયમાં રહેવાનું ભગવાનનું ગૃહ વૈકુંઠ ધામ જેવું જ વિશુદ્ધ અને પાવન થશે - એવું પણ તેઓ સમજતા હતા . કોઈ ગામડાના મંદિરને જોતાની સાથે જ, તે ગામવાસીઓના સ્વભાવનું તમે અનુમાન કરી શક્શો. જો મંદિર સ્વચ્છ અને પવિત્રતાના વાતાવરણવાળું વિશુદ્ધ હશે; તો અનુમાન કરી શકાશે કે તે ગામના લોકો પાપથી ડરનારા અને પ્રભુ પંથે પળનારા હશે. પ્રાચીન લોકોની વિચારશ્રેણી આવી હતી.

આવાં દિવ્ય વિજ્ઞાનમંદિરો, આવી આત્મોપદેશ શાળાઓ, આવી આધ્યાત્મિક પ્રેરણા આપતી સંસ્થાઓ આજે પતિત બની છે- જ્યાં આવકની વહેંચણી થાય છે- સહેલાણીઓ પાગલ બને છે, આળસુ લોકો ભેગા મળી પાનાં - ચોપાટ - અને બીજી જુગારી રમતો ખેલે છે – આવાં મંડળો જયારે મંદિરોમાં ભેગા થાય છે ત્યારે કલિપુરૂષ આનંદમાં નાચે છે.

આ ધર્મવિરોધી છે. મંદિર તો ગામનું હૃદય છે. તેથી તેની સંભાળ રાખી ટકાવો - પોષો અને હૃદયને લાભ થાય તેવી રીતે પોષણ કરો. મંદિરમાં ભગવાન વિચરી રહેલા છે એવું માનો. એ તો એમનું રહેઠાણ છે. જે ભગવત્ સેવાનો આનંદ આપનાર છે, તેવા વાતાવરણની પવિત્રતા જાળવી રાખવાની જવાબદારી સર્વની છે. મંદિર સર્વનું હૃદય છે એવું માનો. જે દિવસથી આવું થશે તે દિવસથી માનવમાં માધવત્વ રત્નની માફક ઝળહળી ઉઠશે. મંદિર બાંધવા માટે, તમામ ખર્ચ અને પરિશ્રમ વેઠવાનું આ સત્ય છે, હેતુ છે, સિદ્ધાંત છે. ગામડાના સત્તાધારીઓએ, સરકારે તથા ભક્તોએ જાતે આધ્યાત્મિક શિસ્ત અને જ્ઞાન વિકસે, તેની જરૂરીઆતની વ્યવસ્થા માટે બધું કરવું જોઇએ - તો જ માનવ દિવ્ય પ્રકાશમાં ચમકી ઉઠશે. આટલું જ કરવાનું નથી – કેટલાક એકદમ આધુનિક તર્કિકો ગોપુરમ્ વિગેરેને દોષારોપણ કરે છે. તેને પૈસાનો વ્યર્થ વ્યય માને છે. દીર્ઘદ્રષ્ટિનો પૂરેપૂરો અભાવ આથી દેખાઈ આવે છે. ઉચ્ચ આદર્શવાળો અગર ઉર્ધ્વદ્રષ્ટિવાળો કોઈપણ મનુષ્ય આવી ટીકા કરશે જ નહિ. ગોપુરમ્ નાં રહસ્યો જો સમજવા પ્રયાસ કરશો તો જણાશે કે તેનો હેતુ કેટલો પવિત્ર, ગૂઢ અને જ્ઞાનપ્રદ છે. પથિકો ને જેઓ માર્ગ ભુલ્યા છે અને જેઓ સત્યથી દૂર ભટકી રહ્યા છે તેને બોલાવી ગોપૂરમ્ કહે છે, “અરે મૃત્યુલોકના માનવી ! શારીરિક આસક્તિની ધુમ્મસથી અંધ બનીને, તૃષ્ણાની ખેંચતાણમાં ખેંચાઇને, ભૌતિક ભોગેચ્છાઓ જે અનિત્ય અને ખોટી છે, તેનાથી પરાજીત થઈને, તમે મને ભૂલી ગયા છો. તમારૂં સર્વનું મૂળ

કારણ હું છું. આ સર્વદા પાવન, આનંદથી હંમેશા ભરપુર ભંડાર તરફ એક વાર ઉંચી નજર નાખો. મને ભુલ્યા છો અને દુ:ખમાં તમે આહ ભરી રહેલા છો - તમે રેતાળ રણમાં મૃગજળ પાછળ દોડી રહ્યા છો, આવો અને મારા જેવામાં શ્રદ્ધા રાખો. અંધકારમાંથી બહાર નીકળો. પ્રકાશના સામ્રાજ્યમાં પ્રવેશ કરો અને શાંતિના રાજમાર્ગો ઉપર આવો. આ છે ધર્મમાર્ગ, આવો – આવો – અરે આવો."

આ પ્રમાણે ગામનાં પ્રત્યેક ઘરના છાપરાંઓની પંક્તિ ઉપરથી ઉંચા હાથ કરી, જોરથી પોકારીને ગોપાળ સર્વને બોલાવે છે.

તેથી આવી વધુ ઉન્નત અંતર દ્રષ્ટિથી જોતાં ગોપુરમ્ માનવોના આદર્શો અને ચારિત્ર્યને ઉંચે લાવવામાં સહાયક બને છે. ગોપુરમ્ બાંધવાની પાછળ આ સિદ્ધાન્ત સમાયો છે. આવા ઉચ્ચ આદર્શો આ બાંધણીની રચના ઈમારતોને પ્રેરણા આપે છે. આ સાચો અર્થ છે. જે અર્થ અનુભવી અને સ્પર્શી શકાય તેવો છે. ગોપુરમના મથાળે જે દીવો રાખવામાં આવે છે, તે તો સર્વના આશરા સ્વરૂપ પ્રકાશનું પ્રતિક છે. એ તો સ્વયં જ્યોતિ રૂપે પ્રગટેલો અંદરનો સ્થિર દીવો છે – તેના પ્રતિનિધિ રૂપે પેલો દીવો છે. હરિમાં લય થવાથી પ્રાપ્ત થએલો તે અંદરની દીપમાળા છે- દીપાવલી છે.

વેરાન રણમાં રમ્યસ્થાન સરખાં મંદિરો છે, દુ:ખ અને તૃષ્ણાની ધખતી રેતીમાં જેઓ માર્ગ ભૂલ્યા છે, તેમાં તે પ્રશાંત મંદિરો છે. સંતોષસદનો છે અને શીતળ આનંદમય શાંતિમાં આવવા આવકાર આપે છે. ભટકેલા દુ:ખીઓને માટે ગોપુરમ્ તો માર્ગદર્શકો છે. ભગવાનના નામનો ઝંડો તેઓ ઉંચો પકડી રાખે છે. તેની સેવા માટે સર્વ કોઇએ તેનો ઉપકાર માનવો ઘટે છે.

મંદિરની ચોમેર વિંટળાઈ રહેલ construction પરિસ્થિતિઓ, રૂઢિગત મંતવ્યો અને રિવાજો જોતાં આજના મંદબુદ્ધિવાળા લોકો તેના હેતુ માટે ખરેખર મુંઝાઈ જાય છે. તેઓની મર્યાદિત સમજ બહારના કોઈપણ જવાબોની લાક્ષણિકતા તેઓ સમજી શકતા નથી. આકરા તાવમાં પડેલા દરદીને ગળી વસ્તુ પણ કડવી લાગે છે, સાંસારિક આકરા તાવમાં તપેલાને સત્યની સાચી મીઠાશનો સ્વાદ આવતો નથી. તાવ ઉતરવો જોઈએ, પછીજ અધ્યાત્મનાં મૂલ્યની તેઓ કદર કરી શકે.

મનુષ્ય જીવનનું ધ્યેય શું છે ? એવી કઈ વસ્તુ છે જે મનુષ્યે પ્રાપ્ત કરવી જ જોઈએ ? માત્ર ખાવું પીવું, ઉંઘવું - થોડોક આનંદ અને દુ:ખનો અનભવ લેવો અને અંતે પંખી અને પશુની માફક મરી જવું - શું એજ છે ધ્યેય ? અવશ્ય નહિ. જરાક વિચારશો તો જણાશે કે એવું નથી. ધ્યેય છે બ્રહ્મસક્ષાત્કાર. તેના વિના કોઈપણ શાંતિ પામતું નથી. દિવ્ય કૃપાનો એ સુખાનુભવ તેણે મેળવવો જોઈએ. જગતની વસ્તુઓની બાહુલ્યતા પાસેથી ગમે તેટલું સુખ સંપાદન કરવા મથશું

સંતોષની માત્રા ઘણી જ ઓછી મળશે. અને જગતની વસ્તુઓ પાસેથી સાચી શાંતિ મળવી અસંભવિત છે. અનંત ચૈતન્યમાં - મૂળ કારણમાં અપરિવર્તિત વ્યક્તિત્વમાં વિલીન થાય ત્યારે જ મનને શાંતિ મળે છે.

સર્વશ્રેષ્ઠ સગવડતાઓવાળા, મોજશોખ અને એશઆરામની વસ્તુઓથી સજ્જ થએલા મકાનમાં રહેતા માનવો, શાંતિ માટે તલસે છે. ખજાના ધનથી ખડકાયા હોય છતાં તે ખજાના અને ભંડારો શાંતિ આપવા અસમર્થ છે. એ તો ભગવાનને શરણે જવાથી પ્રાપ્ત થાય છે – જે ભગવાન આપણા અસ્તિત્વનું સારતત્વ છે. સમસ્ત જીદગીઓનાં જીવન છે. આવો ખ્યાલ રાખો. ધનસંપત્તિ, સોનું ઐશ્વર્ય અને સગવડો પામેલા શું પુરેપુરા ભાગ્યશાળી છે ? તેઓને શાંતિ મળે છે ? એટલું જ નહિ – ઉચ્ચ વિદ્વત્તાવાળા વિદ્વાનો. અસાધારણ સૌન્દર્ય વાળા મનુષ્યો, દિવ્ય દેહ બળવાળાઓને પોતાની જાત સાથે યા જગત સાથે શાંતિ સાંપડેલી છે ? આ લોકેની પણ વિપત્તિઓનાં - વ્યથાઓનાં કારણો શું ?

તેનું કારણ છે, તેઓએ સર્જનના દિવ્ય પાયારૂપ આધારનું જ વિસ્મરણ કર્યું છે, તેઓએ એક અંદર સમાયેલા સર્વોત્તમ સિદ્ધાંતનો અનાદર કર્યો છે. પરમ પ્રભુની ભક્તિ અને શ્રદ્ધા વગર જીવતાં તમામ જીવ અધમ અને ક્ષુદ્ર છે. દિવ્ય સિદ્ધાન્તના સુધાપાનનો સ્વાદ લીધા વિનાનાં આવાં જીવન વ્યર્થ ગુમાવેલી તકો જેવા છે.

ખરેખર આ તે ઘટનાઓના વિચિત્ર પરિવર્તનો છે. તમારો અસલ પાયો તમારા આનંદનો કુવારો, તમારૂં આખરી મૂળ તત્વ - પરમાર્થ સિદ્ધાન્ત. તમારા માટે કઈક બહારનાં અને ન સમજાય તેવા આઘેના, અનાવશ્યક અને અણચાહ્યાં હોય તેવું થયું છે અને ઢંગધડા વગરનું, ખોટા ભભકાવાળું જગત, તમારી નજીક, કુદરતી સંબંધવાળું, આવશ્યક અને ઈચ્છિત બની ગયું છે.

ભગવાનને શરણે જવાથી સંપ્રાપ્ત થતી સુખાનુભૂતિનો પોતાના માટે ઈન્કાર કરીને, લોકો ભક્તિના નામે પાગલ થઈને ચોમેર દોડાદોડી કરે છે, પવિત્ર સ્થાનોની પાછળ પડે છે, સંતોની પાછળ ભમે છે, પવિત્ર નદીઓ પાસે દોડે છે. આ ખોટી ભટકવાની ભ્રમણામાંથી, ભક્તિનો અલ્પાંશ તેને જગાડશે. તે શિખવાડશે કે પોતાના જન્મસિદ્ધ ગૃહે અર્થાત્ ભગવાન પાસે પાછા ફરવાથી જ મનુષ્ય શાંતિ પામી શકે છે, ત્યાં સુધી પરિવાર પાછળની પાગલતા તેને વળગેલી રહેશે.

મંદિરો તે જન્મસિદ્ધ ગૃહ - ભગવાન પાસે જવાનાં આમંત્રણો છે. મંદિરો તે તરફ દોરનારાં પાટીયાં અગર તકતીઓ છે. એકવાર ચિત્રકૂટ પહાડ ઉપર ભેગા થએલા શ્રોતાઓને શ્રીરામચંદ્ર કહેલું - "પરોઢ થતાં ભળભાંખરૂં થાય છે. પ્રભાતની સાથે જ મનુષ્યમાં તૃષ્ણા લોભવૃત્તિ જાગે છે. ભળભાંખરાંમાં લાલસા મનુષ્યને પકડે છે. શું આ છે તમારો જીવનમાર્ગ ? આ તમારું ધ્યેય છે ?

પ્રત્યેક દિવસના વહન સાથે મનુષ્યે એક અમૂલ્ય તક વેડફી નાખી છે. મૃત્યુની ગુફા તરફ તેણે એક ડગલું આગળ ભર્યું છે. પરંતુ તે તેના ભાગ્ય માટે કદી દિલગીર થાય છે ખરો ? વેડફાઈ ગએલા દિવસ માટે તેને કદી ખેદ થાય છે ?" ખાસ ધ્યાન રાખો- આ સંદેશો કેટલો બધો સ્મરણમાં રાખવા જેવો છે ? આવા સ્મરણ કરાવનારા સંદેશાઓને લઈને જ, ભારતવર્ષના સંસ્કારમાં બ્રહ્મજ્ઞાનને તેના મધ્યબિંદુરૂપ વિષય બનાવેલો છે.

ભા-ર-ત એટલે પ્રદેશ જેને ભગવાનમાં રતિ છે. પાશ્ચાત્યવાસી વ્યક્તિ ભૌતિક જગતના સંચાલનના કાનૂનના સંશોધન માટે, એકાગ્ર અનન્યભાવે સર્વનો ત્યાગ કરે છે. જ્યારે અહીં ભારત વર્ષમાં જે વિશ્વનું મૂળ કારણ છે, જે જાણતા અચળ શાંતિ મળે છે, તે પરમાત્માની શોધ અને અનુભૂતિ માટે ભારતીય સર્વસ્વનો ત્યાગ કરે છે. પાશ્ચાત્યવાસી અનિત્ય માટે ત્યાગે છે, ભારતીય નિત્ય માટે ત્યાગે છે. આપણો ત્યાગ વિજ્ઞાન માટે છે. તેઓનો ત્યાગ અજ્ઞાન માટે છે. આપણું તપ છે, તેઓનું તમ છે. તેથી જ સૈકાઓની ગલીઓમાંથી મનુષ્યોના ચહેરાઓ ઉપર, આજે ઋષિઓ, સાધુઓ અને યોગીઓના પ્રકાશ ચમકી રહેલા છે. યદિ કેટલીક વખત આ દેશના એ ચહેરાઓ ઉપર નિરાશા, હતાશા અને અસંતોષના પડછાયા પસાર થઈ જતા દેખાય, તો તે ધર્મમાં રહેલી શ્રદ્ધાના પતનના સાવધાનીના સૂર છે.

મનુષ્યના હૃદય પર પડેલા આસક્તિના પડદા હટાવવાની કળા શીખવવા માટે મંદિરો છે. તેથી તિરૂપતિના મંદિરમાં ત્યાગરાજે પોકાર્યું કે, "પડદો હટાવો – અરે ! મારી અંદરના પડદાનું આવરણ દૂર કરો. એ પડદો છે અભિમાન અને તિરસ્કારનો" કૃપાના કિરણો સામે માયાની ઝાકળ ઓગળી ગઈ અને તેથી તેના કાવ્ય "સીવુદનો મધુવનો" માં દિવ્યાનંદની પ્રતિમા તે ઓળખી શક્યા અને વર્ણવી શક્યા અને એ સ્વરૂપની માધુરીનાં ઊંડા પાન તેણે કર્યા. તેના દિવ્ય વિધાને હૃદયમંથન કર્યું અને જ્ઞાનનો તણખો પ્રગટ થયો — જે સાક્ષાત્કારની જ્યોતિ બની ઝળઝળી ઉઠયો.

માત્ર આ કલિયુગમાં જ નહિ, પરંતુ આગલ યુગોમાં - સત્ય, ત્રેતા અને દ્વાપરમાં પણ નામસ્મરણ બંધનમાંથી મૂક્ત કરનાર ગુપ્ત રહસ્ય હતું મંદિર એવું સ્થાન છે, જ્યાં નામસ્મરણ, કુદરતી રીતે, સહજ અને અંતરાયો વગર થઈ શકે છે. તેથી આ કલિકાળમાં જ્યારે વાતાવરણ અનિશ્ચરતા અને દુષ્ટતાભર્યા વિચારોથી ભરપૂર છે ત્યારે મંદિરમાં જવું અતિ અગત્યનું છે.

તેથી જ ગીતાજીમાં કૃષ્ણ કહે છે કે , "યજ્ઞોમાં હું નામયજ્ઞ છું." યજ્ઞમાં બલિદાન આપવા માટે પશુ હોય છે, અહીયાં અજ્ઞાન એ જ પશુ છે. દુ:ખ નિવારવા, આનંદ પામવા, જ્યાં નામસ્મરણો થાય છે તેવાં મંદિરો ઘણાં જ અગત્યનાં છે. સુખાનુભૂતિ અર્થાત્ આનંદ માટે સ્મરણ જરૂરનું, સ્મરણ માટે મંદિર જરૂરનું, આ છે પરંપરા, આનાથી વધારે ફળપ્રદ, સુખપૂર્ણ અને સુંદર બીજુ

કંઈ જ નથી. આવું મહાન સારું સરળનામ, સદા સુલભ જીવ્હા, ઉચ્ચ સ્વરે આપણે યશોગાન ગાઈએ તે માટે સ્થાપિત મનોહર ભગવાનની મૂર્તિવિગ્રહવાળાં મંદિરો વિગેરે મળ્યાં છે - છતાં મનુષ્યો નર્કના દ્વાર તરફ શા માટે ધસી રહેલાં છે ? એવું વિચારતાં વ્યાસજી વિસ્મિત થયા હતા. નામ અને તેના સ્મરણના મહિમાના પોતાના સ્વાનુભવમાંથી આવું વિસ્મય પ્રગટ થયું હતું - તેવી જ રીતે તુલસીદાસ જે સતત મંદિરમાં રહેતા અને જે આનંદનો સ્વાદ લીધો તે તેમણે ગાયો. "અરે રે ! જ્યારે માનવો મંદિરો અને નામસ્મરણ છોડીને અન્ય સાધનો દ્વારા શાંતિ અને આનંદ, અન્ય સ્થાનમાં શોધે છે - ત્યારે મને યાદ આવે છે કે જેવી રીતે કોઈ પોતાનો સ્વાદિષ્ટ અને સુંદર મિષ્ટાનોયુક્ત સમૃદ્ધ સામગ્રીઓથી ભરેલો ભોજનનો થાળ તરછોડીને પારકી થાળીઓમાં પોતાના હાથ પ્રસારીને, ખાવાનું મેળવવા ભીખ માગવા દોડે છે — તેથી જ આ મૂર્ખતા દેખાય છે. તુલસીદાસજીને ખૂબ અફસોસ થયો.

વેદોના સમયમાં પણ નામ અને તેના પર મનને રાખવાનું અત્યંત મહત્વનું છે. એવું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. ૐ ઇત્યેકાક્ષરમ્ બ્રહ્મ. ૐ એક જ શબ્દ બ્રહ્મ છે. એવું આપણા ભારતીય ઋષિ કહી ગયા છે. તપાસો – તમારે ખાત્રી કરવી હોય તો ભગવાનના નામ વગર અથવા મંદિર વગર કોઈ સત બચી શક્યો છે ? ગૌરાંગ માટે જગન્નાથજીનું મંદિર પ્રેરણા અને આસરાનું ધામ હતું, જયદેવ માટે હતું રાધાક્રિષ્ણમંદિર, નંદનારને પણ મંદિરે જ સાક્ષાત્કારની સામગ્રી આપી હતી – કેમ ખરૂં ને ? વલ્લભાચાર્ય, કબીર, નાનક, મીરાં, રાધા, રામાનુજ, માધ્વાચાર્ય, શંકરાચાર્ય, નામદેવ, તુલસીદાસ, ત્યાગરાજ - તમામે દિવ્યદર્શન પ્રાપ્ત કર્યું - તેથી પણ આગળનું દિવ્યજ્ઞાન પણ મંદિરમાં અને મંદિરો દ્વારા પ્રાપ્ત કર્યું - આ બાબત વધુ નિરૂપણની શી જરૂર છે ? આજના તાજા જ સમયમાં રાણી રાસમણીએ બંધાએલા કાલિમાના મંદિરમાં રામકૃષ્ણ પરમહંસે દિવ્ય સુખાનુભુતિ અને તેની એકરૂપતા શું શોધી કાઢ્યાં ન હતાં ?

આવાં મંદિરોનો દુરપયોગ કરવો, તેનાં પવિત્ર પ્રાંગણોનું પાવન વાતાવરણ દૂષિત કરવું, ત્યાંની પ્રચલિત પ્રથાઓ અને રીતરિવાજોને વખોડી કાઢવાં, તેના પતન અને ઉણપો માટે માર્ગ ઉભા કરવા, આ શંકારહિત અધર્મ છે - ધર્મ નથી. જેઓ આવું કરે છે તેઓને અંદર અને બહાર બંને સ્થળે પ્રકાશ નથી. તેઓ ઘોર અંધકારમાં પડ્યા છે.

મંદિરપૂજા, સંતોનો સંગ, નામસ્મરણ, પ્રભુ પ્રતિમા પ્રતિ આદર આ બધાં પ્રકાશનાં બાહ્ય કારણો છે, ધ્યાન, તપ, મનન, આ અંદરના ઉજાસનાં કારણો છે. આ બંનેના અભાવમાં મનુષ્ય દિવ્યગૌરવનાં દર્શન ક્યાંથી કરી શકે ?

ગોસ્વામી તુલસીદાસજીએ એકવાર કહ્યું છે તેમાં નવાઈ નથી. કહ્યું છે કે - "તમારે ઘરમાં અને ઘર બહાર અજવાળું — પ્રકાશ જોઈએ છે ? તો દીવાને ડેલી પર મૂકો. તેવી જ રીતે શાંતિના

પ્રકાશનો પ્રસાર જો તમારે તમારી બહાર અને અંદર બંને સ્થળ જોઈતો હોય તો, ભગવાનનું નામ જીભ પર મૂકી દો - તમારા વ્યક્તિત્વની ડેલીનું આ દ્વાર છે. જીભ પરનો દીવો થરથરશે નહિ - ઝાંખો થશે નહીં, કે તોફાનમાં ઓલવાઈ જાશે નહિ. તે તમોને, તમો જેને મળશો તે સર્વને, તથા સંપૂર્ણ વિશ્વને શાંતિ આપશે."

તેથી મુક્તિ માટે સ્વરૂપદર્શન પ્રગટાવો. ભગવાનમાં આ આકાર આવશ્યક છે. નામનું સ્મરણ થતાં જ રૂપનું દર્શન છે એ રૂપ તેની સંપૂર્ણ મનોહરતા અને ગૌરવ સાથે, સાધકોને પ્રેરણા આપવા માટે મંદિરોમાં આલેખવામાં આવેલા હોય છે, અને તેથી ચાહે સામાન્ય નજરે તે દેખાય કે નહિ, આત્મતત્વના સંશોધકો માટે મંદિરો અનિવાર્ય છે.

# પ્રકરણ ૧૩

ધર્મને નથી હોતો પૂર્વગ્રહ કે પક્ષપાત, તેમાં સત્ય અને ન્યાય સમાયાં હોય છે, જે માનવ ધર્મને વળગી રહે છે, તેણે તેના વિરૂદ્ધ કદી જવું જોઈએ નહિ, બીજાઓ પ્રત્યે તિરસ્કારભાવનો ત્યાગ ધર્મ માર્ગે જરૂરી વસ્તુ છે. તેમ જ બીજાઓ પ્રત્યે સંપ અને સ્નેહભાવ કેળવવાં પણ ધર્મમાર્ગે તેટલાં જ અગત્યનાં છે. સંપ અને સ્નેહભાવ દ્વારા દિવસે દિવસે વિશ્વ સુખના સ્થાને પહોંચી જશે. જો આ સારી રીતે સ્થપાશે તો વિશ્વ અશાંતિ, અશિસ્ત, ગેરવ્યવસ્થા અને અન્યાયમાંથી મુક્ત થશે.

ચાહે તે વસ્તુ તમો કરતા હો - પહેલાં તેનો સાચો અર્થ તમારે ગ્રહણ કરવો જ પડશે અને પછી તમારા હિતાર્થે તમારે દરરોજ તેનું આચરણ કરવું પડશે. આ સાધનથી જ્ઞાન વધશે અને શાશ્વત આનંદ મેળવશો, ધર્મ અને કર્મ આ બે પાયાની ચીજો છે. નિષ્પક્ષ અને પૂર્વગ્રહ રહિત સુજાણ લોકો જે ધર્મમાં દ્રઢ હોય છે, તેઓ વેદ પ્રતિપાદિત સત્યના માર્ગે ચાલે છે.

ધર્મનું જ્ઞાન ત્રણ અવસ્થાએ પ્રાપ્ત થાય છે. (૧) ધર્મથી ભરપૂર એવા વિદ્વાન પાસે તમારે કેળવાવું જોઈએ. (૨) તમારે આત્મશુદ્ધિ અને સત્ય પ્રાપ્તિ માટે ઉત્સુક થવું જોઈએ. (૩) વેદવિદ્યા જે ભગવાનની વાણી છે તેનાં મૂલ્ય તમારે સમજવાં જોઈએ.

આ ત્રણ વસ્તુઓ પૂર્ણ બને ત્યારે મનુષ્ય સત્ય સમજે છે અને તે સત્યને અસત્યથી કેમ અળગું કરવું તે જાણી લે છે. સત્યની આ શોધ અસત્યથી અલગ કરવા માટેની છે. સત્યની આ શોધ સ્નેહભાવ અને સહકારથી કરવાની છે. સર્વના કલ્યાણ માટે સર્વ કોઈ સમાન રીતે તેને શોધવા ઉત્સુક હોવા જોઈએ. દરેકનો અભિપ્રાય કિંમતી ગણી તેના આદર સાથે શ્રવણ કરવું જોઇએ અને સર્વ લોકહિતના ધર્મના કસોટી કરવાના પત્થર ઉપર તમામ અભિપ્રાયોને કરવાના છે. આ કસોટી કરવાના સિદ્ધાન્તો, વિશેષરૂપે અલગ રાખી, વાપરી, માનવોના કલ્યાણની પ્રગતિ માટે વિશ્વમાં પ્રસારવા જોઈએ. આ સાધનથી સર્વ કોઈ આનંદ અને સુખ સમાન રીતે વિકસાવી શકે છે.

શાસ્ત્ર કહે છે, “સમિતિ સમાનિ”. જ્ઞાન અને તેની પ્રાપ્તિના સાધન માટે સર્વને સમાન હક્ક છે. એ તો શિક્ષણ જેવું છે. તેથી સર્વેએ ઉમદા અને પવિત્ર કર્મો કરવાં જોઈએ અને કરાવવાં જોઈએ.

દુષ્કર્મોનો ત્યાગ અને તૃષ્ણાનો ત્યાગ આ બંને વસ્તુઓ એક જ સાધનથી થાય છે. તે સાધનનું નામ છે મન. માનવ જીવનના પુરૂષાર્થો તે દ્વારા જ પામી શકાય છે. સતત દબાણપૂર્વકના અભ્યાસથી, મન તમારા સ્વાર્થ લાભોને તાબે થતાં શીખવા માંડે છે. તેથી ઉલટ ચિત ભૂતકાળ અને વર્તમાનકાળના અનુભવો તમારી સમક્ષ ખડા કરે છે અને તેનાં આરપાર અવલોકન કરવા તમને આમંત્રે છે અને તે પાર્શ્વભૂમિકા સામે તેનો નિર્ણય કરવા કહે છે, ચિત્તમાં ચાલતી આ પ્રક્રિયા વખતે તેમાં અને તે દ્વારા માનસિક સ્વાસ્થ સંપ્રાપ્ત કરવાનું છે, એટલે કે એકચિત્ત થવાનું છે.

મન અને ચિત્ત બંનેને સર્વમાનવ સુખના માર્ગે સીધુ રાખવાનું છે તે યાદ રાખો. ધર્મના ચળકાટ અને પ્રકાશ તો તે પામશે, જે સર્વની સેવા કરે છે, સર્વને આનંદ આપે છે. તેઓ માત્ર ભગવાનની કૃપા જ પામશે એટલું જ નહિ પરંતુ - તેનામાં વિલીન થવાનું અપૂર્વ સૌભાગ્ય સાંપડશે. જ્યારે જ્યારે તમે કોઈને પણ કંઈ આપો અથવા કોઈની પાસેથી કંઈ લો, ત્યારે ત્યારે તમે ધર્મ મર્યાદાનાં ઉલ્લંઘન તો કરતા નથી ને તે જોતા રહો. આદેશની વિરૂદ્ધ કદી વર્તશો નહિ. આ તમારી બંધનકારી ફરજ છે એવું માનીને બધે વખતે તેનું અનુસરણ કરો. તમારી શક્તિનાં પ્રત્યેક અંશને ધર્મતત્વથી ભરી દો અને પ્રત્યેક વહી રહેલા દિવસે એ માર્ગે આગળ વધવા ખંતથી પ્રયત્ન કરો.

ધાર્મિક વ્યક્તિ તેની પ્રત્યેક ક્રિયામાં તેનો નિર્ણય અને ઉત્સાહપૂર્વકનો પરમાનંદ પ્રગટ કરશે. તે ધર્મને આ રીતે વળગી રહેલો હોય છે. ભગવાન સર્વત્ર અને સર્વ કાંઈ જોઈ શકે છે તેવા વલણનો ભય, મનુષ્ય ગમે ત્યારે પાપમાં સરી પડે એવી નિત્ય રહેલી દહેશત, સત્ય તરફ કુદરતી ઝુકાવ — સદવર્તન તરફનું વલણ - આવા સદગુણોથી મન ભરાયેલું હોય છે. તેને માનવકલ્યાણ તરફ વાળી અને વાપરવું એ કામ તમારૂં છે. ધર્મ ઉપર અવલંબન સુખને નિશ્ચિતતા સ્થાપે છે, સુખ વધારે છે. બીજાઓ માટે જાગેલી તિરસ્કાર ભાવનાને તે દૂર કરી શકે છે. જ્યારે બીજા કોઈ દુ:ખી હોય — કષ્ટ સહન કરતો હોય ત્યારે તે તમને મગરૂરીમાં ફૂલાવશે નહિ. આવી દુષ્ટતા તમને સુખ આપી શકે ખરી ? યાદ રાખો જ્યારે બધા સુખી હશે ત્યારે જ તમે સુખી થઈ શક્શો. હંમેશાં પ્રેમ રાખો અને માત્ર સત્યને અનુસરો. અસત્ય કદી પણ લાભકારક હોય નહિ.

મનુષ્યો આદર કરે છે – અનાદર કરે છે – પરંતુ જુઠાણાંને ઠગાઈને અને અન્યાયને કોઈ સન્માન કરતા જોવા મળશે નહિ અને સત્ય સરળતા અને ન્યાયને સર્વ કોઈ માન આપશે. વેદોમાં વર્ણવેલા નિયમોનું ઇશ્વરપુજામાં પાલન કરવાનું છે - તેનાથી લોકો ધાર્મિક વ્યવહારમાં દ્રઢ બનશે. ધર્મ ભગવાનની આજ્ઞા છે તે ભગવાનની પ્રમાણિત વાણી છે અને તેથી બધાં તેનું પાલન કરી

શકે છે. દેવતા એટલે કોણ ? જે પોતાના રોજીંદા જીવન વ્યવહારમાં સત્યને પોતાના વ્રત રૂપે પાળે છે તેજ મનુષ્યનું નામ દેવતા છે.

મનુષ્યને ભગવાને કેટલી બધી બુદ્ધિ આપી છે, તેનો વિચાર કરો. તે સંપત્તિથી પુરૂષાર્થ શોધો - પ્રભુપંથે આગળ ધપો, ત્યારે સત્યની જરૂરીયાતને વળગી રહો બુદ્ધિનો એ સદ્ ઉપયોગ છે. બુદ્ધિદાનનો એ હેતુ છે. જેને નેત્રની બક્ષિસ છે તે જ બધું દેખી શકે છે અંધને તે સદભાગ્ય નથી હોતું. તે પ્રમાણે જેને સત્યની બક્ષિસ મળી છે, પુરૂષાર્થ માટે લાલાચિત રહે છે, ધર્મમાં આસક્તિ છે તેઓ જ ભગવાનને જોઈ શકે છે. બીજા બધા આંધળા છે. બુદ્ધિ અને વિવેકશક્તિ વિકસાવવાના સાધનો, ભગવાનને મનુષ્યોને આપેલાં છે. જો તે તેનો સદુપયોગ કરે અને પોતાની જાતને ઓળખવા પ્રયાસ કરે, ભગવાન તેને નવી બુદ્ધિ પ્રદાન કરી બુદ્ધિમાં વધારો કરશે, શક્તિનાં નવા માર્ગો ઉભા કરશે. કારણ તરફડતા માટે ભગવાન પૂર્ણ કૃપાળુ છે. જયારે મનુષ્ય ધર્માનુસરણ કરવા ચાહે છે ત્યારે સત્ય સ્વયં પ્રગટ થઈ જાય છે.

સત્યના શિસ્ત સંબંધમાં જો તમે બેદરકાર હશો તો ધર્મ તમારા પર નાખેલી પ્રત્યેક ફરજ, ધર્મથી પ્રેરીત પ્રત્યેક કર્મ , બોજારૂપ બની જશે આખી દ્રશ્ય સૃષ્ટિ પાછળના સત્યની શોધ આદરો, તે શોધ તમામ ધર્મકર્મને સરળ અને આનંદદાયક બનાવશે. ભગવાને માનવને એવા બનાવ્યાં છે, કે તેઓ ભગવાન તરફ વળેલા હોય છે અને તેના દર્શનના વિકાસમાં આનંદીત બને છે અને જયારે નીતિ અને સદગુણોયુક્ત થાય ત્યારે સુખ લાગે છે. પોતાના મૂળ સ્વભાવ, બ્રહ્મમાં અનન્યતા, સત્ય અને ધર્મ વ્યવહાર અને આચરણને વળગી રહેવાથી મનુષ્ય પોતાના શ્રેષ્ઠ સ્વાર્થ લાભોને પ્રાપ્ત કરે છે. સત્યમેવર્ત, દલિલોની તમામ તોપોથી કસીને સત્ય શોધવાનું છે. ધર્મને કડકાઈથી પાળવાની વીરતા એજસ્, અભય આત્મ સંયમ તેજસ, જીવનની ચડતી અને પડતીના વખતે આનંદ અને દુ:ખની તમામ ભાવનાઓને નિરાદર સાહસ્ય, સત્ય અને ધર્મમાં અચલ વિશ્વાસ આ છે શિસ્ત બલંચ, અત્યંત શ્રેષ્ઠ જાતની માનસિક અને શારીરિક તંદુરસ્તી જે બ્રહ્મચર્ય અને શિસ્ત દ્વારા સંપ્રાપ્ત થાય છે, વાક્ય સત્ય અને પ્રેમના વહેવારથી, મધુર અને સરળ બોલવાની શક્તિ અને ભાવના ઈન્દ્રિયંચ - પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેનદ્રીયોને દુર્ગુણ અને પાપમાંથી પાછા ખેંચવા અને સત્યની સેવામાં સર્વ ઇન્દ્રિયોને ઉન્નત કરવી, શ્રીચ, સ્વયં વિજયથી અંદરની સૃષ્ટિનું સ્વામિત્વ દ્વારા, સર્વ વિશ્વોનું સાર્વભૌમત્વ જીતી લેવું, ધર્મશ્ચ પોતાના પૂર્વગ્રહોનો નાશ અને સર્વ સમયે સત્યની શોધ. માનવે પ્રાર્થના કરવી કે "આ બધુ મને મળે" આવું ચમક (ઓજશ્ચમે) માં મળી આવે છે.

ધર્મ સર્વનું કલ્યાણ કરે છે તે અહીં અને પરલોકમાં આનંદ આપે છે. આજનો માનવસમાજ આ વિશ્વધર્મનું ગૌરવ જુએ તે અગત્યનું છે. બ્રાહ્મણ તેનાં લાક્ષણિક ચિહ્નોથી ઓળખાય છે. વિદ્યા,

સદગુણ શ્રેષ્ઠ ઉન્નત અને કલ્યાણકારી કર્મ અને દાખલારૂપ બની સદગુણોનો ફેલાવો આ બધાં ચિહ્નો છે. આવા ચિહ્નો વિકસાવે, પ્રસારે, કેળવે તે ગમે તે હોય છતાં તે બ્રાહ્મણ છે.

બ્રાહ્મણ તરીકેની સત્તા વાપરવા માટે આ યોગ્યતાઓ છે. ખૂબ જ વિદ્વાન મનુષ્ય અને તેની વિદ્વતા અને કેળવણીને શોભે તેવું સ્વયં આચરે છે, તે એ પદવીને યોગ્ય છે. તે પદવીનું પ્રતિપાદન કરવા ઉત્સુક હોય તેવાઓ માટે આ યોગ્યતાઓ મેળવવી એ એક પ્રયત્ન છે.

હવે ક્ષત્રિયોના ચિહ્નો જોઈશું. પ્રત્યેક સાહસમાં નિપુણતા, વીરતા, હિંમ્મત, સાહસ, દુષ્ટોનાં દલન અને ગુણવાનના રક્ષણમાં તત્પરતા - આ સદગુણોવાળો ક્ષત્રિય હોવાનો દાવો કરી શકે. તેમણે તમામ કાર્યો તેવા વલણથી સ્વીકારવાં જોઈએ અને ઘરમાં સર્વ કંઈ શ્રેયસ્કર માટે લાયક નિયમો સ્થાપવા જોઈએ.

પછી છે વૈશ્યો, વ્યાપારના પ્રવાહો વ્યવસ્થિત અને ઉતાવળાં કરવા પ્રયત્નો કરવા જોઈએ અને રાષ્ટ્રોને એક પ્રજાસત્તાકમાં બાંધે તેવી વ્યવહારોની સાંકળો બનાવવી જોઈએ અને વિશ્વમાં વૈભવ વધે તેવું કરવું જોઇએ. આ તેઓનું કામ છે. લોકોમાં સંપ અતુટ અને ઘટ્યા વગરનો છે. એવી તેમણે ખાત્રી આપવી જોઈએ. તેઓએ યશને માટે પણ ભાવના રાખવી જોઈએ. (મહાન કાર્યો અને ઉમદા વિક્રમો માટે કીર્તિ) એટલે વશશ્ચ અને વર્ચશ્ચ (એટલે શિક્ષણ અને સ્વાથ્યના પ્રસારમાં સહાય કર્યાની પ્રખ્યાતી શાળાઓ દવાખાનાંઓ વિગેરે બંધાવ્યાની પ્રખ્યાતી) ની ભાવના રાખવી જોઈએ. સુયોગ્ય કાર્યોના વિકાસ માટે તેઓએ તેમની સંપત્તિ સમર્પણ કરવી જોઈએ. આવાં સાધનોથી સદ્દગુણ અને સરળતા સાંપડે છે.

હવે શુદ્રો સબંધી – તેમના વિચારો અને લક્ષણો. ધર્મમાર્ગથી આડા ચાલ્યા સિવાય તેઓએ કિંમતી વસ્તુઓ મેળવવી અને ભેગી કરવી જોઈએ. માનવ અસ્તિત્વ માટેની વસ્તુઓ પામવા હંમેશાં તત્પર અને તે માટે યત્નો કરતાં. મેળવેલી વસ્તુઓ બુદ્ધિશાળી રીતે ભેગા કરી રક્ષણ કરવું જોઇએ અને વધુ અને વધુ સર્વ સામાન્ય કલ્યાણ માટે મેળવવા મથવું જોઇએ. આ પ્રમાણે એકઠી કરેલી વસ્તુઓ અસલ વિદ્યાના ફેલાવા માટે અને સદગુણીઓના નિભાવ અને ટેકા માટે છૂટથી વાપરવી જોઈએ.

આ પ્રમાણે આ ચારેય પ્રકારોના માનવીય પ્રયાસોના સહકારભર્યા પ્રયાસથી, સંપતિ વધી જશે — અને અસંખ્યરૂપે - બનશે - અને માનવો સુખી થશે. ચારેય વર્ણોએ અનુભવવું જોઇએ કે લોકધર્મના નિર્વાહનાં સર્વોત્તમ ધ્યેયથી સમાજ વ્યવસ્થાની રચના ગોઠવાઈ છે. જો પ્રત્યેક વર્ણ પોતાની ફરજોને વળગી રહે વિશ્વકલ્યાણ નિશ્ચિત છે અને વધુ મહત્ત્વનું જે આત્મસુખ છે, તે મેળવવા પ્રત્યેક સમર્થ બનશે, તેથી ઉલટું યદિ બધા એવું ધારશે કે એક જ વર્ણ છે, ફરજો માટે

એક જ કાયદો છે, સર્વને માટે એકજ નિયમનો સમૂહ છે — વિશ્વનું કલ્યાણ અને નિર્ભયતા ભયમાં મૂકાશે.

યદિ બધા વેપારના ક્ષેત્રમાં પ્રવેશ કરે તો કોણ વેચવાનો માલ ખરીદશે અને વાપરશે ? યદિ બધા શિક્ષણ આપવા માંડશે તો શિક્ષણ લેશે કોણ અને તેનો અમલ કોણ કરશે ? યદિ બધા હુકમ કરશે તો આજ્ઞા પાળશે કોણ ? યદિ બધા મેળવે અને વધારે, તો તેમના પરશ્રિમથી પ્રાપ્ત થએલી વસ્તુ કોણ શોધતું આવશે ? પ્રત્યેક વ્યક્તિગત અને સામાજીક કર્મમાં, સત્ય અને ધર્મના વ્યવહાર દ્વારા, એવી વિવિધતાનું સર્જન કરવાનું છે, જે એકતામાં ફાળો આપે ભગવાને વર્ણોધર્મ પ્રમાણે જીવવાના માર્ગોનું નિર્માણ કર્યું છે.

એવું માનવામાં આવે છે કે વૃત્તિ. વર્ણનું અનુસરણ કરે છે અને ધંધો વર્ણ ઉપર આધાર રાખે છે. નહિ વૃત્તિના આધારે જ વર્ણોનાં તે મુજબ નામો પડેલાં છે. આજે નથી રહ્યા વર્ણો કે નથી વૃત્તિ. આજે એક ધંધો હોય તો કાલે બીજો — એક વર્ણ આજે તો બીજો કાલે —વિશ્વનું વાતાવરણ અશાંત થયું છે, અસંતોષનો ફેલાવો થયો છે, તેનું મૂળ કારણ જોશું તો જણાશે કે, આવી અસ્થિરતા જ કારણભૂત છે.

પ્રત્યેક ધંધામાં અને કામગીરીમાં અંદરની નીતિ ભરો સાથો સાથ સત્યને સતત વળગી રહો. ધૈર્યની સ્થિરતા ડગવા ન દેતાં એવું આચરણ કરો, પછી નિયત કરેલા ધંધાઓ મુજબ વર્ણ ફરજોનું પાલન કરો- એજ સર્વ સાર તત્વ છે - પરમ કલ્યાણ છે. યદિ આવું કરવાનું તમે ચૂકશો, તો મનુષ્યોના ભાગ્યમાં દુઃખ અને અતૂટ દારિદ્ર આવશે. શ્રીરામરક્ષા અને દુભિક્ષની લોકશિક્ષા આ બેમાંથી એકની પસંદગી કરવાની છે. એ શિક્ષામાંથી તમારી રક્ષા એ જ છે ધર્મ શિક્ષણ.

***----સમાપ્ત----***